પુષ્ટિમાર્ગીય ક્વિઝ

(પ્રશ્નાવલિ)



પ્રકાશક : આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ - ગુજરાત પ્રદેશ
સંપાદક : પ્રદ્યુમ્નભાઈ બ. શાસ્ત્રી

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
વિલક્ષણ પ્રવૃત્તિઓ

૧. વલ્લભગીતા (પાંચમી આ.)	રૂા. ૬૫/-
૨. પુષ્ટિ સ્વાધ્યાય	રૂા. ૫૫/-
૩. નિત્ય દર્શન-નિત્ય સ્મરણ	રૂા. ૬/-
૪. નિત્ય દર્શન-સ્મરણ-ચિતંન	રૂા. ૧૦/-
૫. પુષ્ટિમાર્ગીય ક્વિઝ	રૂા. ૩૦/-
૬. દર્શન ઘો મા શ્રી યમુનાજી	રૂા. ૨૫/-
૭. સેવા કિર્તન સુમન	રૂા. ૩૦/-
૬. કીર્તન સાહિત્ય :	
પુસ્તિકા-કેસેટ પ્રવેશિકા	રૂા. ૫૫/-
પુસ્તિકા-કેસેટ પ્રબોધ	રૂા. ૯૦/-
પુસ્તિકા-કેસેટ સુબોધ	રૂા. ૯૫/-
૭. કેલેન્ડર-શ્રીનાથજીબાવાના અલૌકિક ચિત્રજીવાળુ	રૂા. ૩૫/-
૮. વાર્ષિક ટીપ્પણી-પંચાંગ	રૂા. ૫/-

(કેલેન્ડર, ટીપ્પણી માટે આસો માસમાં સંપર્ક કરવો)

શ્રી વલ્લભ ગૌ શાળા - જતીપુરા

નિ.લી. પૂ. પ્રથમેશજીના સંકલ્પને સાકાર સ્વરુપ આપનાર, ૪૦ ગાયો માટેની સંપૂર્ણ સગવડ સાથેની ગૌ શાળા

પ્રભુને પ્યારી ગૌ માતાની સેવા માટે, કાયમી તિથિ યોજના અન્વયે કે અન્ય રીતે દાન આવકાર્ય. અહીં દૂધનો વિનિયોગ પ્રભુની સેવામાં અહર્નિશ થાય છે.

હવેલી સંગીત ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન

શ્રી ગુંસાઈજી ચેરીટેબલ ટ્રસ્ટ અને આં.પુ. વૈષ્ણવ પરિષદના સંયુકન ઉપક્રમે.

ઘેર બેઠાં શ્રી ઠાકોરજીની પ્રસન્નતા માટે હવેલી સંગીત શીખવાની સુંદર યોજના

કિર્તન પ્રવેશિકા ● કિર્તન પ્રબોધ
કિર્તન સુબોધ

કેસેટ તથા પુસ્તક મળશે. પરીક્ષા ઘેર બેઠા આપી શકાશે. સંપર્ક :-
શ્રી નિર્મલભાઈ દ્વારકાદાસ પરીખ મુંબઈ
ફો.નં. ૪૯૪૨૪૯૬ (ઓ)
૨૬૪૧૦૮૨ (રહે)

મધ્ય પ્રદેશમાં ઝાંબુઆ મુકામે ૧૯૮૨માં શ્રીવલ્લભ બાલ નિકેતનની સ્થાપના

આદિવાસી/વનવાસી બાળકો માટે નિઃશુલ્ક શિક્ષણની સુવિધા..

રૂા. ૭૫૦/- આપી બાળક દત્તક લઈ શકો છો.

પુસ્તક-નોટબુક-યુનીફોર્મ માટે પણ સહાય સ્વીકારવામાં આવે છે.

સંપર્ક : શ્રી મદનલાલજી નાગર, ઇંદોર.
ફોન નં. : ૪૩૩૪૦૫

સેવા સંપર્ક

અમદાવાદ :- શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ ફોન. ૫૬૨૬૪૫૭, ૬૫૮૯૮૩૭
મુંબઈ :- શ્રી મુકુન્દભાઈ આર. શાહ ફોન. ૪૯૪૩૦૫૮, ૨૦૫૨૭૪૫
હાલોલ :- શ્રી વી. પી. પરીખ ફોન. ૨૧૩૫૨, શ્રી સી.પી. તલાટી ફોન. ૨૦૫૫૪
આણંદ :- શ્રી ગોપાલભાઈ એસ. શાહ ફોન. ૫૪૮૬૩

આપ ચાહો તો ૮૦જીનો લાભ લઈ શકો છો.



પ્રકાશક : આં.પુ.વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશ

આવૃત્તિ : પ્રથમ આવૃત્તિ - ૪૦૦૦, વર્ષ ૧૯૯૯
બીજી આવૃત્તિ - ૪૦૦૦, વર્ષ ૧૯૯૯
ત્રીજી આવૃત્તિ - ૩૦૦૦, વર્ષ ૧૯૯૯
ચોથી આવૃત્તિ - ૪૦૦૦, વર્ષ ૨૦૦૦
પાંચમી આવૃત્તિ - ૨૦૦૦, વર્ષ ૨૦૦૧

પ્રકાશન સહાય : રૂા. ૩૦-૦૦

સંપાદક : શ્રી પ્રદ્યુમ્નભાઈ શાસ્ત્રીજી (વડોદરા)

સહસંપાદક : શ્રી ગોપાલભાઈ શં. શાહ (આણંદ)

મુદ્રક : ગુજરાત ઓફસેટ વર્કસ,
ઓફસેટ હાઉસ, વટવા,
અમદાવાદ. ફોન-૫૮૩૧૭૭૮

પુષ્ટિમાર્ગીય ક્વિઝ

(પ્રશ્નાવલી)

એકં શાસ્ત્રં દેવકી પુત્રગીતમ્
એકો દેવો દેવકી પુત્ર એવ ।
મત્રોડપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ
કર્માપ્યેકં તસ્ફ દેવસ્ય સેવા ॥

-: સંપાદક :-
પ્રદ્યુમ્નભાઈ બ. શાસ્ત્રી (વડોદરા)
-: સહસંપાદક :-
પ્રા. ગોપાલભાઈ શં. શાહ (આણંદ)

-: પ્રકાશક : -
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
-: ગુજરાત પ્રદેશ :-
શ્રી કૃષ્ણદાસ ચીમનલાલ પરીખ પરિષદ ભવન
(ઝવેરચંદર લક્ષ્મીચંદ)
અશોક વૉચની બાજુનો ખાંચો, મહાત્મા ગાંધી રોડ, વડોદરા.

પરિષદ સાહિત્ય પ્રાપ્તિ સ્થાન : (ફક્ત રૂબરૂ મેળવવા માટે જ)

(૧) અમદાવાદ : શ્રી ઈન્દ્રકાન્તભાઈ ત્રિ. પરીખ, નોબલ્સ. એ બિલ્ડીંગ ત્રીજે
માળ, નહેરુબ્રીજની સામે આશ્રમ રોડ, ફોન : (ઓ) ૬૫૮૯૮૩૭
(ઘર) ૫૬૨૬૪૫૭
● શ્રી વિજુભાઈ એમ. શાહ, શ્રી બાલકૃષ્ણની હવેલી, મણિનગર
ફોન : ૫૪૬૦૧૭૮
● શ્રી વલ્લભ સદન, આશ્રમ રોડ, અમદાવાદ - ૯. ફોન : ૬૫૮૮૭૩૯
(૨) વડોદરા : પૂ. પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી, ફોન : ૪૨૭૮૯૫
● પ. ભ. ચંદ્રિકાબહેન ચીમનલાલ શેઠ, બી/૧૬૨, શ્રેણિકપાર્ક સોસાયટી,
અકોટા સ્ટેડિયમ પાસે, વડોદરા-૨૦. ફોન : ૩૩૩૧૦૮
● શ્રી કૃષ્ણલાલ ચીમનલાલ, પરિષદ ભવન (ઝવેરચંદ લક્ષ્મીચંદ)
ફોન : ૪૧૬૧૧૯
(૩) હાલોલ : પ્રા. શ્રી વી. પી. પરીખ, ૧૫, સરદાર સોસાયટી, ફોન : ૨૧૩૫૨
● શ્રી સી. પી. તલાટી, ૮-બી, ગાયત્રી સોસાયટી, કંજરી રોડ, ફોન : ૨૦૫૫૪
(૪) મુંબઈ : શ્રી મુકુન્દભાઈ આર. શાહ, ૭૦, રણવીર મેન્શન પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૨. ફોન : (ઓ) ૨૦૫૨૭૪૫, ૨૦૫૪૯૩૦
● આં.પુ.વૈ.પ. કાર્યાલય, જી. ૨. સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ.
ફોન : ૨૦૧૮૨૫૪
● શ્રી દિનશા શાહ, ફોન : ૩૪૩૦૭૬૧, ૩૪૨૮૯૧૪
(૫) સુરત : શ્રી રમેશભાઈ એસ. શ્રોફ, ૨૧/ગિરિરાજ સોસાયટી નં. ૨, પન્ના
ટાવર પાસે, નવયુગ કોલેજ પાછળ રાંદેરરોડ સુરત - ૩૯૫૦૦૯
ફોન : ૭૯૧૮૪૦ (પી. પી.) તથા શ્રીમતી પ્રજ્ઞાબહેન દલાલ ફોન,
૭૭૬૨૭૫
(૬) આણંદ : પ્રા. ગોપાલભાઈ એસ. શાહ, ફોન : ૫૪૮૬૩
(૭) રાજકોટ : શ્રી મનસુખભાઈ માવજીભાઈ, બાલકૃષ્ણ હવેલી દરબાર ગઢ,
ફોન : (ઘર) ૨૨૪૨૫૨, ૨૨૫૮૧૯
(૮) નડિયાદ : શ્રી દિલીપભાઈ એમ. શાહ, ફોન : (ઘર) ૬૫૩૫૬
(૯) ગાંધીનગર : શ્રી ગુણવંતભાઈ શાહ, શ્રી ગોર્વધનનાથજી હવેલી,
સેકટર નં. ૨૧ પંચદેવ મંદિર સામે. ફોન : ૨૮૫૯૧/૨૦૪૨૮
(૧૦) પુષ્ટિ સાહિત્ય કેન્દ્ર (શ્રી મહાપ્રભુજીની બેઠક સંચાલીત) નરોડા,
અમદાવાદ- ૩૮૨૩૩૦. ફોન : ૨૮૧૩૪૪૪



ગો.વા. ચંદુલાલ કરસનદાસ મશરૂવાલા
ગો.વા. મંગળાગૌરી ચંદુલાલ મશરૂવાળા
અમદાવાદ


॥ પુષ્ટિ પ્રશ્નાવલી ॥
ચતુર્ભુજ
॥ પુષ્ટિ પ્રશ્નાવલી ॥
ગોવિંદ
॥ પુષ્ટિ પ્રશ્નાવલી ॥
દામોદર
॥ પુષ્ટિ પ્રશ્નાવલી ॥
સૂર

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

કેન્દ્રીય કારોબારી (૧૯૯૯-૨૦૦૨)

ક્રમ	હોદ્દો	નામ	ગામ	ફોન નંબર
૧	અધ્યક્ષ	શ્રી ઈન્દ્રકાન્ત ત્રિ. પરીખ	અમદાવાદ	૫૬૨૬૪૫૭
૨	કાર્યાધ્યક્ષ	શ્રી મુકુન્દભાઈ આર. શાહ	મુંબઈ	૪૯૪૩૦૫૮
૩	મહામંત્રી	પ્રા. વી. પી. પરીખ	હાલોલ	૨૧૩૫૨
૪	ઉપાધ્યક્ષ	શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી	વડોદરા	૪૨૭૮૯૫
૫	”	શ્રી મદનલાલજી નાગર	ઇંદોર	૪૩૩૪૦૫
૬	”	શ્રી શાંતિકુમાર કાપડિયા	મુંબઈ	૬૪૮૫૧૭૧
૭	”	શ્રી સુરેશ કોટેચા	લંડન	
૮	મંત્રી	શ્રી બટુકભાઈ શાહ	મુંબઈ	૨૦૫૧૨૩૪
૯	”	શ્રી સી. પી. તલાટી	હાલોલ	૨૦૫૫૪
૧૦	”	પ્રા. ગોપાલભાઈ શાહ	આણંદ	૫૪૮૬૩
૧૧	કોષાધ્યક્ષ	શ્રી પ્રદીપભાઈ ગાંધી	મુંબઈ	૩૬૩૩૩૬૧
૧૨	સહકોષાધ્યક્ષ	શ્રી રમણલાલ વી. શાહ	મુંબઈ	૫૧૨૪૫૮૮
૧૩	સભ્ય	શ્રી પી. હરિદાસ	મદ્રાસ	૬૪૧૩૨૨૨
૧૪	”	શ્રી પં. દ્વારકાંપ્રસાદ પાટોદિયાજી	કિશનગઢ	૪૬૮૦૦
૧૫	”	શ્રી પં. મદનલાલજી જોષી (શાસ્ત્રીજી)	મન્દસૌર	૪૪૪૪૬
૧૬	”	શ્રી પં. ધરણીધરજી શાસ્ત્રીજી	ઉદેપુર	૪૨૧૭૮૩
૧૭	”	શ્રી હસમુખભાઈ ખખ્ખર	રાજકોટ	૩૮૮૮૫૬
૧૮	”	શ્રી કિશન ઝવેરી	મુંબઈ	૫૧૧૩૭૭૮
૧૯	”	શ્રી વ્રજકિશોર કે. ઝાલાની	ઇંદોર	૪૩૩૪૬૧
૨૦	”	શ્રી નિર્મલ દ્વારકાદાસ	મુંબઈ	૩૬૨૦૯૫૪
૨૧	”	શ્રીમતી વીણાબહેન પરીખ	વડોદરા	૪૨૧૦૫૫
૨૨	”	પ્રા. રેખાબહેન સિંઘલ	ધાર	૩૨૬૩૪
૨૩	”	શ્રી ટાકુરદાસ મુંદડા	કલકત્તા	૫૩-૮૨૪૫
૨૪	”	શ્રી વેદપ્રકાશ પારાશાર	લખનૌ	
૨૫	”	શ્રી જયંતીભાઈ શાહ	કેનેડા	
૨૬	”	શ્રી સન્તુકભાઈ સોમૈયા	લંડન	
૨૭	”	શ્રી છબીલદાસ એમ. શાહ	હૈદ્રાબાદ	
૨૮	”	ડૉ. દાઉજી ગુપ્તા	લખનૌ	
૨૯	પૂર્વ અધ્યક્ષ	શ્રી વિઠ્ઠલદાસ કારાણી	મુંબઈ	૬૧૩૦૩૧૬
૩૦	”	શ્રી નટવરલાલ શાહ	મુંબઈ	૩૮૨૩૬૦૬
૩૧	”	શ્રી હરિદાસ દેવીદાસ માધવજી	મુંબઈ	૩૬૧૯૩૯૧
૩૨	પૂર્વ કાર્યાધ્યક્ષ	ડૉ. ગજાનન શર્મા	ઇંદોર	૪૧૦૦૮૭
૩૩	પૂર્વ મહામંત્રી/ ઉપાધ્યક્ષ	શ્રી કુંભનદાસ ઝાલાની	ઇંદોર	૪૩૩૪૬૧
૩૪	પૂર્વ મહામંત્રી	શ્રી ચંદ્રહાસ દલાલ	ખંડવા	૪૪૭૧૭૪

શ્રી દ્વારકેશો જયતિ



ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ
(શુ તૃ ગૃહાધિપતિ)
કાંકરોલી

સ્થળ : વડોદરા.
તારીખ : ૧૨/૫/૧૯૯૯.
પત્ર નં. :

પ્રમુખશ્રી,
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ,
ગુજરાત પ્રદેશ,

આ જાણીને અત્યંત પ્રસન્નતા થાય છે કે વડોદરા શહેરની કારેલીબાગ શાખાના ઉપક્રમ યોજેલ ''પુષ્ટિમાર્ગીય ક્વિઝ''ના પ્રશ્નો અને તેના જવાબોનો સુંદર સંકલિત ગ્રંથ પ્રકાશિત કરવા આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ-ગુજરાત પ્રદેશ ઉત્સુક છે. સદર ગ્રંથના વાંચનનો લાભ લઈ, વૈષ્ણવ જન સાંપ્રદાયિક વિવિધ પ્રકારની જાણકારી મેળવવામાં સક્ષમ બનશે જે પરિષદ માટે ગૌરવની વાત છે.

સદર ગ્રંથના પ્રકાશન માટે શ્રી...... પ્રભુ અને જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પરમ અનુગ્રહ પરિષદને પ્રાપ્ત થાય એ જ મંગલકામના સહ અમારા શુભાશીર્વાદ છે.

ભવદીય.

(ગોસ્વામી વ્રજેશકુમાર)

Shri Bethak Mandir
Kevda Baug, Jayratna Bldg., Baroda - 390 001.
Tel : (0265) 434955

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

પરિષદની પ્રવૃત્તિઓ - ઊડતી નજરે

સ્થાપના : ૧૯૦૬ પ્રારંભ
૧૯૫૬ - અખિલ ભારતીય સ્વરૂપ
૧૯૮૧ - આંતરરાષ્ટ્રીય સ્વરૂપ

ઉપદેશ :

- મહાપ્રભુજીને શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગનો પ્રચાર પ્રસાર,સરંક્ષણ અને સંવર્ધન
- વૈષ્ણવ સમાજને એક નેજા હેઠળ સંગઠિત કરવો.
- સંત્સગ, સ્વાધ્યાય, ધર્મ સંસ્કાર અને સેવા શિબિરો, કીર્તન શિબિરોની પ્રવૃત્તિઓ ગતિમાન કરવી.
- માનવ સેવા, જીવસેવાના કલ્યાણમય કાર્યો કરવા.
- વૈષ્ણવ જગત સામેના પડકારોનો સંગઠિત અવાજ રજૂ કરવો.

પ્રવૃત્તિઓ :

સત્સંગ-સ્વાધ્યાય	● પ્રત્યેક શાળખામાં **સત્સંગ-સ્વાધ્યાય** વાર્તા સપ્તાહ, ભાગવત સપ્તાહ, માર્ગીય સિદ્ધાંતોની વ્યાખ્યાન શ્રેણીના સમયાન્તરે આયોજનો.
માર્ગીય સાહિત્ય	● અત્યાર સુધીમાં ૨૬ જેટલાં માર્ગીય સાહિત્ય પ્રકાશનો વૈષ્ણવી સૃષ્ટિને અર્પણ. પુષ્ટિ સ્વાધ્યાય, વલ્લભગીતા, નિત્ય દર્શન સ્મરણ અને ચિંતન પુસ્તિકાઓ માટે વૈષ્ણવોનો અનેરો પ્રતિભાવ. દર્શન દ્યો મા શ્રીયમુનાજી અને સેવા કીર્તન સુમન પુસ્તકોનું વિમોચન. કુલ ૭૫ લાખ રૂ.ના પ્રકાશનો, કીર્તન કેસેટો તથા કેલેન્ડર પ્રકાશનનો અભિનવ પ્રયોગ.
જીવસેવા માનવસેવા	● જીવ-સેવા, માનવસેવામાં કાર્યો માટે - દુષ્કાળ, રેલ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપમાં રૂા. ૧કરોડ કરતાં પણ વધુ રકમની સહાય.
સ્ટીકર્સ અભિયાન	● **'પ્રેમસે બોલો જયશ્રીકૃષ્ણ'**, **'શ્રીકૃષ્ણઃ શરણંમમ'** નાં દર્શનીય **સ્ટીકર્સ અભિયાન** દ્વારા પ્રત્યેક વૈષ્ણવનો સંપર્ક.
કેન્દ્રિય પ્રકલ્પો તથા અન્ય સત્સંગ ભવનો	● મણીનગરમાં મહિલા ઉદ્યોગ ભવન, કેવડિયા કોલોની ખાતે સત્સંગ હોલ, જુનાગઢ-બીલખામાં, બાલમંદિર, રાજકોટમાં સંકીર્તન

|| SHREE BALKRISHNO VIJAYATE ||
|| SHREE HARIDAASVARYA ||
SHREE GIRIRAH GOVARDHANAAYA NAMAH ||

GOSWAMI INDIRABETIJI

વડોદરા
તા. ૨૬/૫/૯૯

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં તત્ત્વાવધાનમાં “પુષ્ટિમાર્ગીય ક્વિઝ” (પ્રશ્નોત્તરી) નામનો ગ્રંથ છપાઈ રહ્યો છે જાણી ખૂબ આનંદ થયો.

ગુજરાત પ્રદેશ તરફથી આ ગ્રંથનું સંપાદન થયું છે કારેલીબાગ શાખા દ્વારા બે વર્ષ પહેલાં “ક્વિઝ”ના કાર્યક્રમનું આયોજન થયું હતું. એજ પ્રશ્નોત્તરી ગ્રંથાકારે પ્રકાશિત થઈ રહી છે એ યુવાવર્ગ માટે ખૂબ આકર્ષક અને આવકારદાયક કાર્ય છે.

પરિષદ દ્વારા વૈષ્ણવ જગતને ધર્માભિમુખ કરવા માટે ઘણા નવા નવા, આધુનિક અભિગમો અપનાવવામાં આવી રહ્યા છે. એમાં ગુજરાત પ્રદેશ શાખાનાં સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠનો બહુ મોટો ફાળો છે.

પરિષદ દ્વારા ધર્મપ્રચારના આવા કાર્યક્રમો થતા રહે એ પ્રભુનાં શ્રીચરણોમાં પ્રાર્થના.

લિ.

ગોસ્વામી ઈન્દિરા બેટીજી

Shree Giriraaj Bhavan, Bavamadhi's khancha,
Desai Sheri, Ghadiali Pole, Baroda - 390 001.
Ph. 431352. Fax : (0265) 424153

ભવન-ઋષિકુળ, થાનગઢમાં વલ્લભાશ્રય, ભૌરામાં વેદમંદિર, જતીપુરામાં શ્રીવલ્લભ ગૌ શાળા, જાંબુઆ-મધ્ય પ્રદેશમાં આદિવાસી/વનવાસી બાળકો માટે નિઃશુલ્ક સ્કુલ-જેવા પ્રોજેક્ટો માટે ૩૦ લાખ કરતા વધુ રકમની આર્થિક સહાય.

શ્રી વલ્લભ વક્તૃત્વ-નિબંધ સ્પર્ધા	● ગુજરાતમાં આ સ્પર્ધાનો હવે દસમાં વર્ષમાં પ્રવેશ પૂ.ગો. આચાર્યશ્રીના આર્શીવાદ અને સહયોગ, વૈષ્ણવી સૃષ્ટિનો આત્મીયતા પૂર્વક પ્રતિસાદ, ઉચ્ચતમ ગુણવત્તાસભર સ્પર્ધા. આંતરરાજ્ય સ્પર્ધા માટેનું પણ આયોજન.
સ્વાગત બોર્ડ	● પ્રત્યેક ગામના પ્રવેશ દ્વારે પરિષદનું સ્વાગત બોર્ડ મૂકવાની યોજના છે.
ભક્તિવર્ધિની દ્વારા પ્રવાસ	● પૂ.ગો.સ્વામી આચાર્યશ્રીઓ/વિદ્વાનશાસ્ત્રીજીઓ/તજજ્ઞો સાથે પ્રત્યેક શાખા/કાર્યકરોની મુલાકાત-લાખો કી.મી. ની ભક્તિ યાત્રા.
જન્મદિન નિમિત્તે આશીર્વાદ પત્ર	● આજીવન સભ્યો, વા.સ.આ. નિધીના સભ્યોને પૂ.ગો. સ્વામી આચાર્યશ્રીનો આશીર્વાદ પત્ર, પ્રસાદી કુમકુમ સાથે જન્મદિન વધાઈ નિમિત્તે મોકલવાની વ્યવસ્થા.
પરિષદ ભવનની પ્રવૃત્તિઓ	● શ્રીકૃષ્ણદાસ ચીમનલાલ પરીખ (ઝવેરચંદ લક્ષ્મીચંદવાળા)ના નામ સાથે શ્રી અશોકભાઈ કૃષ્ણદાસ ચીમનલાલ પરીખ દ્વારા આ પરિષદ ભવન પ્રાપ્ત બન્યું. પુસ્તકાલય, સત્સંગ, હોમિયોપેથિક એક્યુપ્રેશર દ્વારા સારવાર, પુષ્ટિમાર્ગીય સાહિત્ય વિતરણ જેવી અનેક વિધ સેવાઓ ઉપલબ્ધ.
સંગઠનાત્મક પ્રવૃત્તિઓ	● પ્રાંતીય મીટીંગોના સમયાન્તરે આયોજનો, જીલ્લાસ્તરે, વૈષ્ણવ જાગૃત્તિ સંમેલનો, ૧૯૯૫માં વડોદરામાં અને ૧૯૯૮માં નડિયાદ મુકામે પરિષદનાં ગુજરાતસ્તરનાં ખૂબજ સફળ વિરાટ મહા અધિવશનો.
શ્રી વલ્લભ વિઠ્ઠલની પેઢી	● હરિ, ગુરુ અને વૈષ્ણવોની સેવા કરવા તેમજ સંપ્રદાયના માધ્યમથી સમાજના કાર્ય કરવા કટિબંધ.

II Shri Hari II

II Shri Dwaresho Jayati II



Goswami Vagishkumarji
(Kankroli)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
(ગુજરાત પ્રદેશ)

આપના દ્વારા પુષ્ટિમાર્ગીય ક્વિઝનો ગ્રંથ પ્રકાશિત કરવાનું નક્કી થયેલ જાણી મનમાં અતિ આનંદની અનુભૂતિ થઈ વૈષ્ણવ પરિષદનાં વિવિધ પાસાઓમાં નૂતન નવીન આ ક્વિઝ પ્રોગ્રામ આવનારી પેઢી માટે એક નવો અભિગમ સિદ્ધ થશે. સમાજની વિચાર ધારા પ્રતિદિન નવા નવા અભિગમોને આત્મસાત્ કરતી રહે છે એજ પરંપરામાં વૈષ્ણવપરિષદનું આ મહત્ત્વપૂર્ણ કાર્ય સંપ્રદાયમાં લોકપ્રિયતા કેળવશે. જુવાન મિત્રો પ્રયોજન વગર કોઈપણ કાર્યમાં જોડાય એવૂં લાગતું નથી પરંતુ આ ઉત્તમ કાર્યમાં સંપૂર્ણ વૈષ્ણવ યુવા જગત આ કાર્યને બિરદાવે એજ મંગલ કામના સહ.

ભવદીય

ગો.વાગીશ કુમાર

કાંકરોલી

Shri Bethak Mandir
Kevda Baug, Jayratna Bldg., Baroda- 390 001.
Tel : (0265) 434955, 435543

શ્રી વલ્લભાચાર્યજીના જીવન-કવન આધારતિ પાઠ અભ્યાસક્રમમાં	●	અઘટિત ટીકાત્મક પાઠ અભ્યાસક્રમમાંથી રદ કરાવ્યા પછી શ્રી મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજીના જીવન-કવન આધારિત પાઠ ધોરણ ૧૧ના પુસ્તકમાં દાખલ કરાવવામાં મળેલ સફળતા.
ધર્મ સંસ્કાર શિબિર	●	પ્રારૂપ (Blue Print) તૈયાર Corpus fund નિર્માણ માટે મનોરથી પ્રાપ્ત કરવાની દિશામાં હકારાત્મક પ્રતિભાવ. આ સંદર્ભમાં હાલોલ ખાતે પુષ્ટિમાર્ગીય વિદ્વાનો અને તજજ્ઞો દ્વારા દ્વિદિવસીય ધર્મસંસ્કાર શિબિરનો સફળ પ્રયોગ આવી ૮૪ શિબિરોનો સંકલ્પ.
સાહિત્ય પ્રકાશન	●	પરિષદ દ્વારા તાજેતરમાં 'દર્શન દ્યો મા શ્રી યમુનાજી'નું વિમોચન તથા નિઝામપુરા શાખા દ્વારા સેવા કિર્તન સુમન પુસ્તકનું પ્રકાશન

ભૂકંપ ગ્રસ્તોની વહારે પરિષદ :

પ્રકૃતિના પ્રલયકારી પ્રકંપનો ભોગ બનેલા નિરાધાર હતભાગી માનવો શ્રેયાર્થે આર્થિક સહયોગની અપીલ-આશાસ્પદ પ્રતિભાવ. આ નિમિત્તે પૂ. પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી સાથે સંગઠન મંત્રીશ્રી સી.પી.તલાટીનો વડોદરા જીલ્લાનો પ્રચાર-પ્રવાસ-વડોદરાની પ્રત્યેક શાખામાં મંત્રીશ્રી/સંગઠનમંત્રીનું વ્યક્તિગત સંપર્ક અભિયાન.

- ભૂકંપગ્રસ્ત વિસ્તારો- કચ્છ, ભુજ, રાપર, ભચાઉ વગેરે સ્થળોની પરિષદના પદાધિકારીઓની સર્વેક્ષણ મુલાકાત. ધાબળા, દવા જીવન જરૂરીયાતની વસ્તુઓનું વિતરણ.
- હરિશરણ થયેલા હતભાગી મૃતાત્માઓની ચિર શાંતિ માટે કૃષ્ણાશ્રયના ૨૫ લાખ સામૂહિક પાઠ મૃતાત્માઓની પાવન સ્મૃતિમાં સમર્પિત.
- મૃતાત્માઓની સદ્ગતિ માટે પરિષદના ઉપક્રમે રાજપીપળા શાખા દ્વારા પૂ. પ્રદ્યુમ્ન શાસ્ત્રીજીની ભાગવત કથાનું ભવ્ય આયોજન.

શ્રી હરિ



ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજી મહારાજ
'ષષ્ઠપીઠ'
શ્રી કલ્યાણરાયજી મંદિર,
શેઠ શેરી, બાજવાડા,
વડોદરા - ૩૯૦૦૦૧.
ફોન : ૪૨૩૩૨૨

આં. રા. પુ. વૈ. પરિષદ (ગુજરાત પ્રદેશ)
સસ્નેહ શુભાશિષ,

આપના દ્વારા પ્રેરિત પત્ર પ્રાપ્ત થયો. જેના દ્વારા આં.રા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ - ગુજરાત પ્રદેશ. દ્વારા **"પુષ્ટિમાર્ગીય ક્વિઝ"** નામભિધાન ગ્રંથ પ્રકાશન થવા જઈ રહ્યું છે એ જાણીને અત્યંન્ત આનંદ થયો. આજના યુગમાં ક્વિઝ જેવા નૂતન આયોજનો દ્વારા વર્તમાન પ્રચાર પદ્ધતિને આધુનિક શૈલીથી આત્મસાત્ કરી શકાશે અને સવિશેષ પ્રસન્નતા તો એ બાતની છે કે આવા સુન્દર આયોજનને ચિરકાલ સુધી આયુષ્યમંત બનાવા માટે ગ્રંથસ્થ કરવામાં આવી રહ્યું છે. પુષ્ટિ પ્રચાર પદ્ધતિમાં યુવકોને પ્રોત્સાહિત કરવા આવા નવા અભિગમો પરમ આવશ્યક છે.

આપનાઆ ખૂબ જ સુંદર પ્રયત્નની સફલતાની કામના તથા આપનું આ પ્રકાશન યુવા ધન માટે ખૂબ જ ઉપયોગી બને એવી અંતરની શુભેચ્છાઓ શ્રી કલ્યાણરાય પ્રભુના યુગલ ચરણોમાં પ્રાર્થી વિરમું.

ભવદીય
ગો. દ્વારકેશલાલજી

- આ નિમિત્તે એકત્રિત થયેલા રૂા. ૭૫૦૦૧/-ના ચેક નો શાખાના પ્રમુખશ્રી મહેન્દ્રકાંતભાઈ મંત્રીશ્રી ચંદ્રવદનભાઈ પરીખ ની ઉપસ્થિતિમાં પૂ.ગો.૧૦૮શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પૂ. શાસ્ત્રીજી મંત્રીશ્રી વી.પી. પરીખ, સંગઠનમંત્રીશ્રી સી.પી. તલાટી, કોષાધ્યક્ષશ્રી ગોપાલભાઈ શાહને અર્પણ વિધિ.

પ્રાંતની મીટીંગ : પ્રતિ ત્રણ માસે યોજાતી પ્રદેશની કારોબારી અને સક્રિય કાર્યોકરોની સંયુક્ત મીટીંગની પરંપરામાં ૮મી એપ્રીલે મણિનગરની મહિલાશાખાના આમંત્રણથી કારોબારી સભાનું સુંદર આયોજન. પૂ.ગો.૧૦૮ ડૉ. વાગીશકુમારજી મહોદયશ્રી, પૂ.ગો.૧૦શ્રી કુંજેશ બાવાશ્રી અને પૂ. ૧૦૮શ્રી કાલિન્દી બેટીજીની પાવન પ્રેરક ઉપસ્થિતિ.

પરિષદ આપણી છે, હું પરિષદનો છું.

એ ભાવના બળવત્તર બને એ આપણા સૌનું કર્તવ્ય છે.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના
સભ્ય બની સંગઠનને મજબૂત બનાવીએ

સંરક્ષણ સભ્ય : રૂા. ૫૦૦૧/- આજીવન : રૂા. ૫૦૧/-
વાર્ષિક સદસ્ય આર્થિક નિધિ : ૫૧ + ૫ = ૫૬
પારિવારિક : ૨૫/(વાર્ષિક) વ્યક્તિગત : રૂા. ૫ (વાર્ષિક)

આજીવન સદસ્યોને જન્મદિન નિમિત્તે પરિષદ દ્વારા પૂ. ગો. આચાર્યશ્રીના મંગલ આશીર્વાદ પાઠવવાની સુચારુ વ્યવસ્થા છે.

વિશેષ જાણકારી માટે સંપર્ક સ્થળ :- શ્રી મનોજભાઈ શાહ - સંયોજક આશીર્વાદ પત્ર
વડોદરા :- ફોન નં. ૫૧૩૧૬૨ (ઘર)
શ્રી કૃષ્ણદાસ ચીમનલાલ પરીખ પરિષદ ભવન
શામળ બેચરની પોળ, અશોક વોચની બાજુનો ખાચો, મહાત્મા ગાંધી રોડ, વડોદરા.



॥ શ્રી હરિઃ ॥

આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ

શ્રી કૃષ્ણદાસ ચીમનલાલ પરીખ - પરિષદભવન

(ઝવેરચંદ લક્ષ્મીચંદ)
અશોક વૉચ કંપનની બાજુનો ખાંચો
મહાત્માગાંધી રોડ, વડોદરા.
ફોન - ૪૧૬૧૧૯

- **એક્યુપ્રેસર** - સારવાર શિબિર આયોજન
- **હોમીયોપેથીક નિદાન સારવાર**
- **આરોગ્ય ઉકાળા કેન્દ્ર**
- શ્રી રસિકભાઈ શાહ તથા શ્રી રશ્મિબહેન ઠાકોર
- **સત્સંગ - સ્વાધ્યાય કેન્દ્ર**
- **પરિષદ સાહિત્ય વેચાણ તથા સંપર્ક સ્થાન**
- **પુસ્તકાલય - વાચનાલય**

આશીર્વાદ પત્ર મોકલવાની વ્યવસ્થા કેન્દ્ર

સમય - સાંજના ૫ થી ૭

કાર્યાલય પ્રબંધક

શ્રી વામનભાઈ પટેલ ફોન નં. (ઘર) ૬૪૦૭૭૧
શ્રી મનોજભાઈ શાહ ફોન નં. (ઘર) ૫૧૩૧૬૨
શ્રી રસિકભાઈ શાહ ફોન નં. ૪૧૬૧૧૯

॥ શ્રી હરિ:॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવપરિષદ

: ગુજરાત પ્રદેશ :


સૌનું હાર્દિક સ્વાગત કરે છે.

આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ તરફથી પ્રકાશિત ‘‘પુષ્ટિમાર્ગીય ક્વિઝ’’ પ્રશ્નાવલી ગ્રંથનું વિમોચન કરી રહેલા પૂ. પાદ ગો. શ્રી ઈન્દિરાબેટીજી મહોદયા, પૂ. પાદ ગો. શ્રી યોગેશકુમારજી મહોદય અને વૈષ્ણવ પરિષદના અગ્રણીઓ દશ્યમાન.

કિયો સબ હરિ કો હોય ।
રે મન, કર્યો આપનો માનિ, દુઃખ હરિ હોય ॥
હરિ સદા સ્વતંત્ર, સબનકો કરત કલ્યાન ।
બિન માઁગે દેત ભક્ત કો, વૃથા કરત તૂં માન ॥
દુઃખ આવે બિલખ નહીં, ધર ધીરજ ધ્યાન ।
રાખી ભરોસો રાધાવરકો, યે હી આશ્રયધામ ॥
અપનો દુઃખ જાને નહિ, ઔરનસોં કરે ઉપકાર ।
''દાસ'' વલ્લભકી ધન્ય ધન્ય વૈષ્ણવ અવતાર ॥

દર વર્ષની જેમ પગપાળા **''શ્રીનાથજી પદ યાત્રા''** કપડવંજ થી લાભ પાંચમના દિવસે ઉપડશે.

: વિગતે માહિતી માટે સંપર્ક :

શ્રી દિનેશભાઈ બી શાહ (કપડવંજવાળા)

૨૧, પ્રથમ માળ, ૩૮, બીબીજાન સ્ટ્રીટ, નાગદેવી, મુંબઈ - ૪૦૦૦૦૩
ફોન ઓફિસ - ૩૪૦૦૭૬૧, ૩૪૨૮૯૧૯
ઘર - ૮૧૪૩૮૨૯

મુંબઈમાં પરિષદ પ્રકાશિત સાહિત્ય મેળવવા માટે પણ સંપર્ક સ્થાન.

॥ શ્રી હરિ: ॥

સત્કાર્યની પુષ્ટિ



પુષ્ટિમાં પરમ સંતુષ્ટિ એ છે કે ભગવત્ કૃપાથી કૃતાર્થ થવાય છે. સદ્વિચાર સદાચાર અને સેવાના ભાવ એ તો ભગવાનની કૃપાનો વૈભવ છે. લૌકિક વૈભવ વિલાસ એ પછી વિષાદના ભાવ લોપ પણ કૃષ્ણ કૃપાનો વૈભવ તો પરમાનંદના ભાવ આપે છે.

સદ્વિચાર સ્વધર્મના પરિશીલનથી આવે છે. સદાચાર એ સદ્વિચારનુ સાકાર સ્વરૂપ છે. સદાચાર અને સદ્વિચારથી વિશુદ્ધિ સંપાદન કરેલા જીવનની પરમ સિદ્ધિ અને અલૌકિક સમૃદ્ધિ એ સેવાના સર્વોતતમ ભાવ છે.

કલિના કલુષિત પ્રબલ પ્રવાહમાં તણાતા ને સ્વધર્મ સ્વકર્મ અને સેવામાં અભિમુખ કરવા વૈષ્ણવ સમાજનું સક્રિય સંગઠન સાધવા, આચાર્ય ચરણોના આશીર્વાદ અને પ્રેરણાથી, વિદ્વાનોની શુભનિષ્ઠાથી અને વૈષ્ણવ સમાજની સહકારની ભાવનાના પરિણામે ઈ.સ. ૧૯૦૬ના વડોદરાના આંગણે વૈષ્ણવ પરિષદની સ્થાપના થઈ. ભારતના ખૂણે ખૂણે પરિષદના અધિવેશન અને કાર્યક્ષેત્રના વિસ્તૃતિકરણે અખિલ ભારતીય વૈષ્ણવ પરિષદ નામે કાર્યશીલ બની. ત્યારબાદ પરમ વંદનીય આચાર્યવર્યો એમાં પણ ખાસ પરમ વંદનીય પૂ.પા.ગો.શ્રી ૧૦૮ શ્રી રણછોડાચાર્યજી પ્રથમેશજીના પ્રબલ પ્રોત્સાહન અને અનુગ્રહથી પરિષદ આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું નામ પામી પોતાની અનેક શાખાઓ દ્વારા વિસ્તૃત સ્વરૂપ ધારણ કરી અનેકવિધ ક્ષેત્રે અવિરત કાર્યરત બની છે.

પરિષદના કાર્યક્ષેત્રોમાનું એક પાવન ક્ષેત્ર ધર્મસંસ્કાર શિખરના આયોજનનું સદા આદરણીય રહ્યું છે. એના ઉપલક્ષ્યમાં પરિષદની વડોદરાની કારેલીબાગ શાળાના ઉત્સાહી કાર્યકર્તા દ્વારા પુષ્ટિમાર્ગીય ક્વિઝ(પ્રશ્નોત્તરી)નો કાર્યક્રમ યોજવામાં આવ્યો જે ખૂબજ સફળ રહ્યો. જેની કેસેટ પ્રચાર પ્રસાર માટે તૈયાર કરવામાં આવી છે.

આ કાર્યક્રમને વડોદરામાં બિરાજતાં પૂ. શ્રી વલ્લભકુળનો, વિદ્વાનોનો અને વૈષ્ણવોનો અપૂર્વ સર્વવિધ સહકાર મળ્યો. પરમ વંદનીય પ.પૂ.ગો. શ્રી ઈન્દિરાબેટીજી મહોદયા પરમ વંદનીય પૂ.પા.ગો. શ્રી વાગીશકુમારજી મહોદય પરમ વંદનીય પૂ.પા.ગો.શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી આ કાર્યક્રમમાં પોતાનાં આશીર્વચનોથી સર્વને અનુગ્રહિત કર્યા હતા, અને કાર્યક્રમની દિવ્યતાની અનુભૂતિ કરાવી હતી. કાર્યકર્તાઓના ઉત્સાહને ધન્ય બનાવ્યો હતો.

આ પુષ્ટિમાર્ગીય ક્વિઝ(પ્રશ્નોત્તર)નું સંકલન સર્વના ઘર ઘર સુધી પહોંચે એ આવશ્યક છે એવી સમાજની ભાવનાને સ્વીકારી પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા આ પુસ્તક પ્રકાશન પામ્યું. આ કાર્યમાં જે જે મહાનુભાવોએ તન મન વચન અને આશીર્વચનથી સહકાર આપ્યો છે. એ સર્વ પ્રભુના કૃપા પાત્ર ધન્ય અને વન્દ્ય છે.

મારા સતત પ્રવાસ અને પુસ્તક પ્રકાશનની શીઘ્રતાના પરિણામે પ્રથમ આવૃત્તિમાં સંપાદકનું પુરોવચન મુદ્રિત થઈ શક્યું ન હતું જે ક્ષન્તવ્ય છે.

સાવધાની રાખવા છતાંય મુદ્રણમાં અને પ્રકાશનમાં પ્રમાદવશ દોષ રહ્યા હોય તો સહૃદયભાવે સૂચિત કરવા કૃપા કરશો જેથી પુન: પ્રકાશનમાં દોષ નિવારણ કરી શકાય.

પુન: સર્વના સહકારનો આનંદ અભિવ્યક્ત કરી આ પુન: પ્રકાશનનું ગ્રન્થ પુણ્ય પ્રભુના ચરણોમાં સમર્પિત કરી વિરમું.

ભવદીય

પ્રદ્યુમ્ન બ. શાસ્ત્રી (સંપાદક)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ

કારોબારી સમિતિ (૧૯૯૯-૨૦૦૨)

ક્રમ	હોદો	નામ	ગામ	ફોન નંબર
૧	પ્રમુખ	શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ પરીખ	અમદાવાદ	૫૬૨૬૪૫૭
૨	કાર્યકારી અધ્યક્ષ	શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી	વડોદરા	૪૨૭૮૯૫
૩	ઉપપ્રમુખ	શ્રી યોગેશ શાસ્ત્રીજી	અમદાવાદ	૬૬૪૩૦૫૯
૪	,,	શ્રી પ્રહલાદભાઈ ખમાર	પાટણ	૩૦૮૫૫
૫	,,	શ્રી રમેશભાઈ હિ. શ્રોફ	સુરત	૭૯૧૮૪૦
૬	,,	શ્રી મુકુન્દભાઈ પટેલ	વડોદરા	
૭	,,	શ્રી ડાહ્યાલાલ કસ્તુરચંદ કંસારા	રાજકોટ	
૮	મંત્રી	શ્રી પ્રા. વી. પી. પરીખ	હાલોલ	૨૧૩૫૨
૯	સંગઠનમંત્રી	શ્રી સી. પી. તલાટી	હાલોલ	૨૦૫૫૪
૧૦	સહમંત્રી	શ્રીમતી પ્રજ્ઞાબહેન દલાલ	સુરત	૭૭૬૨૭૫
૧૧	,,	શ્રીમતી દક્ષાબહેન એન. પટેલ	આણંદ	૫૬૩૫૯
૧૨	,,	શ્રી અશ્વિનભાઈ દેસાઈ	અમદાવાદ	૬૪૪૯૯૮૨
૧૩	,,	શ્રી હરેન્દ્ર શેઠ	દાહોદ	૨૨૫૩૪
૧૪	પ્રચારમંત્રી	શ્રી કે. એન. શાહ	હાલોલ	૨૧૦૩૦
૧૫	કોષાધ્યક્ષ	પ્રા. ગોપાલભાઈ શાહ	આણંદ	૫૪૮૬૩
૧૬	સભ્ય	શ્રી હસમુખભાઈ ખખ્ખર	રાજકોટ	
૧૭	,,	પ્રા. વીણાબહેન શેઠ	અમદાવાદ	૫૩૯૦૫૦૯
૧૮	,,	શ્રીમતી વીણાબહેન પરીખ	વડોદરા	૪૨૧૦૫૫
૧૯	,,	શ્રીમતી ભારતીબહેન પટેલ	નડિયાદ	૬૧૦૬૩
૨૦	,,	પ્રા. ભગવતપ્રસાદ પંડ્યા	વડોદરા	૪૪૯૧૭૧
૨૧	,,	શ્રી જીતુભાઈ પરીખ	વડોદરા	૩૮૦૩૩૩
૨૨	,,	શ્રી રજનીકાન્ત ઓ. પરીખ	બોડેલી	
૨૩	,,	શ્રી રમણભાઈ એમ. શાહ	ડભોઈ	૫૪૭૨૨
૨૪	,,	શ્રી દિલીપભાઈ એમ. શાહ	નડિયાદ	૬૫૩૫૬
૨૫	,,	શ્રી પ્રા. ચંદ્રવદન એસ. પરીખ	રાજપીપળા	૨૧૮૦૨
૨૬	,,	શ્રી રસીકભાઈ આર. કાવઠિયા	મોડાસા	
૨૭	,,	શ્રી છગનભાઈ માવાણી	ધોરાજી	
૨૮	,,	શ્રી માધવદાસ જી. સચદેવ	થાનગઢ	

॥ શ્રી હરિઃ ॥

શ્રી ઈન્દ્રકાન્ત ત્રિ. પરીખ
અમદાવાદ

આત્મીયતાના ઓવારેથી.....

પ્રભુની પરમ કૃપાના અમી વર્ષણથી પુષ્ટિમાર્ગના પ્રચાર પ્રસાર અને સંગઠન માટે કાર્ય કરતી આપણી આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદે પંચાણુ વર્ષ પૂર્ણ કર્યાં અને કાર્યક્ષેત્રનું અપૂર્વ વિસ્તૃતીકરણ થતું રહ્યું છે. મને એનો ખૂબ જ આનંદ છે. ગુજરાત પ્રદેશમાં પરિષદને ઉત્સાહભર્યા કાર્યકર્તાઓ મળ્યા છે. જે પૂર્ણનિષ્ઠાથી પરિષદની જ્યોતને પ્રજ્વલિત કરી રહ્યા છે.

વડોદરા કારેલીબાગ શાખાના ઉપક્રમે પુષ્ટિમાર્ગીય ક્વિઝ(પ્રશ્નોત્તરી)નો અતિ સુંદર કાર્યક્રમ યોજાયો હતો. પ્રચાર પ્રસારના વર્તમાન પરિજનપ્રેક્ષ્યમાં સાંપ્રદાયિક પ્રચાર પ્રસારનો આ નૂતન અભિગમ હતો, પણ વંદનીય શ્રી વલ્લભકુળ આદરણીય વિદ્વદ્‌ગણ અને આત્મીય વૈષ્ણવજનોના અપૂર્વ સહકારથી ક્વિઝનું આયોજન પરિપૂર્ણ બન્યું. આ આયોજનમાં ભાગ લેનાર સહકાર આપનાર અને સંયોજન કરનાર સર્વ કોઈ અભિનન્દનીય છે.

આ અવસરે સુવર્ણમાં સુગન્ધ સમાન કૃપા કરી પધારેલા પરમ વંદનીય પૂ. પા. ગો. શ્રી ઈન્દિરાબેટીજી મહોદયા, પરમવંદનીય પૂ.પા.ગો. ડૉ. શ્રી વાગીશકુમારજી મહોદય, પરમ વંદનીય પૂ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીએ આશીર્વચનનાં અમીવર્ષણથી પરિષદને ધન્ય કરી હતી અને સર્વ સુમંગલ બન્યું.

પુષ્ટિમાર્ગીય ક્વિઝ(પ્રશ્નોત્તરી) પુસ્તકની આ પાંચમી આવૃત્તિનું ટૂંક સમયમાંજ પ્રકાશન થઈ રહ્યું છે જે આપના સમક્ષ મૂકતાં મને ખૂબ જ આનંદ થાય છે. આ આપણી પરિષદ પ્રત્યે આપનો આત્મીયતા ભર્યાં સહકારનો ભાવ એ પરિષદનું ગૌરવ છે. પરિષદનાં સેવા કાર્યોમાં સદૈવ આપના સર્વના ભાવનાપૂર્ણ સહકારની અપેક્ષા સહ,

ભવદીય
ઈન્દ્રકાન્ત ત્રિ. પરીખ
પ્રમુખ
આં.રા.પુ. વૈષ્ણવ પરિષદ

૨૯	"	શ્રી પોપટભાઈ કંટારિયા	બિલખા	
૩૦	"	શ્રી પરમાનંદદાસ દોશી	વડોદરા	૩૯૩૪૫૦
૩૧	"	શ્રી જયંતીભાઈ એસ. સોની	કપડવંજ	૫૩૭૮૧
૩૨	"	શ્રી જગમોહનભાઈ એસ. શાહ	કાલોલ	૩૫૩૫૪
૩૩	"	શ્રી રમેશભાઈ ઓ. ગાંધી	બોડેલી	૨૦૬૬૭
૩૪	"	શ્રી પ્રવિણભાઈ પી. મહેતા	ગોધરા	૪૨૨૮૪
૩૫	"	શ્રી દિનેશભાઈ આઈ. શેઠ	વડનગર	
૩૬	"	શ્રી ગોપાલભાઈ એન. શાહ	અંકલેશ્વર	૨૩૭૮૧
૩૭	"	શ્રી ગૌરાંગભાઈ ત્રિવેદી	વડોદરા	
૩૮	"	શ્રી દીપકભાઈ વી. શાહ	વડોદરા	૬૫૬૪૯૭
૩૯	"	શ્રી વીનુભાઈ અમીન	વડોદરા	૩૯૨૧૮૭
૪૦	"	શ્રી દિનેશચંદ્ર સી. શાહ	વડોદરા	૩૩૦૭૧૩
૪૧	કાર્યાલય પ્રબંધક	શ્રી વામનભાઈ પટેલ	વડોદરા	૬૪૦૭૭૧
૪૨	" સહપ્રબંધક	શ્રી રસીકભાઈ શાહ	વડોદરા	૪૧૬૧૧૯

હે પ્રભુ,

સંજોગો વિકટ હોય ત્યારે
સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ,

પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે
શાંતિ કેમ રાખવી તે મને શીખવ,

બધી બાબતો અવળી પડતી હોય ત્યારે
હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા તે મને શીખવ,

કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે
ખંતથી એમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ,

પ્રલોભનો, પ્રશંસા, ખુશામત વચ્ચે
તટસ્થ કેમ રહેવું તે મને શીખવ,

●

ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે,
શ્રધ્ધા ડગુમગુ થઈ જાય, નિરાશાની ગર્તામાં
મન ડૂબી જાય ત્યારે ધૈર્ય અને શાંતિથી
તારી કૃપાની પ્રતીક્ષા કેમ કરવી તે મને શીખવ.

સ્વ. ચીમનલાલ માણેકલાલ શેઠ, વડોદરા.
હસ્તે પ. ભ. ચન્દ્રિકા બહેન ચીમનલાલ શેઠ તથા પરિવાર

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
ગુજરાત પ્રદેશ

ચતુર્ભુજ બોલે ને સૂર સાંભળે રે.....

''પુષ્ટિમાર્ગીય ક્વિઝ'' (પ્રશ્નાવલિ)નું આ પુસ્તક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવી સૃષ્ટિ સમક્ષ મૂકતાં અમે આનંદ અને પ્રસન્નતાની લાગણી અનુભવીએ છીએ. પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો, માર્ગીય પરંપરાઓ વિષે જિજ્ઞાસુઓમાં અનેક પ્રશ્નો મનમાં ઘૂટાતાં..... ક્યારેક એનું સમાધાન તત્કાળ થતું, ક્યારેક કેટલાક પ્રશ્નોના ઉત્તરો પ્રાપ્ત કરવામાં વિલંબ પણ થતો. આ દૃષ્ટિએ, વૈષ્ણવ યુવાન ભાઈ-બહેનોમાં અને જિજ્ઞાસુઓમાં આવા વિવિધ પ્રશ્નો રજૂ થાય અને એના યોગ્ય ઉત્તરો પણ મળી રહે તે માટે કેટલાક સમયથી પરિષદ નાનકડું પુસ્તક પ્રકાશિત કરવાનો વિચાર કરી રહી હતી. આ વિચારને બળ પ્રાપ્ત થયું વડોદરા શહેરમાં પરિષદની કારેલીબાગ શાખાએ આદરેલ ''પુષ્ટિમાર્ગીય ક્વિઝ'' ના નવતર અને અભિનવ પ્રયોગથી.

ટી.વી.એ આપણા દૈનિક જીવનમાં અનેરું સ્થાન પ્રાપ્ત કર્યું છે એમાં ''ક્વિઝ''ના કાર્યક્રમે વિશેષ આકર્ષણ પણ જગાવ્યું છે. યુવાન ભાઈ-બહેનો અને જનસમૂહોમાં એની લોકપ્રિયતા પિછાની પરિષદની કારેલીબાગ શાખાએ ટી. વી. કાર્યક્રમની પરિપાટીમાં ''પુષ્ટિમાર્ગીય ક્વિઝ''ના સુંદર કાર્યક્રમનું સફળ રીતે આયોજન કર્યું જેને વૈષ્ણવી સૃષ્ટિનો પણ સુંદર પ્રતિભાવ સાંપડ્યો. આ આવકાર અને કાર્યક્રમની સાર્થકતા સમજીને, આ પુસ્તક તૈયાર કરવાનું વિચાર્યું.

શ્રીકૃષ્ણની લીલાઓ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો શ્રીમદ્ વલ્લભાચાર્યજી, શ્રી ગુસાંઈજી પ્રભુચરણ, શ્રી હરિરાયજી, શ્રી ગોકુલનાથજીના જીવન અને કવન સંબંધી અનેક પ્રશ્નો અને તેનું સમુચિત સમાધાન આ નાનકડા પુસ્તકમાંથી આપણને મળી રહે છે. પાઠ શાળાની જૂની પરંપરા જ્યારે લુપ્ત થઈ રહી છે ત્યારે આ પુસ્તક એક ઉત્તમ માર્ગદર્શક પૂરવાર થવાની ક્ષમતા ધરાવે છે. પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોની સમજ કેળવવામાં તેમજ માર્ગીય સિદ્ધાંતો, પરંપરાઓ વિષેની અભિરુચિ ઊભી કરવામાં આ પુસ્તક સૌ વૈષ્ણજનોમાં આવકાર્ય બની રહેશે એવી આશા છે.

શ્રી પ્રભુ અનુગ્રહ, પૂ. પા. ગો. આચાર્યશ્રીઓના આશીર્વાદ, વૈષ્ણવી સૃષ્ટિની સાહિત્ય-ભૂખ અને તે અર્થે પ્રાપ્ત થયેલ ઉદાર આર્થિક સેવાને કારણે આ પ્રકાશન આપ સૌનો હાથમાં મૂકતાં અનહદ આનંદની અનુભૂતિ થાય છે.

"પુષ્ટિમાર્ગીય ક્વિઝ"ના અગાઉ યોજાયેલ કાર્યક્રમમાં પૂ. ડૉ. ભગવત્પ્રસાદ પંડ્યાનું જે માર્ગદર્શન અને સંચાલન સાંપડ્યું તેમજ આ પુસ્તકના પ્રકાશનમાં પૂ. શ્રી પ્રદ્યુમ્નશાસ્ત્રીજીએ સંપાદનની જે મહત્ત્વપૂર્ણ કામગીરી આદરી તેની સહર્ષ નોંધ લેતાં અને ૠણસ્વીકૃતિ સાથે ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

પ્રકાશનના સહસંપાદક પ્રા. ગોપાલભાઈ એસ. શાહ (આણંદ), પરિષદની કારેલીબાગ શાખાના પ્રમુખશ્રી હંસમુખભાઈ પરીખ અને શ્રી તરૂણભાઈ પરીખનો સૌજન્યસભર સહયોગ પ્રાપ્ત થયો છે. સંસ્થાએ કરેલા સંકલનના કારણે પ્રકાશન શક્ય બન્યું છે. આ પુસ્તકને ગ્રંથાકાર આપવામા **સ્વ. શ્રી ચીમનભાઈ એમ. શેઠ**ના યોગદાનનું કૃતજ્ઞતા પૂર્વક સ્મરણ કરીએ છીએ.

પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આર્થિક સહયોગ આપનાર સૌ વૈષ્ણવ ભાઈ-બહેનોનો તેમજ પરિષદના અનેકવિધ સાહિત્ય પ્રકાશનમાં જેમણે આત્મીયતાપૂર્વક અને બનતી ત્વરાએ મુદ્રણ કાર્ય કર્યુ છે એવા આ પુસ્તકના મુદ્રક ગુજરાત ઓફસેટના માલિક શ્રી યોગેશભાઈ પરીખનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

પુષ્ટિમાર્ગીય પરંપરામાં પાંગરી પહેલા આપણાં સૌ બાળકો, યુવાન ભાઈ-બહેનો તથા જિજ્ઞાસુ વાચકોને આ પુસ્તક એક સાચા માર્ગદર્શનની ગરજ સારશે. પુષ્ટિમાર્ગીય જિજ્ઞાસાને સંતોષવામાં આ અમારો અલ્પ પ્રયાસ, વ્યાપક પ્રમાણમાં આવકાર્ય બની રહેશે એવી અભિલાષાસહ આ પુસ્તક વૈષ્ણવી સૃષ્ટિને ચરણે સમર્પિત કરતાં કૃતાર્થતા અને ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

શ્રી ઈન્દ્રકાન્તભાઈ પરીખ	શ્રી વી. પી. પરીખ	શ્રી સી. પી. તલાટી
પ્રમુખ	મંત્રી	સંગઠન મંત્રી

: આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશ :

સ્પર્ધા - સંચાલકશ્રીનું નિવેદન

|| શ્રી હરિઃ ||



ભગવત્પ્રસાદ પન્નાલાલ પંડ્યા
રીડર, સંસ્કૃત પાલી. પ્રાકૃત વિભાગ,
ફેકલ્ટી ઓફ આર્ટસ,
એમ.એસ.યુનિ. વડોદરા.

તા. ૨૬/૫/૯૯

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, અખંડભૂમંડલાચાર્ય, શુદ્ધાદ્વૈત સંપ્રદાયના સ્થાપક જગદ્‌ગુરુ, શ્રીમદ વલ્લભાચાર્ય મહાપ્રભુજી સ્થાપિત શુદ્ધાદ્વૈત સંપ્રદાય અનુગ્રહમાર્ગ, કૃપામાર્ગ, શરણમાર્ગના સિદ્ધાન્તોના પ્રચાર અને પ્રસારનું ખૂબજ આવશ્યક કાર્ય ગુજરાતમાં સુંદર રીતે કરી રહી છે. સાથે સાથે માનવસેવાનાં કાર્યોપણ કરે છે. તે ખરેખર પ્રશંસનીય અને અભિનંદનીય છે.

પરિષદની વડોદરામાં આવેલી કારેલીબાગ શાખા તરફથી તા. ૧૯/૧/૧૯૯૭ના રોજ આબાલવૃદ્ધ વૈષ્વોને આનંદદાયક અને જ્ઞાનવર્ધક નવતર પ્રયોગ કરી આગવી શૈલીમાં ''પ્રશ્નોત્તરી'' (ક્વિઝ)ના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. બાળકોમાં હાલ ટૂંકા પ્રશ્નો દ્વારા જ્ઞાન આપવાની અને તેની પરીક્ષા કરવાની એક નવી જ પદ્ધતિ ટેલીવીઝન ઉપર ''ક્વિઝ''ના નામથી શરૂ થઈ છે. જે ખૂબ લોકપ્રિય બની છે. આના ઉપરથી કારેલીબાગ શાખાના ઉત્સાહી યુવાન શ્રી તરુણભાઈ પરીખે પુષ્ટિમાર્ગીય વાર્તા સાહિત્યની પ્રશ્નોત્તરીનું આયોજન કરવાનો વિચાર કર્યો અને ૭૦૦ જેટલા પ્રશ્નો અને તેના પ્રત્યુત્તરો તૈયાર કરી સુંદર આયોજન શાખાના પ્રમુખ શ્રી હસમુખભાઈ પરીખ અને કારોબારીના સભ્યોના સંપૂર્ણ સહકાર અને ઉત્સાહથી કરવામાં આવ્યું હતું. હાલના વર્તમાનયુગમાં ટી. વી. ના કાર્યક્રમોના કારણે પ્રાચીન પરંપરામાં ઘરમાં જે ધાર્મિક ગ્રંથોનાં વાંચન દ્વારા યુવાનોમાં અને ઘરના પ્રત્યેક સભ્યોમાં ધર્મ પ્રત્યેની ભાવના, ધર્મના સંસ્કાર અને ધર્મનું જ્ઞાન પીરસવામાં આવતું હતું, તે લગભગ અદશ્ય થઈ ગયું છે. તે

સમયમાં બાળકોમાં અને યુવાનોમાં આવા પ્રશ્નોત્તરીના કાર્યક્રમો ખરેખર એક આગવી છાપ ઉપસાવી સંપ્રદાયના સિદ્ધાન્તો, વાર્તા સાહિત્યનો ખૂબ સુંદર રીતે પ્રચાર કરી શકાય છે. તેનું આ આયોજનમાં નાની ઉંમરના બાળકોથી વૃદ્ધો સુધીના વૈષ્ણવોએ જે ઉત્સાહથી ભાગ લીધો તે ઉપરથી જાણી શકાય છે.

આ પ્રસંગે પરમવિદુષી, પરમભાગવત પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ઈન્દિરા બેટીજી મહોદયા તથા પૂ. પા. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી એ ઉપસ્થિત રહી આ કાર્યક્રમમાં ખૂબ જ રસ લઈ માર્ગદર્શન અને આશીર્વાદ આપી આયોજનને દીપાવ્યું હતું.

આ પ્રશ્નોત્તરીનો વ્યાપક પ્રચાર થાય અને ગુજરાતના સમગ્ર વૈષ્ણવ સમાજમાં સંપ્રદાયના તત્ત્વજ્ઞાનના પ્રચાર, પ્રસાર માટે પરિષદની કાર્યવાહક સમિતિએ પુસ્તકાકારે છાપવાનું સુંદર આયોજન કર્યું તે માટે પરિષદના તમામ હોદ્દેદારો અભિનંદનનીય છે. અને આ પુસ્તક દ્વારા જુદાં જુદાં સ્થાનોમાં આવા નવતર પ્રયોગો દ્વારા વિશિષ્ટ આયોજનો કરવામાં આવે તો જરૂર બાળકો અને યુવાનોમાં સંપ્રદાય તરફ પ્રેમ ઉત્પન્ન કરી શકાશે એમાં શકાં નથી. પુનઃ કારેલીબાગના સભ્યો અને પ્રકાશનમાં સહાયક બનનાર સર્વને અભિનંદન આપી પરિષદને આવાં સુંદર પુસ્તકો દ્વારા વૈષ્ણવ સમાજની ઉત્તરોત્તર સેવા કરતા રહે તેવી શુભેચ્છા કરી વિરમું છું.

ભગદીય દાસાનુદાસ

ભગવત્પ્રસાદ પન્નાલાલ પંડ્યા

સ્પર્ધાની પગદંડી

પુષ્ટિમાર્ગના પ્રણેતા જગદ્‌ગુરુ શ્રીમદ્‌ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીએ ભૂતલ ઉપરના પ્રાગટ્ય પછી દૈવી જીવોના ઉદ્ધાર અર્થે ત્રણ ત્રણ વખત ભારત ભ્રમણ કર્યું હતું એટલું જ નહીં પરંતુ એ તમામ દૈવી જીવોના અને ભાવિ પુષ્ટિ પેઢીના ઉત્કર્ષ માટે વિપુલ પ્રમાણમાં પુષ્ટિ સાહિત્યનું સર્જન કર્યું.

એ ઉપલબ્ધ વિપુલ પુષ્ટિ સાહિત્યને ઉપયોગમાં સેવાની થોડી ઉદાસીનતા દૂર કરવા તેમજ વૈષ્ણવી સૃષ્ટિને સ્વમાર્ગથી વિમુખ થતી અટકાવવા આં. રા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદે પુષ્ટિ સાહિત્યના પ્રચાર ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધી હાંસલ કરી છે જેના માટે સમગ્ર વૈષ્ણવ જગત ગૌરવ લઈ શકે તેમ છે. એજ દિશામાં પુષ્ટિ સાહિત્યના વાંચનમાં રુચિ ઉત્પન્ન કરવાના એક સન્નિષ્ઠ પ્રયાસ રૂપે વૈષ્ણવ પરિષદની કારેલીબાગ શાખા, વડોદરા તરફથી વડોદરા શહેરના બધાજ વૈષ્ણવો ભાગ લઈ શકે એ આશયથી એક ક્વિઝ પ્રકારની સુંદર સ્પર્ધાનું આયોજન કરવાનું વિચાર્યું. એ વિચાર બીજ શાખાના યુવાન વૈષ્ણવ પ. ભ. શ્રી તરુણ સી. પરીખના દિમાગની ઉપજ હતી અને પરિષદના સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ તરફથી અનુમોદન મળ્યું.

તરત જ આ વિચારધારાને પુષ્ટિમાર્ગના યુવાન આચાર્ય ષષ્ઠ પીઠાધીશ્વર પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીના ચરણારવિંદમાં રજૂ કરતાં આપશ્રીએ એ વિચારધારાને વધાવી લીધીજ એટલું જ નહિ અમને જરૂરી માર્ગદર્શન તો આપ્યું જ અને સાથે સાથે સ્પર્ધાનું નામકરણ ''પુષ્ટિ પ્રશ્નાવલી'' આપ આપશ્રીએજ સૂચવ્યુ જે માટે અમો સૌ આપશ્રીના ઋણી થયા છીએ.

પછી તો પુષ્ટિ સાહિત્યના સિદ્ધાન્ત વિદ્વાનો સર્વશ્રી પૂ. પ્રદ્યુમ્નભાઈ શાસ્ત્રીજી, પૂ. પ્રા. ભગવતપ્રસાદ પંડ્યા (શાસ્ત્રીજી), પૂ. પ્રા. શાંતિલાલભાઈ મહેતા, પ. ભ. શ્રી જિતુભાઈ પરીખને રૂબરૂ મળીને વિનંતી કરતાં તેઓએ ખાસ શ્રમ લઈને અમને સ્પર્ધા માટેના જરૂરી પ્રશ્નોનુ પણ પ્રદાન કર્યું. થોડાક ખૂટતા પ્રશ્નોની પૂર્ણતા ગ્રંથોનું વાંચન કરીને કરવામાં આવી. વિદ્વાનોના આ યોગદાન વિના સ્પર્ધાનું અંતિમ સ્વરૂપ અશક્ય હતું.

આ સ્પર્ધાને ૧૬ થી ૩૫ વર્ષ અને ૩૫ વર્ષથી ઉપરના વૈષ્ણવો એમ બે વયજૂથમાં વિભાજિત કરવામાં આવી જેના વિષયો પૂ. પ્રદ્યુમ્નભાઇ શાસ્ત્રીજીની સલાહ અનુસાર નક્કી કરવામાં આવ્યા. અમને થોડો ભય હતો કે સ્પર્ધા માટે જરૂરી પ્રવેશ પત્રો નહીં ભરાય પરંતુ એ વાતનો આનંદ છે કે શ્રી વલ્લભના અસીમ અનુગ્રહથી કુલ ૯૦ પ્રવેશ પત્રો સાથે વૈષ્ણવોની વિશાળ હાજરીમાં અત્યંત ઉત્સાહભર્યા વાતાવરણમાં સમગ્ર સ્પર્ધા સંપન્ન થઈ. વિશેષ આનંદ તો એ વાતનો અમને થયો કે શ્રીવલ્લભ કુળના ત્રણ ગોસ્વામી આચાર્યો પૂ.પા. શ્રી ૧૦૮ શ્રી ઈંદિરા બેટીજી મહોદયા, પૂ. પા. શ્રી ૧૦૮ શ્રી વાગીશકુમારજી ખાસ ઉપસ્થિત રહી સ્પર્ધાને નવપલ્લવિતતો કરીજ પણ સાથે સાથે આપશ્રીનાં પ્રેરણાનાં પીયૂષ સમાં આર્શીવચનો દ્વારા અમને સૌને ઋણી બનાવ્યા હતા.

સ્પર્ધાની ગતિવિધિ :

(૧) સમગ્ર સ્પર્ધાનું આયોજન કારેલીબાગ - હરણી રોડ સ્થિત શ્રી લાલબહાદૂર શાસ્ત્રી સ્કૂલના વિશાળ સભાખંડમાં ગોઠવવામાં આવ્યું.

(૨) બે વયજૂથમાં અંકિત થયેલી સ્પર્ધામાં એક ટેબલ ઉપર બબ્બે એવા પાંચ ટેબલો રાખવામાં આવ્યા હતા. પ્રથમ વયજૂથમાં ટેબલોને ‘ગોકુળ’, ‘વૃંદાવન’, ‘ગિરિરાજ’, ‘વ્રજ’ અને ‘બરસાના’ તેમજ દ્વિતીય વયજૂથમાં ટેબલોને ‘નંદા’, ‘સૂર’, ‘ગોવિંદ’, ‘ચતુર્ભુજ’ અને ‘દામોદર’ એવાં અલૌકિક નામો વડે અંકિત કરવામાં આવ્યા હતા. ટૂંકમાં સ્પર્ધા ભગવાન, ભક્ત અને વ્રજભૂમિના ત્રિવેણી સંગમનો ભાસ ઉપસાવતી બની હતી.

(૩) સ્પર્ધકોને પૂછવા માટે નક્કી કરેલા પ્રશ્નોને ચાર અલગ રાઉન્ડમાં વર્ગીકૃત કર્યા હતા તથા પ્રશ્નો પૂછવા માટે નિયમો નક્કી કર્યા હતા.

(અ) પાંચ/ત્રણ પ્રશ્નો દરેક ટેબલના સ્પર્ધકોને પૂછાયા. સાચા હોય તેના ગુણાંક અપાયા.

(બ) **પાસ ઓન રાઉન્ડ :** પ્રથમ ટેબલ ઉપરના સ્પર્ધકોસમક્ષ એક પ્રશ્ન રજૂ કરાયો. તેમને આવડે તો નક્કી કરેલા પૂરા ગુણ ન આવડે તો એજ પ્રશ્ન બીજા ટેબલ ઉપર પાસ ઓન થાય. તેમને આવડે તો બે ગુણ ઓછા. ન

આવડે તો ત્રીજા ટેબલ ઉપર એમ પાસ ઓન અને દરેક વખતે બે ગુણ ઓછા. પછી બીજો પ્રશ્ન બીજા ટેબલના સ્પર્ધકોને પૂરા ગુણનો લાભ આમ પાંચ ટેબલ માટેના પાંચ પ્રશ્નો.

(ક) ત્વરિત જવાબ રાઉન્ડ : દરેક ટેબલના સ્પર્ધકોને ત્રણ પ્રશ્નો પૂછાયા જેના જવાબ બિલકુલ વિલંબ વિના આપવાના.

(ડ) ગુણ કપાત રાઉન્ડ : પાંચેય ટેબલના સ્પર્ધકો માટે એક પછી બીજો એમ પાંચ પ્રશ્નો પૂછાયા, જેને જવાબ આવડે તે આંગળી ઊંચી કરે તેની પાસેથી સાચો જવાબ મળે તો નક્કી કરેલા ગુણ ઉમેરાય અને ખોટો જવાબ મળે તો આ પહેલાં મળેલા કુલ ગુણમાંથી નક્કી કરેલા ગુણ બાદ કરવાના. એક સાથે બે આંગળી ઊંચી થાય તો બન્ને પાસે જઈને તેમનો જવાબ મેળવી સાચો કે ખોટો નક્કી કરવાનું.

(પ) દરેક રાઉન્ડ માટે અલગ અલગ કાર્ડ બનાવેલાં જેમાં માત્ર પૂછવાના નક્કી કરેલા પ્રશ્નોજ સમાવિષ્ટ કરવાના. જેના જવાબો પણ એ જ કાર્ડમાં ઉપલબ્ધ કરવાના.

(ફ) પ્રશ્ન પૂછવા માટે ઉદ્ઘોષક તરીકે પુષ્ટિ સાહિત્યના વિદ્વાન રાખવાના. એક મદદકર્તા તેમને મદદ કરતા રહે.

(બ) દરેક પ્રશ્નના જવાબ નક્કી કરેલી સમય મર્યાદામાં જ આપવાના.

(ભ) પૂછાયેલા પ્રશ્નો જવાબ સાચો છે કે ખોટો તેની ઉદ્ઘોષક તરફથી જાહેરાત થાય તે પ્રમાણેના ગુણ એક અલગ ગુણાંકન શીટ (જે આ ગ્રંથમાં પરિશિષ્ઠના રૂપમાં સામેલ છે)માં લખવા માટે અલગ ટેબલ ઉપર વ્યવસ્થા કરવાની.

(મ) સ્પર્ધાને સફળતા બક્ષતા શુભ સંદેશાઓ પૈકી પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજેશકુમાર મહારાજશ્રીના પ્રેરક સંદેશા માટે આપશ્રીને કોટી કોટી વંદન, પરિષદના કેન્દ્રિય પ્રમુખ શ્રી ઈન્દ્રકાંતભાઈ શેઠ તેમજ પ્રખર પુષ્ટિ સાહિત્ય લેખક ગો.વા. શ્રી રમેશભાઈ પરીખ સહિત બીજા અનેક શુભ સંદેશાઓ પ્રાપ્ત થયા હતા.

આ ઉપરાંત સ્પર્ધાને સફળતાની મંઝિલ સુધી પહોંચાડવામાં તન મન ધનથી સેવા આપનાર શ્રી... જીના કૃપાભિલાષી સર્વશ્રી તરુણ સી. પરીખ, ગોવિંદભાઈ પરીખ, પ્રવીણભાઈ પરીખ, દિનેશ દેસાઈ, વિજયભાઈ પરીખ, રોહિતભાઈ પરીખ, ફોગટભાઈ શાહ, વામનભાઈ પટેલ, રજનીકાંત ડાંગરવાળા, પ્રા. અરવિંદભાઈ શાહ (મઠીયાવાળા) પ્રા. ભરતભાઈ શેઠ, પ્રા. ચંદ્રવદન પરીખ, રસિકભાઈ શાહ, દીપકભાઈ શાહ, સુધાકરભાઈ મોદી વગેરે વગેરે વૈષ્ણવ હિતચિંતકોએ જે અનન્ય સાથ અને સહકાર આપ્યો છે તે સદાય ચિરસ્મરણીય રહેશે.

અને છેલ્લે સમાપન કરતાં જણાવવું જ રહ્યું કે એકત્રિત પ્રશ્નોમાંથી સ્પર્ધા માટેના પ્રશ્નોનું સ્પર્ધાની જ પ્રણાલીને અનુરૂપ સંકુલન કર્યું છે - શ્રી હસમુખ પરીખ અને શ્રી તરુણ પરીખ. અંતમાં આ સ્પર્ધાની સફળતા પુષ્ટિ પ્રભુ શ્રી ગોવર્ધનધરણનાં ચરણોમાં સમર્પિત કરી વિરમું છું.

- હસમુખ કે. પરીખ
પ્રમુખ
કારેલીબાગ શાખા, વડોદરા.

પુષ્ટિમાર્ગીય ક્વિઝ (પ્રશ્નાવલી)

વિભાગ - ૧

વયજૂથ - ૧૫ થી ૩૫ વર્ષ

સ્પર્ધાના વિષયો :

(૧) શ્રી વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર

(૨) શ્રી ગુસાંઈજીનું જીવન ચરિત્ર

(૩) શ્રીકૃષ્ણ - પ્રાકટ્ય અને બાળ લીલા

(૪) **ષોડશગ્રંથમાંથી**

- શ્રીયમુનાષ્ટક
- શ્રીકૃષ્ણાશ્રય
- નવરત્ન
- ચતુઃ શ્લોકી

(૫) ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ગ્રંથમાંથી પ્રથમ ૧ થી ૫૦ વાર્તા

વિષય : શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર

સવાલ : ૧. શ્રી વલ્લભના માતાજીનું નામ શું ?

જવાબ : (ઈલ્લમ્માગારુ)

સવાલ : ૨. શ્રીવલ્લભનું પ્રાકટય દક્ષિણ ભારતના એક પ્રદેશમાં થયું છે. સાચું કે ખોટું ?

જવાબ : (ખોટું)

સવાલ : ૩. શ્રીવલ્લભના પ્રાકટયના સમયે કાશી-પ્રયાગમાં ઈબ્રાહીમ લોદીનું શાસન હતું. સાચું કે ખોટું ? ખોટું હોય તો સાચું શું ?

જવાબ : (ખોટું, સાચું રાજા ભુવેનશ્વરસિંહનું)

સવાલ : ૪. કાંકરપાટુ ગામ દક્ષિણના કયા પ્રદેશમાં કયા સ્થળે આવ્યું ?

જવાબ : (આંધ્ર પ્રદેશમાં વ્યોમસ્તંભ પર્વત પાસે કૃષ્ણા નદીના દક્ષિણ કિનારે)

સવાલ : ૫. શ્રીવલ્લભના પૂર્વજો પરંપરાથી કોની ભક્તિ કરતા હતા ?

જવાબ : (ગોપાલકૃષ્ણની)

સવાલ : ૬. શ્રીવલ્લભના પૂર્વજ યજ્ઞનારાયણ ભટ્ટને ગોપાલમંત્રી દીક્ષા કોણે આપી હતી ?

જવાબ : (વિષ્ણુ મુનિ નામના એક તપસ્વી સંન્યાસીએ)

સવાલ : ૭. શ્રીવલ્લભના પૂર્વજ યજ્ઞનારાયણ ભટ્ટે કેટલા સોમયજ્ઞ કર્યા હતા ?

જવાબ : (૩૧ (એકત્રીસ)

સવાલ : ૮. શ્રીવલ્લભના કયા પૂર્વને શ્રીગોપાલકૃષ્ણે સ્વપ્નમાં દર્શન આપીને પોતે તેમના કુળમાં જન્મ લેશે એવુ વચન આપ્યું હતું ?

જવાબ : (લક્ષ્મણ ભટ્ટજીને)

સવાલ : ૯. શ્રીવલ્લભના એક પૂર્વજ બાલમ, ભટ્ટ દશગ્રંથીના નામથી શા માટે ઓળખાય છે ?

જવાબ : (કારણ કે તેમણે દશ ગ્રંથો લખ્યા હતા.)

સવાલ : ૧૦. લક્ષ્મણ ભટ્ટના પિતાનું નામ શું હતું ?

જવાબ : (બાલમ ભટ્ટ)

સવાલ : ૧૧. લક્ષ્મણ ભટ્ટના ભાઈ (શ્રીવલ્લભના કાકા) નું નામ શું ?

જવાબ : (જનાર્દન ભટ્ટ)

સવાલ : ૧૨. શ્રીવલ્લભને બહેનો કેટલી હતી ? તેમનાં નામ કયાં કયાં ?

જવાબ : (સરસ્વતી અને સુભદ્રા)

સવાલ : ૧૩. લક્ષ્મણ ભટ્ટના આધ્યાત્મિક ગુરુનું નામ શું ?

જવાબ : (પ્રેમાકર)

સવાલ : ૧૪. લક્ષ્મણ ભટ્ટના પૂર્વજોએ કુલ કેટલા સોમયજ્ઞો કર્યા હતા ?

જવાબ : (૯૫ (પંચાણું)

સવાલ : ૧૫. લક્ષ્મણ ભટ્ટ વતન છોડી કાશી શા માટે ગયા ?

જવાબ : (૧૦૦ સોમયજ્ઞ પૂરા થતા સવાલાખ બ્રાહ્મણોને જમાડવાનો સંકલ્પ પૂરો કરવા)

સવાલ : ૧૬. શ્રીપ્રભુએ લક્ષ્મણ ભટ્ટજીને સ્વપ્નમાં દર્શન આપીને ઉપરણો તુલસીમાળા અને તાંબુલ આદિ વસ્તુઓ કયા સ્થળે આપી હતી ?

જવાબ : (ભૃંગસાર્થક ગામમાં સર્વતોભદ્ર નામે કુંડ પર)

સવાલ : ૧૭. યવનોના કહેવાતા ભયને કારણે લક્ષ્મણ ભટ્ટ ઈલ્લમ્માગારુજી સાથે કાશી છોડીને કયા પ્રદેશમાં જવા નીકળ્યા.

જવાબ : (પોતાના વતન દક્ષિણના)

સવાલ : ૧૮. ચંપારણ્ય ભારતના કયા પ્રદેશમાં આવ્યું ?

જવાબ : (મધ્ય પ્રદેશ)

સવાલ : ૧૯. ચંપારણ્યમાં માતા ઈલ્લમાગારુજીએ અધૂરા માસે શ્રીવલ્લભજીને જન્મ આપ્યો. તે બાળકને લઈ તેઓ ચૌડા ગામે ગયા. સાચું કે ખોટું ?

જવાબ : (ખોટું, બાળકને વૃક્ષની બખોલમાં મૂકીને ગયા)

સવાલ : ૨૦. શ્રીવલ્લભજીનું પ્રાકટય ક્યારે થયું ? તે દિવસે કયો વાર હતો ?

જવાબ : (વિ. સં. ૧૫૩૫ ના ચૈત્ર વદ ૧૧ ને રવિવાર)

સવાલ : ૨૧. શ્રીગોકુલેશ સંપ્રદાયના અનુયાયીઓ મુજબ શ્રીવલ્લભ પ્રાકટય ક્યારે થયું ? તે દિવસે કયો વાર હતો ?

જવાબ : (વિ. સં. ૧૫૨૯ ચૈત્ર વદ ૧૧ ને શનિવાર)

સવાલ : ૨૨. શ્રીવલ્લભના પ્રાકટયના દિવસે જ શ્રીગિરિરાજ ઉપર શાનું પ્રાકટય થયું ?

જવાબ : (શ્રીનાથજીના મુખારવિંદનું)

સવાલ : ૨૩. કાશી પર આક્રમણ કરનાર મુસ્લિમોને કોણે મારી હટાવ્યા ?

જવાબ : (દશનામી સંન્યાસીઓએ)

સવાલ : ૨૪. કાશીમાં શ્રી લક્ષ્મણ ભટ્ટનું મકાન ક્યાં હતું ?

જવાબ : (હનુમાન ઘાટ ઉપર)

સવાલ : ૨૫. શ્રીવલ્લભના કુલ પુરોહિતનું નામ શું ?

જવાબ : (શ્રી વિષ્ણુચિત્ત)

સવાલ : ૨૬. શ્રીવલ્લભે ષડ્ દર્શનનો અભ્યાસ કોની પાસે કર્યો ?

જવાબ : (શ્રી માધવેન્દ્રયતિ પાસે)

સવાલ : ૨૭. શ્રીવલ્લભનો વિદ્યાભ્યાસ તેમના કેટલા વર્ષની વયે પૂરો થયો ?

જવાબ : (અગિયારી વર્ષની વયે)

સવાલ : ૨૮. શ્રીવલ્લભના દર્શન (વાદ)નું નામ આપો.

જવાબ : (શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ)

સવાલ : ૨૯. નાની વયમાંજ શ્રીવલ્લભને કયાં બે બિરુદ પ્રાપ્ત થયાં ?

જવાબ : (“બાલ સરસ્વતી” અને “વાક્પતિ”)

સવાલ : ૩૦. શ્રીવલ્લભની ત્રણ ભારત પરિક્રમા દરમ્યાન તેઓ ભારતના કયા પ્રદેશોમાં ફર્યા નથી ?

જવાબ : (બંગાળ અને કાશ્મીર)

સવાલ : ૩૧. શ્રીવલ્લભની ત્રણ ભારત પરિક્રમા દરમ્યાત તેઓ નગરની બહાર બાગ કે ઉપવનમાં નિવાસ કરતા હતા. આપશ્રીએ ક્યારેય કોઈ ગૃહસ્થને ઘેર નિવાસ કર્યો નથી. સાચું કે ખોટું ?

જવાબ : (બન્ને સ્થળોએ નિવાસ કર્યો છે)

સવાલ : ૩૨. ત્રણ ભારત પરિક્રમા પૂરી કર્યા પછી, સ્થાયી નિવાસ માટે આપશ્રીએ કયું સ્થળ પસંદ કર્યું ? કાશી શા માટે નહીં ?

જવાબ : (અડેલ યવનોના ત્રાસના કારણે એ પવિત્ર સ્થળોએ શાંતિ અને સ્થિરતાને અનુભવ નહીં થાય એમ લાગવાથી)

સવાલ : ૩૩. શ્રીવલ્લભે સૌથી પહેલાં બ્રહ્મસંબંધ દામોદરદાસ હરસાનીને કરાવ્યો. સાચું કે ખોટું ?

જવાબ : (સાચું)

સવાલ : ૩૪. શ્રીમહાપ્રભજીના ઉજ્જૈનમાં તીર્થ ગોરનું નામ શું ?

જવાબ : (નરોત્તમ)

સવાલ : ૩૫. રામેશ્વરમાં શ્રીવલ્લભને કોની સાથે શાસ્ત્રથી નહીં પરંતુ શસ્ત્રથી લડવું પડ્યું ?

જવાબ : (રામેશ્વરના શૈવો સાથે)

સવાલ : ૩૬. શ્રીમહાપ્રભુજીના પાટણ પ્રવેશ સમયે આપશ્રીને છડી પોકારનાર આપશ્રીના સેવકનું નામ શું ?

જવાબ : (આલોકી)

સવાલ : ૩૭. શ્રીમહાપ્રભુજીએ પાટણ પ્રવેશ સમયે આપશ્રીએ કયાં મુકામ કર્યો ?

જવાબ : (સહસ્રલિંગ તળાવ (સરોવર) પાસે)

સવાલ : ૩૮. ઓડછામાં શ્રીમહાપ્રભુજીને કોની સાથે વિવાદ થયો ?

જવાબ : (એક શાંકર મતાવલંબી વિદ્વાન સાથે)

સવાલ : ૩૯. ઓડછમાં શ્રીમહાપ્રભુજીને થયેલા વિવાદમાં આપશ્રીનો જે પ્રતિસ્પર્ધી હતો તેને લોકો ઘટ સરસ્વતીના નામે શા માટે ઓળખે છે ?

જવાબ : (તેણે સરસ્વતી દેવીની આરાધના કરી દેવીને વશ કરી હતી અને વાદ વખતે દેવીને ઘડામાં આવીને કરતી)

સવાલ : ૪૦. શ્રીવલ્લભનો કનકાભિષેક ઓડછામાં થયો. સાચું કે ખોટું ? ખોટું હોય તો કયાં થયો તે કહો ?

જવાબ : (સાચું)

સવાલ : ૪૧. શ્રીમહાપ્રભુજીએ પત્રાવલંબન નામે લઘુગ્રંથને કયા મંદિરના બારણા પર ચોંટાડ્યો ?

જવાબ : (કાશીમાં કાશી વિશ્વનાથ મંદિર)

સવાલ : ૪૨. પત્રાવલંબન લઘુ ગ્રંથનું વિષય વસ્તુ શું છે ?

જવાબ : (શુદ્ધાદૈત બ્રહ્મવાદના સિદ્ધાંતોનું)

સવાલ : ૪૩. શ્રીવલ્લભ કહે છે, “માયાવાદ વેદ વિરુદ છે. મહાદેવ (શિવજી) તેના સાક્ષી છે. સાચું કે ખોટું ?

જવાબ : (સાચું)

સવાલ : ૪૪. ભગવાના શંકરે જાહેર કર્યું “શ્રીવલ્લભનો મત અર્થાત્ બ્રહ્મવાદ સાચો છે. તે સત્ય છે અને સંપૂર્ણ સત્ય છે.” સાચું કે ખોટું ?

જવાબ : (સાચું)

સવાલ : ૪૫. જગન્નાથપુરીમાં થયેલી વાદ સભાનું આયોજન કરનાર રાજાનું નામ શું ?

(ગંજપતિ પુરુષોત્તમ નામનો રાજા)

સવાલ : ૪૬. જગન્નાથપુરીમાં થયેલી ચર્ચા સભામાં સર્વાનુમતે નિર્ણય લાવવા માટે કેટલા પ્રશ્નો મુકાયા હતા ?

જવાબ : (ચાર)

સવાલ : ૪૭. ભગવાન જગન્નાથના નિર્ણય પ્રમાણે, એક માત્ર શાસ્ત્ર કયું છે ?

જવાબ : (દેવકીપુત્ર શ્રીકૃષ્ણે ગાયેલું ગીત એટલે કે ગીતા)

સવાલ : ૪૮. ભગવાન જગન્નાથના નિર્ણય પ્રમાણે એક માત્ર દેવ કોણ ?

જવાબ : (દેવકીપુત્ર કૃષ્ણ)

સવાલ : ૪૯. ભગવાન જગન્નાથના નિર્ણય પ્રમાણે જીવે જપ કરવા લાયક મુખ્ય મંત્ર કયો છે ?

જવાબ : (દેવકીપુત્ર શ્રીકૃષ્ણનું નામ)

સવાલ : ૫૦. ભગવાન જગન્નાથના નિર્ણય પ્રમાણે જીવનનું મુખ્ય કર્મ કયું છે ?

જવાબ : (દેવકીપુત્ર (શ્રીકૃષ્ણ)ની સેવા)

સવાલ : ૫૧. જગન્નાથપુરીની ચર્ચા સભાની નોંધ કૃષ્ણજી (ગોર)ના ચોપડામાં પ્રમાણિત કરતા હસ્તાક્ષર કોણે કરી આપ્યા ?

જવાબ : ((૧) શ્રીવલ્લભે (૨) શ્રી ગોપીનાથે (૩) શ્રી વિઠ્ઠલે)

સવાલ : ૫૨. શ્રીમહાપ્રભુજીને ગોકુલમાં ઠકુરાણીઘાટ અને ગોવિંદઘાટ બતાવનાર કોણ હતું ?

જવાબ : (સાક્ષાત્ શ્રીયમુનાજી)

સવાલ : ૫૩. શ્રીવલ્લભને ગદ્યમંત્રની પ્રાપ્તિ કયા દિવસે થઈ ?

જવાબ : (શ્રાવણ સુદ એકાદશી)

સવાલ : ૫૪. શ્રીવલ્લભે મધુરાષ્ટકમ્‌ની રચના કયા દિવસે કરી ?

જવાબ : (શ્રાવણ સુદ એકાદશી)

સવાલ : ૫૫. પોતાને ગિરિકંદરામાંથી પ્રકટ કરી મંદિરમાં પાટ બેસાડવાની આજ્ઞા શ્રીવલ્લભને કયા પ્રદેશમાં કોણે કરી ?

જવાબ : (ઝારખંડ પ્રદેશમાં ભગવાને કરી)

સવાલ : ૫૬. સદુ પાંડેનું ઘર કયા ગામમાં આવ્યું છે ?

જવાબ : (આન્યોર)

સવાલ : ૫૭. શ્રીનાથજીને ગિરિકંદરામાં દૂધ પીવરાવી આવનારનું નામ શું ? તે કોની દીકરી ?

જવાબ : (નરો તે સદુપાંડેની દીકરી)

સવાલ : ૫૮. શ્રીગિરિકંદરામાંથી બહાર કાઢીને શ્રીવલ્લભે શ્રીનાથજીને ગિરિરાજ પરના હાલના વિશાળ મંદિરમાં પાટ બેસાડ્યા. સાચું કે ખોટું ?

જવાબ : (સાચું)

સવાલ : ૫૯. શ્રીનાથજીને પાટ બેસાડીને આપશ્રીની સેવા કરવાનું કામ શ્રીવલ્લભે કોને સોપ્યું ?

જવાબ : (શ્રી રામદાસ ચૌહાણને)

સવાલ : ૬૦. શ્રીવલ્લભે સૌથી પહેલી દ્વાદશવની પરિક્રમા ક્યારે કરી ?

જવાબ : (સંવત ૧૫૬૩ ના ભાદરવા વદ ૧૨)

સવાલ : ૬૧. શ્રીવલ્લભને દ્વાદશવનની પરિક્રમા કરાવનાર મથુરાના ચોબાનું નામ શું ?

જવાબ : (ઉજાગર ચોબા)

સવાલ : ૬૨. શ્રીમહાપ્રભુજીનું લગ્ન કોની દીકરી સાથે થયું ?

જવાબ : (દેવેન ભટ્ટ અને તેમનાં પત્ની અત્રિજતા)

સવાલ : ૬૩. શ્રીમહાપ્રભુજીનું લગ્ન મહાલક્ષ્મીજી સાથે ક્યારે થયું ?

જવાબ : (વિ. સં. ૧૫૫૮ ના અષાઢ સુદ પાંચમ)

સવાલ : ૬૪. શ્રીમહાપ્રભુજીનાં લગ્ન પ્રસંગે પોતાના દૈવી દ્રવ્યનો વિનિયોગ કરાવનાર મહાનુભાવનું નામ શું ?

જવાબ : (શેઠ પુરુષોત્તમદાસ)

સવાલ : ૬૫. બાલ વલ્લભે જે મરેલી ગાયને જીવતી કરી તે ગાયનું નામ શું ?

જવાબ : (પયોદા)

સવાલ : ૬૬. બહુલાવનમાં શ્રીમહાપ્રભુજીએ સર્જેલ ચમસ્કાર એક વાક્યોમાં કહો.

જવાબ : (પથ્થરની ગાય બહુલા શ્રીવલ્લભને નાખેલા ઘાસ ખાવા લાગી)

સવાલ : ૬૭. સિંકદર લોદીએ કયા ચિત્રકાર પાસે શ્રીવલ્લભનું ચિત્ર દોરાવ્યું ?

જવાબ : (હોનહાર)

સવાલ : ૬૮. હોનાહારે શ્રીવલ્લભનું ચિત્ર કયા સ્થળે દોર્યું ?

જવાબ : (ગોકુળમાં યમુનાજીના તટે ગોવિંદઘાટ ઉપર)

સવાલ : ૬૯. હોનાહારે દોરેલા શ્રીમહાપ્રભુજીનું એ ચિત્ર અત્યારે કયા સ્થળે છે ?

જવાબ : (કિસનગઢના મહેલામાં)

સવાલ : ૭૦. **રામકૃષ્ણ દેવરાયે કરાવેલ કનકાભિષેકના સમયે શ્રીવલ્લભની વય ૩૦ વર્ષની હતી એવું કહેવા પાછળ શું પ્રમાણ છે ?**

જવાબ : (રામકૃષ્ણ દેવરાયે કે કનકાભિષેક સં. ૧૫૬૫માં કરાવ્યો હતો.)

સવાલ : ૭૧. **શ્રીવલ્લભના મામાનું નામ શું ?**

જવાબ : (સોમેશ્વર વિદ્યાભૂષણ)

સવાલ : ૭૨. **સોમેશ્વર વિદ્યાભૂષણ કોણ હતા ? દરબારમાં કયું પદ ધરાવતા હતા ?**

જવાબ : (શ્રીવલ્લભના મામા. દરબારમાં દાનાધ્યક્ષ હતા)

સવાલ : ૭૩. **સોમેશ્વર વિદ્યાભૂષણ શ્રીવલ્લભ ઉપર શા માટે નારાજ થયા હતા ?**

જવાબ : (કારણ કે શ્રીવલ્લભે તેમને ત્યાં જમવાનો ઈન્કાર કર્યો હતો.)

સવાલ : ૭૪. **કનકાભિષેકમાં ઉપયોગમાં લેવાયેલ બધા સુવર્ણને શ્રીવલ્લભે શું સમજીને ન સ્વીકાર્યું ?**

જવાબ : (એ બધું સુવર્ણ સ્નાન જલવત્ અશુદ્ધ હતું)

સવાલ : ૭૫. **શ્રીવલ્લભે રામકૃષ્ણ દેવરાયથી વિદાય લેતી વખતે તેમને શું આપ્યું ?**

જવાબ : (પોતાની પાદુકા સેવા સ્મરણાર્થે આપી અને પોતાના શ્રીકંઠની માળા પ્રસાદીરૂપે પહેરાવી)

સવાલ : ૭૬. **મૂલ પુરુષના નામે ગ્રંથના રચયિતાનું નામ શું છે ?**

જવાબ : (શ્રી દ્વારકેશજી)

સવાલ : ૭૭. શ્રીવલ્લભની ત્રીજી ભારતયાત્રા આપશ્રીની એકત્રીસ વર્ષની વયે પૂરી થઈ. સાચું કે ખોટું ? ખોટું હોય તો કેટલા વર્ષની વયે પૂરી થઈ તે કહો.

જવાબ : (સાચું)

સવાલ : ૭૮. સાવલી ગામે ખોદકામ કરતાં મળી આવેલ તામ્રપત્ર કે જેમાં કનકાભિષેકનો ઉલ્લેખ છે તે તામ્રપત્ર હાલ કયાં છે ?

જવાબ : (કામવનના સંગ્રહાલયમાં)

સવાલ : ૭૯. ત્રણ ભારત પરિભ્રમ પૂરા થયાં પછી શ્રીવલ્લભે પોતાનો નિત્ય નિવાસ વ્રજભૂમિમાં કર્યો ? સાચું કે ખોટું ?

જવાબ : (ખોટું)

સવાલ : ૮૦. શ્રીવલ્લભે ભારત પરિભ્રમણ પૂરું કરી પોતાનો સ્થાયી નિવાસ કયા સ્થળે કર્યો ? એ સ્થળ કયાં આવ્યું ?

જવાબ : (અડેલમાં. પ્રયાગ પાસે યમુના કિનારે)

સવાલ : ૮૧. શ્રીવલ્લભના જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનો જન્મ કાશી નજીક આવેલ ચુનાર ગામમાંથયો હતો. સાચું કે ખોટું ?

જવાબ : (ખોટું. શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુંસાઈજી)નો થયો હતો.)

સવાલ : ૮૨. શ્રીગોપીનાથજીનો જન્મ ક્યારે થયો ?

જવાબ : (સંવત ૧૫૬૭ના ભાદરવા વદ ૧૨)

સવાલ : ૮૩. શ્રીવલ્લભે શ્રીનાથજી બાવાને પૂરકમલ ક્ષત્રિયે બંધાયેલ નવા મંદિરમાં ક્યારે પાટ બેસાડ્યા ?

જવાબ : (સંવત ૧૫૬૭ના વૈશાખ સુદ ૩ (અક્ષય તૃતીયા)ના દિને)

સવાલ : ૮૪. શ્રીનાથજીને નવા મંદિરમાં પાટ બેસાડ્યા પછી શ્રીનાથજીની સેવાનો અધિકાર શ્રીવલ્લભે કોને આપ્યો ?

જવાબ : (વ્રજના બંગાળી બ્રાહ્મણોને)

સવાલ : ૮૫. શ્રીવલ્લભના જયેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીના વહુજીનું નામ શું ?

જવાબ : (પાયમ્મા ગારુજી)

સવાલ : ૮૬. શ્રીસુબોધિનીજીના લહિયા શ્રીમાધવ ભટ્ટ કાશ્મીરી શ્રીવલ્લભના શિષ્ય બનતા પહેલાં કોના શિષ્ય હતા ?

જવાબ : (કેશવ ભટ્ટ કાશ્મીરી)

સવાલ : ૮૭. શ્રીભાગવતની કથા કરીને કોઈપણ હેતુની પ્રાપ્તિ માટે દ્રવ્ય ન લેવાય. શ્રીવલ્લભના કયા સેવકે આ સિદ્ધાંતનું દૃઢતાથી પાલન કર્યું છે ?

જવાબ : (પદ્મનાભ દાસ)

સવાલ : ૮૮. “મનરૂપી ચાકડાને સેવારૂપી લાકડી વડે ગતિ આપવાથી મન સતત “શ્રીકૃષ્ણઃ શરણં મમ”ના મહામંત્રનું રટણ કરી શકે છે” એવું શ્રીવલ્લભે કોને સમજાવ્યું ?

જવાબ : (શ્રીકૃષ્ણ ચૈતન્ય દેવને)

સવાલ : ૮૯. માધવ ભટ્ટ કાશ્મીરીના ગોલોકવાસ પછી શ્રીસુબોધિનીજીના લેખન કાર્યોમાં લહિયા તરીકે કામ કોણે કર્યું ?

જવાબ : (ગોધરાના રાણા વ્યાસે)

સવાલ : ૯૦. શ્રીસુબોધિજીનાં લેખન કાર્ય સમયે આપશ્રીને નિજધામમાં પાછા ફરવાની બે આજ્ઞા શ્રીવલ્લભને કયા સ્થળે થઈ ?

જવાબ : (પ્રથમ આજ્ઞા - ગંગાસાગર, બીજી આજ્ઞા - મધુવનમાં)

સવાલ : ૯૧. શ્રીવલ્લભના નિજધામ પ્રવેક (નિત્યલીલા પ્રવેશ)ના પ્રસંગને સંપ્રદાયમાં કયા નામથી ઓળખવામાં આવે છે ?

જવાબ : ('આસુર વ્યામોહ લીલા' એ નામથી)

સવાલ : ૯૨. ભક્તિમાર્ગીય સંન્યાસનો હેતુ શો છે ?

જવાબ : (ભગવત્ પ્રાપ્તિ. જીવનને ભગવાનના ચરણારવિંદમાં મળે એ તેનો હેતુ)

સવાલ : ૯૩. શ્રીવલ્લભને સંન્યાસની દીક્ષા કોણે આપી ?

જવાબ : (શ્રીનારાયણેન્દ્ર તીર્થ)

સવાલ : ૯૪. શ્રીવલ્લભે ભક્તિમાર્ગીય સંન્યાસની દીક્ષા વિક્રમ સંવતના કયા વર્ષે લીધી ?

જવાબ : (સંવત ૧૫૮૭ના જેઠ વદ બીજના રોજ પ્રયાગમાં)

સવાલ : ૯૫. નિત્યલીલામાં પધારતાં પહેલાં આપશ્રીએ નિજપુત્રો તથા સેવકોને આપેલ શિક્ષા કેટલા શ્લોકમાં સમાવિષ્ટ છે ?

જવાબ : (સાડાત્રણ શ્લોકમાં)

સવાલ : ૯૬. નિત્યલીલામાં પધારતાં પહેલાં આપશ્રીએ નિજપુત્રો તથા સેવકોને આપેલ શિક્ષા કયા નામથી ઓળખવામાં આવે છે ?

જવાબ : ('શિક્ષા શ્લોક' નામના લઘુગ્રંથથી)

સવાલ : ૯૭. શ્રીવલ્લભે આસુર વ્યામોહ લીલા પોતાના કેટલા વર્ષની વયે કરી ?

જવાબ : (૫૨ વર્ષની વયે, સવંત ૧૫૮૭ના અષાઢ સુદ - ૨)

સવાલ : ૯૮. 'આસુર વ્યામોહ લીલા' એટલે શું ?

જવાબ : (આસુરી જીવોને આપશ્રી આ દુનિયાનો ત્યાગ કરી ગયા છે એવું બતાવી તેમના મનમાં ભ્રમ ઉત્પન્ન કર્યો.)

સવાલ : ૯૯. 'શિક્ષા શ્લોક' ગ્રંથમાં આપાયેલ ઉપદેશ (શિક્ષા) એક વાક્યમાં કહો.

જવાબ : (શ્રીકૃષ્ણ ઉપર દૃઢ વિશ્વાસ રાખી તેનાથી બહિર્મુખ થયા વગર ભગવદ્ ઈચ્છા પ્રમાણે કામ કરવું)

સવાલ : ૧૦૦. શ્રી મહાપ્રભુજીના પૂર્વજો કયાંના વતની હતા ?

જવાબ : (આંધ્ર પ્રદેશના)

સવાલ : ૧૦૧. શ્રીમહાપ્રભુજીના માતા-પિતા કોણ હતા ?

જવાબ : (ઈલ્લમ્માગારુજી-લક્ષ્મણ ભટ્ટજી)

સવાલ : ૧૦૨. શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય કયારે થયું ?

જવાબ : (સંવત ૧૫૩૫, ચૈત્ર વદ - ૧૧)

સવાલ : ૧૦૩. કાશીના વિદ્વાનો શ્રીમહાપ્રભુજીને શું કહેતા ?

જવાબ : (બાલસરસ્વતી)

સવાલ : ૧૦૪. શ્રીમહાપ્રભુએ સઘળો વિદ્યાભ્યાસ કયારે પૂરો કયો ?

જવાબ : (દસ વર્ષની ઉંમરે)

સવાલ : ૧૦૫. શ્રીમહાપ્રભુજી પહેલી યાત્રા કરવા કોની સાથે પધાર્યા હતા ?

જવાબ : (આપશ્રીના પિતાના સેવકો સાથે)

સવાલ : ૧૦૬. શ્રીમહાપ્રભુજીએ પહેલું ભાગવત પારાયણ કયાં કર્યું હતું ?

જવાબ : (ચંપારણ્યમાં)

સવાલ : ૧૦૭. શ્રીમહાપ્રભુજીએ પહેલો શાસ્ત્રાર્થ કયાં કર્યો હતો ?

જવાબ : (જગન્નાથપુરીમાં)

સવાલ : ૧૦૮. શ્રીમહાપ્રભુજીને કનકાભિષેકનું સન્માન કેટલી વાર મળ્યું હતું ?

જવાબ : (બે વખત)

સવાલ : ૧૦૯. શ્રીમહાપ્રભુજીએ કયા મતનું ખંડન કર્યું ?

જવાબ : (માયાવાદ)

સવાલ : ૧૧૦. શ્રીમહાપ્રભુજીએ કયો મત સ્થાપિત કર્યો ?

જવાબ : (શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ)

સવાલ : ૧૧૧. શ્રીમહાપ્રભુજીએ કયો સંપ્રદાય સ્થાપ્યો ?

જવાબ : (શુદ્ધાદૈત)

સવાલ : ૧૧૨. શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધ કરાવવાની આજ્ઞા કોણે કરી ?

જવાબ : (સાક્ષાત્ ભગવાને)

સવાલ : ૧૧૩. બ્રહ્મસંબંધની આજ્ઞા સમજાવવા શ્રીમહાપ્રભુજીએ કયો ગ્રંથ રચયો ?

જવાબ : (સિદ્ધાંત રહસ્ય)

સવાલ : ૧૧૪. શ્રીમહાપ્રભુજીના મત મુજબ જગતનું સ્વરૂપ કેવું છે ?

જવાબ : (સત્ય)

સવાલ : ૧૧૫. શ્રીમહાપ્રભુજીના મત મુજબ જીવનું સ્વરૂપ કેવું છે ?

જવાબ : (બ્રહ્મનો અંશ)

સવાલ : ૧૧૬. શ્રીમહાપ્રભુજી સંસાર કોને કહે છે ?

જવાબ : (અહંતા અને મમતાને)

સવાલ : ૧૧૭. સંસારનું સ્વરૂપ કેવું છે ?

જવાબ : (મિથ્યા)

સવાલ : ૧૧૮. શ્રીમહાપ્રભુજીએ કોનો સેવા પ્રકાર શરૂ કર્યો ?

જવાબ : (શ્રીનાથજીની સેવાનો)

સવાલ : ૧૧૯. શ્રીમહાપ્રભુજીએ લખેલા ભાષ્યગ્રંથનું નામ શું ?

જવાબ : (અણુભાષ્ય)

સવાલ : ૧૨૦. શ્રીમહાપ્રભુજીએ લખેલા લઘુગ્રંથનો સંગ્રહ કયા નામે પ્રસિદ્ધ છે ?

જવાબ : (ષોડશગ્રંથ)

સવાલ : ૧૨૧. શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતજી પર કઈ ટીકા લખી ?

જવાબ : (શ્રીસુબોધિનીજી)

સવાલ : ૧૨૨. શ્રીમહાપ્રભુજીએ જયાં ભાગવત પારાયણ કર્યાં તે સ્થાન કયા નામે પ્રસિદ્ધ છે ?

જવાબ : (બેઠકજી)

સવાલ : ૧૨૩. શ્રીમહાપ્રભુજીના કેટલા વૈષ્ણવોનાં ચરિત્ર પ્રસિદ્ધ છે ?

જવાબ : (૮૪ વૈષ્ણવો)

સવાલ : ૧૨૪. શ્રીમહાપ્રભુજી ભૂતળ ઉપર કેટલા વર્ષ બિરાજયા ?

જવાબ : (પર વર્ષ)

સવાલ : ૧૨૫. શ્રીમહાપ્રભુજીને કેટલા પુત્રો હતા ? નામ સાથે કહો ?

જવાબ : (બે, શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલેશજી)

સવાલ : ૧૨૬. શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીના કયા અંગનું સ્વરૂપ છે ?

જવાબ : (મુખારવિંદનું)

સવાલ : ૧૨૭. વાદી પંડિતોને નિરુત્તર કરવા માટે શ્રીમહાપ્રભુજીએ એક ગ્રંથ રચ્યો તે કયો ?

જવાબ : (પત્રાવલંબન)

સવાલ : ૧૨૮. આત્મનિવેદી જીવો પોતાના સર્વસ્વનું સમર્પણ પ્રભુને કરી શકે તે માટે શ્રીમહાપ્રભુજીએ શેનો માર્ગ દેખાડ્યો ?

જવાબ : (ગૃહ સેવાનો)

વિષય : શ્રીગુસાંઈજીનું જીવન ચરિત્ર

સવાલ : ૧૨૯. શ્રીગુસાંઈજી કયા સ્વરૂપે ભૂતળ ઉપર પ્રકટ થયા ?

જવાબ : (સાક્ષાત્ શ્રીવિઠ્ઠલનાથજી)

સવાલ : ૧૩૦. શ્રીગુસાંઈજી બાળક હતા ત્યારે શ્રીમહાપ્રભુજીએ કયો ગ્રંથ રચ્યો ?

જવાબ : (ત્રિવિધનામાવલિ)

સવાલ : ૧૩૧. શ્રીગુસાંઈજીની પ્રથમ રચનાનું શું નામ છે ?

જવાબ : (સર્વોતતમ સ્તોત્ર)

સવાલ : ૧૩૨. શ્રીગુંસાઈજી માટે મથુરામાં નિવાસસ્થાનમાં કોણે બંધાવ્યું હતું ?

જવાબ : (ગઢાના રાણી દુર્ગાદેવીએ)

સવાલ : ૧૩૩. શ્રીગુસાંઈજીનું મથુરાનું નિવાસસ્થાન કયા નામે પ્રસિદ્ધ છે ?

જવાબ : (સતધરા)

સવાલ : ૧૩૪. શ્રીગુસાંઈજીને કયા બાદશાહે રાજકીય સન્માન આપ્યું હતું ?

જવાબ : (અકબર બાદશાહે)

સવાલ : ૧૩૫. આપશ્રીને અર્પણ થયેલી કઈ પદવીના કારણે આપશ્રી શ્રીગુસાંઈજી તરીકે પ્રસિદ્ધ થયા.

જવાબ : (ગોસ્વામી)

સવાલ : ૧૩૬. શ્રીગુસાંઈજીએ કેટલી વખત દ્વારકા યાત્રા કરી હતી ?

જવાબ : (છ વખત)

સવાલ : ૧૩૭. શ્રીગુસાંઈજીની કુલ કેટલી બેઠકો છે ?

જવાબ : (૨૮ બેઠકો)

સવાલ : ૧૩૮. ગુજરાતમાં શ્રીગુસાંઈજીની કેટલી બેઠકો છે.

જવાબ : (૭ બેઠકો)

સવાલ : ૧૩૯. શ્રીગુંસાંઈજીએ કયા ગ્રંથની ટીકામાં ગૃહસેવાની સ્પષ્ટતા કરી છે ?

જવાબ : (ભક્તિહંસ ગ્રંથ)

સવાલ : ૧૪૦. શ્રીગુસાંઈજીએ કોના શાપ સ્વીકાર્યા પણ પોતાના પરિવારને સેવાથી વિમુખ ન થવા દીધા.

જવાબ : (કેશવપુરી - આપશ્રીના કાકા)

સવાલ : ૧૪૧. શ્રીગુસાંઈજીએ કયા દિને નિત્યલીલામાં પ્રવેશ કર્યો ?

જવાબ : (સંવત-૧૬૪૨ મહાવદ-૭)

સવાલ : ૧૪૨. શ્રીગુસાંઈજીએ શામાં પ્રવેશ કરી સદેહે આસુર વ્યામોહલીલા કરી ?

જવાબ : (ગોવર્ધન તળેટી ગિરિરાજમાં)

સવાલ : ૧૪૩. શ્રીગુસાંઈજી સાથે કોણ સદેહે નિત્યલીલામાં ગયા હતા ?

જવાબ : (ગોવિંદ સ્વામી)

સવાલ : ૧૪૪. શ્રીગુસાંઈજી પૃથ્વી પર કેટલા વર્ષ સુધી બિરાજ્યા હતા ?

જવાબ : (૭૦ વર્ષ)

સવાલ : ૧૪૫. ભંડારમાં ઘણું દ્રવ્ય ભેગું થઈ જવાથી પ્રભુના સુખ માટે તેનો વિનિયોગ કરવા શ્રીગુંસાઈજીએ શાનો મનોરથ પ્રથમ વખત કર્યો ?

જવાબ : (છપ્પન ભોગ)

સવાલ : ૧૪૬. જગન્નાથપુરીની યાત્રા પછી શ્રીગુસાંઈજીએ શાનો ઉત્સવ સેવામાં અપનાવ્યો ?

જવાબ : (રથયાત્રા)

સવાલ : ૧૪૭. દરરોજ કેટલા જીવોને શરણે લીધા પછી પછીજ બપોરે ભોજન કરવાનો શ્રીગુસાંઈજીનો નિયમ હતો.

જવાબ : (બે જીવોને)

સવાલ : ૧૪૮. ગોકુળમાં શ્રીગુસાંઈજીના કયા નામના વૈષ્ણવ હતા જે શાસ્ત્રાર્થ માટે આવતા વિદ્વાનોને હરાવી દરવાજેથી પાછા રવાના કરી દેતા હતા.

જવાબ : (વિષ્ણુદાસ છીપા)

સવાલ : ૧૪૯. ગોકુળમાં શ્રીગુસાંઈજીના વિશાળ મંદિરનો પાયો કયા વૈષ્ણવે એકલે હાથે એક રાતમાં ખોદ્યો હતો.

જવાબ : (યાદવેન્દ્રદાસ કુંભાર)

સવાલ : ૧૫૦. શ્રીગુસાંઈજીના કેટલાં સંતાન હતાં ?

જવાબ : (સાત પુત્રો અને ચાર પુત્રીઓ)

સવાલ : ૧૫૧. શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય કયાં અને ક્યારે થયું ?

જવાબ : (ચરણાટ (બનારસ નજીક)માં સંવત ૧૫૭૨ના માગસર વદી ૯)

સવાલ : ૧૫૨. શ્રીગુસાંઈજીએ શ્રીયમુનાજી વિષે કયું સ્તોત્ર રચ્યું ?

જવાબ : (યમુનાષ્ટપદી)

સવાલ : ૧૫૩. શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીના કીર્તન માટે કોની રચના કરી ?

જવાબ : (અષ્ટછાપ કવિમંડળની)

સવાલ : ૧૫૪. શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનો કયો ગ્રંથ પૂરો કર્યો ?

જવાબ : (શ્રીઅણુભાષ્ય)

સવાલ : ૧૫૫. શ્રીગુસાંઈજીએ કઈ સાલમાં લીલા પ્રવેશ કર્યો ?

જવાબ : (વિ. સં. ૧૬૪૨)

સવાલ : ૧૫૬. શ્રીગુસાંઈજીનો જીવનકાલ ક્યાંથી ક્યાં સુધી ?

જવાબ : (વિ. સં. ૧૫૭૨ થી ૧૬૪૨ સુધી)

સવાલ : ૧૫૭. શ્રીગુસાંઈજીના રાજવંશી સેવકોમાંથી કોઈપણ પાંચનાં નામ આપો.

જવાબ : (રાજા બીરબલ, ટોડરમલ, માનસિંહ, રાજા આશકરણ, ધોળકાનાં રાણી લાછબાઈના, મેવાડનાં અજબકુંવરી, રાજા જોતસિંહ, રૂપમંજરી વગેરે)

સવાલ : ૧૫૮. શ્રીગુસાંઈજીના સેવકોમાંથી અષ્ટસખા મંડળમાં સ્થાન પામનાર ચાર સેવકોનાં નામ ગણાવો.

જવાબ : (ગોવિંદસ્વામી, ચતુર્ભુજદાસ, છીતસ્વામી, નંદદાસજી)

સવાલ : ૧૫૯. શ્રીગુસાંઈજી સંગીત કલામાં નિષ્ણાત હોવાથી, આપની, એ કલાને અનુલક્ષીને આપને કેવું ઉપનામ આપવામાં આવ્યું છે ?

જવાબ : ("ગીતસંગીતકાર")

સવાલ : ૧૬૦. ભગવાનના રસાત્મક સ્વરૂપને વ્યક્ત કરતાં કયાં સ્તોત્રો શ્રીગુસાંઈજીએ રચ્યાં છે ?

જવાબ : (સ્વામિની સ્તોત્ર, સ્વામિન્યુષ્ટિક, લલિત ત્રિભંગ, મંગલં મંગલમ્)

સવાલ : ૧૬૧. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ ઉપર શ્રીગુસાંઈજીએ કયો ગ્રંથ રચ્યો છે ?

જવાબ : (વિદ્વન્ મંડન)

સવાલ : ૧૬૨. શ્રીગુસાંઈજીએ કેટલી વિજ્ઞપ્તિઓ રચી છે ? કયા સ્થળે ?

જવાબ : (નવ વિજ્ઞાપ્તિઓ ચંદ્ર સરોવર ઉપર લખી)

સવાલ : ૧૬૩. શ્રીગુસાંઈજીએ સુબોધિનીનો ભાવ સ્પષ્ટ કરવા માટે કયો ગ્રંથ રચ્યો છે ?

જવાબ : (''ટિપ્પણી'')

સવાલ : ૧૬૪. શ્રીમહાપ્રભુજીની આસુર વ્યામોહ લીલા પ્રસંગ પછી પુષ્ટિ સંપ્રદાયની ગાદી ઉપર શ્રીગુસાંઈજી બિરાજ્યા. સાચું કે ખોટું ?

જવાબ : (ખોટું, શ્રીગુસાંઈજી નહીં પણ શ્રીગોપીનાથજી બિરાજ્યા)

સવાલ : ૧૬૫. શ્રીગુસાંઈજીના ૧૦૮ નામો ગણાવતા સ્તોત્રનું નામ શું ? અને એ સ્તોત્ર કોણે રચ્યું ?

જવાબ : (નામ રત્નાખ્ય સ્તોત્ર શ્રીરઘુનાથજીએ રચ્યુ)

સવાલ : ૧૬૬. શ્રીગુસાંઈજીના કયા ગ્રંથનુ સ્વ-સંપ્રદાયમાં ગાયત્રી ગણવામાં આવે છે ?

જવાબ : (સર્વોત્તમ સ્તોત્ર ગ્રંથને)

વિષય : શ્રીકૃષ્ણ પ્રાકટ્ય અને બાળ લીલા

સવાલ : ૧૬૭. શ્રીકૃષ્ણના પ્રાકટ્યનો ઉત્સવ મથુરામાં થયો હતો કે ગોકુળમાં.

જવાબ : (ગોકુળમાં)

સવાલ : ૧૬૮. શ્રીકૃષ્ણ ભગવાને કેટલામે વર્ષે શ્રીગિરિરાજ ધારણ કર્યો હતો ? કેટલા દિવસ ? શા માટે ?

જવાબ : (સાતમા વર્ષે સાત દિવસ નિજભક્તોનું વૃષ્ટિથી રક્ષણ કરવા)

સવાલ : ૧૬૯. શ્રીકૃષ્ણ ગોચારણ માટે સૌ પ્રથમ કેટલામે વર્ષે પધાર્યા હતા ? એ દિવસ કયો ?

જવાબ : (છઠ્ઠા વર્ષે, ગોપાષ્ટમીનો દિવસ)

સવાલ : ૧૭૦. યશોદાજીએ શ્રીકૃષ્ણને ખાણિયા સાથે શા માટે બાંધ્યા હતા ?

જવાબ : (દહીંની મટકી ફોડી નાખી હતી માટે)

સવાલ : ૧૭૧. દામોદર સ્વરૂપે શ્રીકૃષ્ણ ભગવાને યમુનાજીના કિનારે કોનો ઉદ્ધાર કર્યો હતો ?

જવાબ : (યમલાર્જુન વૃક્ષનો)

સવાલ : ૧૭૨. યમલાર્જુન પૂર્વજન્મમાં કોણ હતા ?

જવાબ : (કુબેરના દીકરા)

સવાલ : ૧૭૩. રાસલીલામાં શ્રીપ્રભુએ ગોપીજનોને કેવી રીતે બોલાવ્યા ?

જવાબ : (વેણુનાદ કરીને)

સવાલ : ૧૭૪. ભગવાને રાસલીલાનો પ્રારંભ કર્યો એ દિવસ કયો ?

જવાબ : (શરદ પૂર્ણિમા)

સવાલ : ૧૭૫. શ્રીકૃષ્ણએ યશોદાજીને મુખમાં શેનાં દર્શન કરાવ્યાં ?

જવાબ : (બ્રહ્માંડનાં)

સવાલ : ૧૭૬. નંદાલયની પાસે શ્રીરાધાજીના ગામનું નામ શું ?

જવાબ : (બરસાના)

સવાલ : ૧૭૭. શ્રીકૃષ્ણ ભગવાન વ્રજમાં કેટલાં વર્ષ રહ્યાં ?

જવાબ : (૧૧ વર્ષ અને ૫૨ દિવસ)

સવાલ : ૧૭૮. ભગવાને મથુરામાં પ્રવેશતા સૌ પ્રથમ કોને માર્યો ?

જવાબ : (ધોબીને)

સવાલ : ૧૭૯. મથુરામાં કુબ્જા કંસ માટે લઈ જતી તે શું હતું ?

જવાબ : (ચંદન)

સવાલ : ૧૮૦. કુબ્જાના કેટલાં અંગ વાંકાં હતાં ?

જવાબ : (ત્રણ અંગ)

સવાલ : ૧૮૧. ભગવાને પૂતનાને મારી ત્યારે તેમની વય કેટલી હતી ?

જવાબ : (છ દિવસ)

સવાલ : ૧૮૨. નંદ યશોદા પૂર્વ જન્મમાં કોણ હતા ?

જવાબ : (દ્રોણ વસુ અને એમના સ્ત્રી શ્રીધરા)

સવાલ : ૧૮૩. દ્રોણ વસુએ શ્રીકૃષ્ણ પોતાને ઘેર બાલકરૂપે પધારે તે માટે કોની પાસે વરદાન માગ્યું હતું ?

જવાબ : (બ્રહ્માજી પાસે)

સવાલ : ૧૮૪. પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણની સેવા કયા ભાવથી કરવાની હોય છે ?

જવાબ : (બાલ ભાવથી)

સવાલ : ૧૮૫. બ્રહ્માજી જ્યારે વાછરડા અને ગોવાળિયાનું હરણ કરી ગયા ત્યારે નવા વાછરડા, ગોવાળિયા શ્રીકૃષ્ણ ક્યાંથી લાવ્યા ?

જવાબ : (શ્રીકૃષ્ણ પોતેજ વાછરડા, ગોવાળિયા રૂપે પ્રકટ્યા હતા)

સવાલ : (શ્રીકૃષ્ણએ બ્રહ્માજીનું અભિમાન કેવી રીતે દૂર કર્યું ?)

અથવા

સવાલ : બ્રહ્માજીની શરારત કઈ હતી ? શ્રીકૃષ્ણએ કેવી રીતે જવાબ આપ્યો ?

જવાબ : (વનમાં બ્રહ્માજીએ શ્રીકૃષ્ણની સાથેનાં વાછરડા અને ગોવાળિયાઓ હરણ કરી અદશય કર્યા ત્યારે શ્રીકૃષ્ણ પોતે જ વાછરડા અને ગોવાળિયા રૂપે પ્રકટ્યા હતા.)

સવાલ : ૧૮૬. ધેનુકાસુરને શ્રીબલદેવે માર્યો એ સ્થાન કયું ?

જવાબ : (તાલવન)

સવાલ : ૧૮૭. કાળિયનાગને શ્રીકૃષ્ણને નાથ્યો એ સ્થાન કયાં આવ્યું ?

જવાબ : (વૃંદાવન)

સવાલ : ૧૮૮. રાધિકાના માતાપિતાનું નામ શું હતું ?

જવાબ : (વૃષભાન - કીર્તિદેવી)

સવાલ : ૧૮૯. દશમ સ્કંધને શ્રીનાથજીના બાર અંગોમાંથી કયા અંગની ઉપમા આપવામાં આવી છે ?

જવાબ : (હૃદયની ઉપમા)

સવાલ : ૧૯૦. દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણની ત્રણ પ્રકારની લીલાઓ વર્ણવી છે, એ ત્રણ પ્રકારની લીલાઓના નામ ગણાવો.

જવાબ : (બાળલીલા, પ્રૌઢલીલા, રાજલીલા)

સવાલ : ૧૯૧. શ્રીમહાપ્રભુજીના મત પ્રમાણે શ્રીકૃષ્ણની બાળલીલાના પાઠથી શ્રીકૃષ્ણમાં શું ઉદ્ભવે છે ?

જવાબ : (પ્રેમ)

સવાલ : ૧૯૨. કંસને કેવી આકાશવાણી સંભળાઈ ?

જવાબ : (તારી બહેન દેવકીને આઠમો પુત્ર તને મારશે)

સવાલ : ૧૯૩. વસુદેવજીએ બાલકૃષ્ણને છાબમાં પધરાવીએ છાબને માથા ઉપર મૂકી. એ પ્રસંગને કયા નામે ઓળખાવી શકાય ?

જવાબ : (બ્રહ્મસંબંધ)

સવાલ : ૧૯૪. શ્રીકૃષ્ણને ગોકુળમાં મૂકવા જતાં વસુદેવની બેડી તૂટી ગઈ અને પાછા મથુરાના કારાગારમાં આવી જતાં તે સંધાઈ ગઈ તેનું રહસ્ય સમજાવો.

જવાબ : (શ્રીકૃષ્ણને માથે પધરાવતાં બંધનો તૂટે છે અને છોડી દેતાં બંધનો ફરી જોડાય છે.)

સવાલ : ૧૯૫. પુષ્ટિજીવની મુક્તિ એટલે શું ?

જવાબ : (સ્વરૂપાનંદની પ્રાપ્તિ)

સવાલ : ૧૯૬. પૂતના કૃષ્ણને મારવા ગોકુળમાં આવી તે દિવસે નંદબાવા ક્યાં હતા ?

જવાબ : (મથુર)

સવાલ : ૧૯૭. શ્રીકૃષ્ણએ પૂતનાને માતાને યોગ્ય પદવી આપી એવું

કેવી રીતે પ્રમાણ પુરઃસર કહી શકાય ?

જવાબ : (શ્રીકૃષ્ણએ પૂતનાનું દૂધપાન કર્યું તેથી કહી શકાય કે તેને માતાની પદવી આપી)

સવાલ : ૧૯૮. પૂતનાના મૃત્યુ પ્રસંગને કયા નામને યથાર્થ ઓળખાવી શકાય (૧) પૂતના વધ (૨) પૂતના મોક્ષ (૩) પૂતના અપમૃત્યુ.

જવાબ : (પૂતના મોક્ષ)

સવાલ : ૧૯૯. શ્રીકૃષ્ણએ શકટાસુરનો વધ કેવી રીતે કર્યો ?

જવાબ : (શ્રીકૃષ્ણએ ગાડા (શકટ)ને લાત મારી)

સવાલ : ૨૦૦. તૃણાવર્તે કેવા સ્વરૂપે બાલકૃષ્ણને વધ કરવા પ્રયાસ કર્યો ?

જવાબ : (વંટોળિયાના સ્વરૂપે)

સવાલ : ૨૦૧. શ્રીકૃષ્ણએ માતા જશોદાને કયા પ્રસંગે અને કેવી રીતે બ્રહ્માંડનું દર્શન કરાવ્યું ?

જવાબ : (પ્રસંગ માટી ખાવાનો. બલરામ અને બીજા ગોવાળિયાઓએ શ્રીકૃષ્ણે માટી ખાધાની વાત કરી. શ્રીકૃષ્ણએ માટી નથી ખાધી એમ કહ્યું ત્યારે માતા યશોદાએ મોઢું ખોલવાનું કહ્યું તે વખતે બ્રહ્માંડનું દર્શન કરાવ્યું)

સવાલ : ૨૦૨. શ્રીકૃષ્ણએ કયા સ્થળે માટી ખાધી ?

જવાબ : (બ્રહ્માંડ ઘાટ ઉપર)

સવાલ : ૨૦૩. શ્રીકૃષ્ણએ પોતે માટી ખાધી નથી એવું બતાવવા માટે

પોતે ઉઘાડેલ મુખમાં માતા યશોદાએ કેટલી માટી જોઈ ?

જવાબ : (બિલકુલ પણ નહિ. ઊલટાનું મોઢું ખોલતાં બ્રહ્માંડ દેખાયું)

સવાલ : ૨૦૪. શ્રીકૃષ્ણને દોરી વડે બાંધતા માતા જશોદાને કેવી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો ?

જવાબ : (જેટલી વખત દોરીઓ લીધી તે દરેક વખતે દોરી બે આંગળ નાની પડતી. આમ કરતા માતા પ્રસ્વેદથી રેબઝેબ થઈ ગયા.)

સવાલ : ૨૦૫. દામોદર એટલે શું ? શ્રીકૃષ્ણનું એ નામ શાથી પડ્યું ?

જવાબ : (દોરી (દામણું)થી પેટ (ઉદર) ઉપર બાંધવું તે દામોદર શ્રીકૃષ્ણ માતા યશોદા દ્વારા આ રીતે બંધાયા હતા તેથી એ નામ પડ્યું)

સવાલ : ૨૦૬. શ્રીકૃષ્ણ ભગવાને બકાસુરનો વધ કેવી રીતે કર્યો ?

જવાબ : (બકાસુર નામનો દૈત્ય બગલાના રૂપમાં બંને ચાંચ વડે શ્રીકૃષ્ણ ઉપર પ્રહાર કરવા લાગ્યો ત્યારે શ્રીકૃષ્ણે તેની ચાંચને ચીરી નાખી)

સવાલ : ૨૦૭. શ્રીકૃષ્ણ બલરામનો વધ કરવા અઘાસુરે કયું સ્વરૂપ ધારણ કર્યું ?

જવાબ : (મોટી ગુફા જેવું ઊંડું અજગરનું સ્વરૂપ)

સવાલ : ૨૦૮. શ્રીકૃષ્ણએ અઘાસુરનો વધ કેવી રીતે કર્યો ?

જવાબ : (શ્રીકૃષ્ણ અને ગોવાળિયાઓને ગળી જવા જયારે અઘાસુરે મોઢું બંધ કર્યું ત્યારે શ્રીકૃષ્ણે શરીર વધારી તેનો કંઠ રૂંધ્યો)

સવાલ : ૨૦૯. કયા પ્રસંગથી મોહ પામી બ્રહ્માએ શ્રીકૃષ્ણની પરીક્ષા કરવા તેમનાં વાછરડાં અને ગોપ મિત્રોને અદશ્ય કરી તેઓ લઈ ગયા ?

જવાબ : (બાળકૃષ્ણને ગોવાળો સાથે જમતાં જોઈ અને મધુમંગલના મુખ ઉપરની છાશ શ્રીકૃષ્ણને ચાટતા જોઈ બ્રહ્મા મોહ પામી ગયા)

સવાલ : ૨૧૦. કાલિય નિગ્રહ પછી શ્રીકૃષ્ણએ કાલિયને ક્યાં જઈ રહેવાની આજ્ઞા કરી ?

જવાબ : (રમણક દ્વીપમાં)

સવાલ : ૨૧૧. વનપ્રદેશમાં લાગેલ દાવાનલમાંથી શ્રીકૃષ્ણએ વ્રજવાસીઓને કેવી રીતે બચાવ્યા ?

જવાબ : (ગોવાળ સ્વરૂપે)

સવાલ : ૨૧૨. પ્રલંબાસુર કેવા સ્વરૂપે શ્રીકૃષ્ણ બલરામનો વધ કરવા આવ્યો ?

જવાબ : (ગોવાળ સ્વરૂપે)

સવાલ : ૨૧૩. પ્રલંબાસુરનો વધ કોણે કર્યો ?

જવાબ : (બલરામે)

સવાલ: ૨૧૪. શ્રીકૃષ્ણએ કઈ ઋતુમાં વેણુગીત ગાયું ?

જવાબ : (શરદઋતુમાં)

સવાલ : ૨૧૫. વેણુગીત કોણે ગાય છે ? વેણુ કોણ વગાડે છે ?

જવાબ : (ગોપબાળાઓ ગાય છે, વેણુ શ્રીકૃષ્ણ વગાડે છે)

સવાલ : ૨૧૬. શ્રીકૃષ્ણને પોતાના પતિ તરીકે પામવા માટે વ્રજની બાલિકાઓ કઈ દેવીનું પૂજન કરતી હતી ?

જવાબ : (કાત્યાયની દેવીનું)

સવાલ : ૨૧૭. કુમારિકાઓનાં વસ્ત્ર હરણ કરીને શ્રીકૃષ્ણે તેમનો કયો ભાવ છોડાવ્યા ?

જવાબ : (લજ્જા ભાવ)

સવાલ : ૨૧૮. શ્રીકૃષ્ણએ ઋષિ પત્નીઓ ઉપર કેવી રીતે અનુગ્રહ કર્યો ?

જવાબ : (શ્રીકૃષ્ણએ ઋષિ પત્નીઓને યજ્ઞ મંડપમાં પરત જવા માટે ક્હ્યું અને ઉમેર્યું કે તમાર પતિ વગેરે તમારા પ્રતિ દોષ દૃષ્ટિથી જોશે નહિ)

સવાલ : ૨૧૯. કોના માટે શ્રીનાથજી મેવાડ પધાર્યા ? ૧. મીરાંબાઈ ૨. અજબકુંવર ૩. ગંગાબાઈ.

જવાબ : (અજબકુંવર)

વિષય : શ્રી યમુનાષ્ટક

સવાલ : ૨૨૦. **શ્રીમહાપ્રભુજીએ યમુનાષ્ટકની રચના ક્યારે અને કઈ ઉંમરે કરી ?**

જવાબ : (વિ. સંવત૧૫૪૯ શ્રાવણ સુદ-૩, તેર વર્ષની ઉંમરે)

સવાલ : ૨૨૧. **શ્રીમહાપ્રભુજીએ યુમનાષ્ટકની રચના ક્યાં કરી ?**

જવાબ : (ગોકુલમાં, મહાવનમાં યમુના કિનારે)

સવાલ : ૨૨૨. **યમુનાષ્ટકમાં શ્રીયમુનાજીના કયા સ્વરૂપનાં વર્ણન છે ?**

જવાબ : (આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક અષ્ટવિધ ઐશ્વર્યોનું વર્ણન છે)

સવાલ : ૨૨૩. **યમુનાજી શું આપે છે ?**

જવાબ : (અનેક વિધ (સકલ) સિદ્ધિઓને પૂર્ણ કરે છે)

અથવા

તનુનવત્વ આપે છે

અથવા

૧. સાક્ષાત્ ભગવત્સેવોપયોગી દેહની પ્રાપ્તિ
૨. ભગવલ્લીલાના દર્શનનું સામર્થ્ય
૩. ભગવલ્લીલાના રસોનું અનુભવ કરવાનું સામર્થ્ય
૪. સર્વાત્મભાવ

સવાલ : ૨૨૪. **યમુનાજી ભગવાન પ્રત્યે શું વધારે છે ?**

જવાબ : (ભગવદ્ભાવ, રતિ યા પ્રીતિ)

સવાલ : ૨૨૫. યમુનાજી શું કરે છે ?

જવાબ : (શ્રીકૃષ્ણ પ્રાપ્તિના પ્રતિબંધ, વિઘ્ન તથા ભક્તોના કલિરૂપ દોષ યા બન્ને દૂર કરે છે)

સવાલ : ૨૨૬. યમુનાજીની સેવા કરવાથી શું નથી થતું ?

જવાબ : (યમયાતના નથી થતી)

સવાલ : ૨૨૭. તનુનવત્વ એટલે શું ?

જવાબ : (દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને આત્મા દ્વારા ભગવત્ સ્વરૂપની પ્રાપ્તિ, અનુભૂતિ તેમજ શરીરનું નવિનીકરણ)

સવાલ : ૨૨૮. યમુનાજીની કૃપાથી શું ફળ મળે છે ?

જવાબ : (સ્વભાવવિજય, પ્રતિબંધક દોષોની નિવૃત્તિ અને ભગવદ્ ભક્તિ અથવા ભગવત્પ્રેમ)

સવાલ : ૨૨૯. યમુનાજી કોનાં પુત્રી છે ? કોનાં બહેન છે ?

જવાબ : (આદિદૈવિક સૂર્યનાં પુત્રી અને યમદેવના બહેન)

સવાલ : ૨૩૦. યમુનાજી ગોલોકમાંથી પૃથ્વી ઉપર કયાં પધાર્યા ?

જવાબ : (કલિન્દ પર્વત ઉપર)

સવાલ : ૨૩૧. શ્રીભગવાનના છ ધર્મો યમુનાજીમાં પણ છે એ વર્ણન કયા શ્લોકમાં આવે છે ?

જવાબ : (ચોથા શ્લોકમાં)

સવાલ : ૨૩૨. યમુનાષ્ટકની માત્ર એકજ લીટીથી કોને યમુનાજી પ્રત્યક્ષ મળ્યાં ?

જવાબ : (કિશોરીબાઈને)

સવાલ : ૨૩૩. અષ્ટક એટલે તો આઠ પદ. યમુનાષ્ટકમાં નવ શ્લોક છે. નવમો શ્લોક શું સૂચવે છે ?

જવાબ : (ફળશ્રુતિ)

સવાલ : ૨૩૪. શ્રીયમુનાષ્ટક ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ કોને શીખવ્યો ?

જવાબ : (પરમાનંદદાસ)

સવાલ : ૨૩૫. શ્રીયમુનાષ્ટકનું સૌથી વિશેષ ફળ કોને મળ્યું ?

જવાબ : (કિશોરીબાઈ)

સવાલ : ૨૩૬. કિશોરબાઈને શ્રીયમુનાષ્ટકના એકજ પદની માત્ર એક કડી આવડતી હતી. કઈ ?

જવાબ : (વિશુદ્ધમથુરાતટે સકલગોપગોપીવૃતે)

સવાલ : ૨૩૭. કિશોરીબાઈ તદ્દન નાદુરસ્ત તબિયતમાંથી ફરીથી નિરોગી કેવી રીતે થયા ?

જવાબ : (શ્રીયમુનાજીએ સાક્ષાત્ પોતે સ્ત્રીનું રૂપ લઈને સેવા કરી હતી માટે)

સવાલ : ૨૩૮. શ્રીયમુનાષ્ટક ગ્રંથ ષોડશગ્રંથમાં પહેલો કેમ ગણાયો છે ?

જવાબ : (શ્રીયમુનાષ્ટકના પાઠ કરવાથી સેવા માટે જરૂરી હૃદયની શુદ્ધિ થાય છે, અને બધાં પાપોનો નાશ થાય છે. ટૂંકમાં પુષ્ટિમાર્ગમાં પ્રવેશવાની યોગ્યતા મળે છે માટે)

સવાલ : ૨૩૯. શ્રીયમુનાષ્ટક ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ જ રચ્યો છે. એ કઈ કડી ઉપરથી સિદ્ધ થાય છે ?

જવાબ : (છેલ્લી કડી - वदति वल्लभः श्रीहरेः ।)

સવાલ : ૨૪૦. શ્રીયમુનાષ્ટકનો એ શ્લોક બોલો જેમાં **तनुनवत्वमेतावता** એ કડી આવે છે.

જવાબ : (ममास्तु तव सन्निधौ, तनुनवत्वमेतावता ।)

સવાલ : ૨૪૧. શ્રીયમુનાષ્ટક ગ્રંથમાં શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજી બન્નેનું વર્ણન અને બન્નેના ધર્મ આવે છે એ શ્લોક કયો ?

જવાબ : (અનન્તગુણભૂષિતે, શિવ વિરંચિદેવસ્તુતે ।)

સવાલ : ૨૪૨. શ્રીયમુનાજીનું પાન કરવાથી ભક્તોને યમયાતના થતી નથી આ ભાવ દર્શાવતો શ્લોક કયો ?

જવાબ : (नमोस्तु यमुने सदा, तव चरित्रमत्यद्भुतं ।
न जातु यमयातना, भवति ते पयःपानतः ॥)

સવાલ : ૨૪૩. શ્રીયમુનાજીએ ભાઈ પાસે શું માગ્યું ?

જવાબ : (મારુ દૂધ (જળ) પીધું હોય તેવા મારા ભક્તોને યમયાતના ન થાય તે માગ્યું)

સવાલ : ૨૪૪. શ્રીયમુનાજી ક્યાં બે નામથી પ્રસિદ્ધ છે ?

જવાબ : (યમુના અને કાલિન્દી)

સવાલ : ૨૪૫. શ્રીયમુનાષ્ટકનો પાઠ "આનંદપૂર્વક" કરવો અને "હંમેશા" કરવો આ વાત દર્શાવતા બે શબ્દો કહો, કયા પદમાં આવે છે ?

જવાબ : (મુદા અને સદા, તવાષ્ટકમિંદ મુદા, પઠતિ સુરસૂતે સદા ।)

સવાલ : ૨૪૬. શ્રીયમુનાષ્ટકનું ત્રીજું ઐશ્વર્ય કયું ?

જવાબ : (જીવ, ભગવાનનો સંબંધ જોડવામાં જે વિઘ્નો આવે તે

શ્રીયમુનાજી દૂર કરે છે - ટૂંકમાં ભૂતળને પાવન કરવું)

સવાલ : ૨૪૭. યમુના જળનો સંપર્ક પ્રભુના સાક્ષાત્ અંગસ્પર્શ બરાબર છે. આ કેટલામું ઐશ્વર્ય ? શ્લોક કયો ?

જવાબ : (આઠમું इयं तव कथाधिका, सकल गोपिकासंगमः
स्मरश्रमजलाणुभिः, सकलगात्रजैः संगमः ॥)

વિષય : શ્રીકૃષ્ણાશ્રય

સવાલ : ૨૪૮. કૃષ્ણાશ્રય ગ્રંથની રચના કયાં અને ક્યારે થઈ ?

જવાબ : (અડેલ ગામમાં સંવત ૧૫૭૦માં)

સવાલ : ૨૪૯. કૃષ્ણાશ્રયની રચના કયા વૈષ્ણવ માટે થઈ ?

જવાબ : (લાહોરના બુલામિશ્ર માટે)

સવાલ : ૨૫૦. કૃષ્ણાશ્રય ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ જેમના માટે રચ્યો તે બુલામિશ્રને આ ગ્રંથથી કયું ફળ પ્રાપ્ત થયું ?

જવાબ : (પુષ્ટિ ભક્તિનું અલૌકિક ફળ)

સવાલ : ૨૫૧. શ્રીકૃષ્ણ એજ આશ્રય એવો ભાવ કૃષ્ણાશ્રય ગ્રંથમાં પદે પદે લખાયો છે એ કયું પદ ?

જવાબ : ("કૃષ્ણ એવ ગતર્મમ")

સવાલ : ૨૫૨. આ ખલધર્મ પ્રધાન કલિયુગમાં લોકોમાં પાખંડની અધિકતા થઈ છે તેવા સમયમાં શ્રીકૃષ્ણ એજ મારો આશ્રય છે. આ ભાવ કૃષ્ણાશ્રય ગ્રંથના કયા શ્લોકમાં છે ? એમાં શેનું વર્ણન છે ?

જવાબ : (સર્વમાર્ગેષુ નષ્ટેષુ, કલૌ ચ ખલધર્મિણિ । પાખંડ પ્રચુરે લોકે, કૃષ્ણ એવ ગતિર્મમ ।। આ શ્લોકમાં ભારતની તત્કાલીન પરિસ્થિતિ હાલની અસાધકતાનું વર્ણન છે.

સવાલ : ૨૫૩. સર્વ દેશો વિધર્મીઓથી ભરાયેલા છે તથા પાપનાં સ્થાન થઈ ગયા છે. સારા માણસોને પીડા થાય છે. તેવી સ્થિતિનો સામનો શ્રીકૃષ્ણના આશ્રયથીજ થાય

છે. કૃષ્ણાશ્રયમાં આ ભાવવાળો શ્લોક કયો છે ? એમાં શેનું વર્ણન છે ?

જવાબ : (મ્લેચ્છાક્રાંતેષુ દેશેષુ, પાપૈકનિલયેષુ ચ । સત્પીડાવ્યગ્રલોકેષુ, કૃષ્ણ એવ ગતિર્મમમ ॥ આ શ્લોકમાં દેશની અસાધકતાનું વર્ણન છે.)

સવાલ : ૨૫૪. કૃષ્ણાશ્રય ગ્રંથનો ત્રીજો શ્લોક બોલો. તેમાં કયો ભાવ છે ?

જવાબ : (ગંગાદિતીર્થવર્યેષુ, દુષ્ટૈરેવાવૃતેષ્વિહ । તિરોહિતાધિદૈવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥ આ શ્લોકમાં ગંગા આદિ તીર્થો પણ દુષ્ટોથી ઘેરાયેલા હોવાથી તેમની આધિદૈવિકતા નાશ પામી છે, એમાં દ્રવ્યની અસાધકતાનું વર્ણન છે.)

સવાલ : ૨૫૫. કૃષ્ણાશ્રય ગ્રંથના એક શ્લોકમાં એવો ભાવ છે કે વ્રત અને નિયમ યોગ્ય રીતે થયા નથી, દેવતાઓ વગેરે અદશ્ય થયા છે. ત્યાં શ્રીકૃષ્ણ એજ મારો આશ્રય છે. આ શ્લોક કયો ? અને તેમાં શેનું વર્ણન છે ?

જવાબ : (અપરિજ્ઞાનષ્ટેષુ, મંત્રેષ્વવ્રતયોગિષુ । તિરોહિતાર્થદેવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥ આશ્લોકમાં મંત્રી અસાધકતા અને અજ્ઞાનતાનું વર્ણન છે.)

સવાલ : ૨૫૬. બધા કર્મો વાદવિવાદ કરીને નાશ પામ્યા છે અને કેવલ પાખંડો માટે જ પ્રયત્ન થાય છે ત્યારે શ્રીકૃષ્ણ એજ મારો આશ્રય છે, આ ભાવવાળો શ્લોક કયો ? તેમાં શેનું વર્ણન છે ?

જવાબ : (નાનાવાદવિનષ્ટેષુ, સર્વકર્મવ્રતાદિષુ । પાંખડૈ કે પ્રયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥ આ શ્લોકમાં કર્મની અસાધકતા તથા સર્વ કર્મ વ્રત, યજ્ઞો ભિન્ન ભિન્ન વાદને કારણે ફળનો નાશ થતો તેનું વર્ણન છે.)

સવાલ : ૨૫૭. કૃષ્ણાશ્રયના એક શ્લોકમાં એવું દર્શાવ્યું છે કે શ્રીહરિનું નામ દેવા માત્રથી પાપની નિવૃત્તિ થાય છે, એવા માહાત્મ્યને જણાવનારા શ્રીકૃષ્ણજ મારો આશ્રય છે. આ શ્લોક બોલો. એમાં શેનું વર્ણન છે ?

જવાબ : (અજામિલાદિદોષાણાં, નાશકોનુભવે સ્થિતઃ । જ્ઞાપિતાખિલમાહાત્મ્યઃ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥ આ શ્લોકમાં ધર્મ પુરુષાર્થનું વર્ણન છે)

સવાલ : ૨૫૮. કૃષ્ણાશ્રય ગ્રંથના એક શ્લોકમાં સર્વ દેવતાઓને પ્રકૃતિના કાર્યરૂપ કહ્યા છે. કૃષ્ણજ પૂર્ણાનંદ રૂપ છે એમ કહ્યું છે. તે શ્લોકો બોલો. એમાં શેનું વર્ણન છે ?

જવાબ : (પ્રાકૃતાઃ સકલાદેવા, ગણિતાનંદકં બૃહત્ । પૂર્ણાનંદો હરિસ્તસ્માત્, કૃષ્ણએવ ગતિર્મમ ॥ આ શ્લોકમાં શ્રીકૃષ્ણની પ્રાપ્તિ એજ અર્થ પુરુષાર્થ છે તથા કૃષ્ણ પૂર્ણાનંદ છે એનું વર્ણન છે)

સવાલ : ૨૫૯. કૃષ્ણાશ્રય ગ્રંથના એક શ્લોકમાં જીવને વિવેક ધૈર્ય, ભક્તિ વગેરે ધર્મોથી રહિત કહ્યો છે અને તેમાં પણ શ્રીકૃષ્ણ એજ જીવની ગતિ છે એમ કહ્યું છે એ શ્લોક કયો ? એમાં શેનું વર્ણન છે ?

જવાબ : (વિવેકધૈર્યભક્ત્યાદિ, રહિતસ્ય વિશેષતઃ । પાપાસક્તસ્ય

દીનસ્ય, કૃષ્ણ એવ ગતિર્મમ ॥ આ શ્લોકમાં કામ પુરુષાર્થનું વર્ણન છે)

સવાલ : ૨૬૦. કૃષ્ણાશ્રય ગ્રંથના છેલ્લેથી બીજા શ્લોકમાં શેનું વર્ણન છે ?

જવાબ : (સર્વસામર્થ્ય સહિતઃ, સર્વત્રૈવાખિલાર્થકૃત । આ શ્લોકમાં મોક્ષ પુરુષાર્થનું, પ્રભુ સર્વ સમર્થ છે, સર્વ ગુણ સંપન્ન છે અને વૈરાગ્યનું દાન કરી ફલ આપે છે એનું વર્ણન છે)

સવાલ : ૨૬૧. કૃષ્ણાશ્રય ગ્રંથના છેલ્લા શ્લોકમાં શેનું નિરૂપણ છે ?

જવાબ : (એ શ્લોકમાં એવું દર્શાવ્યું છે કે શ્રીમહાપ્રભુજીના કહેવા પ્રમાણે કૃષ્ણાશ્રય ગ્રંથનો શ્રીકૃષ્ણના સાન્નિધ્યમાં પાઠ કરે તેને શ્રીકૃષ્ણ પોતે આશ્રયરૂપે થાય છે તેમાં આત્મારૂપ ફલનું નિરૂપણ છે)

વિષય : નવરત્ન

સવાલ : ૨૬૨. શ્રીમહાપ્રભુજીએ નવરત્ન ગ્રંથ ક્યાં અને ક્યારે લખ્યો ?

જવાબ : (અડેલમાં વિ. સં. ૧૫૫૮માં)

સવાલ : ૨૬૩. શ્રીમહાપ્રભુજીએ નવરત્ન ગ્રંથ કયા વૈષ્ણવ માટે કયા કારણસર લખ્યો ?

જવાબ : (ખેરાળુના ગોવિંદ દૂબે માટે સેવામાં ચિત્ત ચોંટતું નથી એવો પત્ર લખ્યો ત્યારે તે વ્યગ્રતા દૂર કરવા રચ્યો)

સવાલ : ૨૬૪. નવરત્ન ગ્રંથ શ્રીમહાપ્રભુજી જીવને શું સમજાવે છે ?

જવાબ : (ભગવત્ સેવામાં ચિંતા છોડી નિશ્ચિંત બનવાનું સમજાવે છે)

સવાલ : ૨૬૫. નવરત્ન ગ્રંથમાં કુલ કેટલા શ્લોક છે ? દરેકમાં મુખ્ય શેનો ઉપદેશ છે ?

જવાબ : (કુલ નવ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ ચિંતાની નિવૃત્તિના ઉપદેશ કર્યા છે)

સવાલ : ૨૬૬. ઠાકોરજીની સેવા કરતા પણ ચિત્ત ચોંટે નહીં અને મન બીજે ભટકે તેના ઉપાય તરીકે શ્રીમહાપ્રભુજીએ કયો ગ્રંથ રચ્યો ? એમાં મુખ્ય ઉપદેશ કયો ?

જવાબ : (નવરત્ન ગ્રંથ રચ્યો, ચિત્ત ચોંટે નહીં અને મન ભટકે તો તેને પ્રભુજીની ઇચ્છા જાણી પ્રભુની સેવા ચાલુ રાખવાનો મુખ્ય ઉપદેશ છે)

સવાલ : ૨૬૭. પુષ્ટિમાર્ગમાં ભગવત્ સેવાનો અધિકાર બ્રહ્મસંબંધની દીક્ષાથી પ્રાપ્ત થાય છે. આત્મનિવેદનની સાર્થકતા ભગવત્ સેવાના સંપન્ન થવા પરજ છે. આ ભાવ દર્શાવતો શ્લોક નવરત્નમાં કયો ?

જવાબ : (ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ।।)

સવાલ : ૨૬૮. નિવદન મંત્ર તો તાદશી જનોની સાથે સર્વ પ્રકારે સ્મરવાનું છે, જગતના નિયંતા ભક્ત અધિકૃત ઇચ્છા પોતાની ઇચ્છાથી જ કરશે. નવરત્ન ગ્રંથમાં આ ભાવ દર્શાવતો કયો શ્લોક છે ?

જવાબ : (નિવેદનં તુ સ્મર્તવ્યં, સર્વથા તાદશૈર્જનૈઃ । સર્વેશ્વરશ્ચ સર્વાત્મા, નિજેચ્છાતઃ કરિષ્યતિ ।।)

સવાલ : ૨૬૯. આપણે આત્મનિવેદન કર્યું તે પ્રભુએ સાંભળ્યું કે નહિ, આપણે પ્રભુને બધુ સમર્પિત કરી તો દીધું પણ પ્રભુએ તે સ્વીકાર્યું કે નહિ ! આ ચિન્તા પણ છોડવી જોઈએ. નવરત્ન ગ્રંથના આ ભાવ દર્શાવતો શ્લોક કયો છે ?

જવાબ : (તથા નિવેદને ચિન્તા, ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ।। વિનિયોગેપિ
સા ત્યાજ્યા, સમર્થો હિ હરિઃ સ્વતઃ ।।)

સવાલ : ૨૭૦. સેવા ગુરુની આજ્ઞા પ્રમાણે અને અનુસરીને કરવાની છે, પણ એનાથી જુદી જણાય તો એના બાધની પણ ચિંતા ન કરવી એવા ભાવવાળો શ્લોક નવરત્ન ગ્રંથમાં કયો છે ?

જવાબ : (સેવાકૃતિર્ગુરોરાજ્ઞા, બાધનં વા હરીચ્છયા । અતઃ
સેવા પરંચિત્ત, વિધાય સ્થીયતાં સુખમ્ ।।)

સવાલ : ૨૭૧. લૌકિક વ્યાપાર અને વૈદિક કાર્યોમાં મુશ્કેલી થાય તો પણ ચિંતા કરવી જોઈએ નહીં. એના બદલે એમ સમજવું કે ભગવાન વધારે ને વધારે ભક્તિમાર્ગ પર વધવાનો અવસર આપે છે. નવરત્ન ગ્રંથમાં આ ભાવ કયા શ્લોકમાં છે ?

જવાબ : (લોકે સ્વાસ્થ્યં તથા વેદે, હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્, સાક્ષિણો ભવતાખિલા ।ઃ)

સવાલ : ૨૭૨. ચિત્તને ઉદ્વેગ કરીને પણ પ્રભુ જે કરશે તે તેની લીલા છે. આ ભાવ નવરત્ન ગ્રંથ કયા શ્લોકમાં આવે છે. ?

જવાબ : (ચિત્તોદ્વેગં વિધાયાપિ, હરિર્યદ્યત્ કરિષ્યતિ । તથૈવ તસ્ય
લીલેતિ, મત્વા ચિન્તાંતદ્રુતં ત્યજેત્ ।।)

સવાલ : ૨૭૩. બધી ચિંતાઓને છોડી સતત શ્રીકૃષ્ણઃ શરણં મમ બોલતા રહેવું એવી મારી સમજ છે. આ ભાવ દર્શાવતો શ્લોક કયા ગ્રંથમાં છે ? શ્લોક કયો ?

જવાબ : (નવરત્ન ગ્રંથ, તસ્માત્ સર્વાત્મના નિત્યં, શ્રીકૃષ્ણ:શરણંમમ ।વદ્દ્ભિરેવ સતતં, સ્થેયમિત્યવ મે મતિ:॥)

સવાલ : ૨૭૪. ચિંતા અને દુ:ખનું પ્રથમ કારણ શું છે ?

જવાબ : (લૌકિક અહંતા અને મમતા)

સવાલ : ૨૭૫. નવરત્ન ગ્રંથ મુજબ ચિંતા ક્યારે દૂર થાય ?

જવાબ : (આત્મસમર્પણ કરવાથી)

સવાલ : ૨૭૬. નવરત્ન ગ્રંથ મુજબ ચિંતાને દૂર કરવાનો સરળ ઉપાય કયો ?

જવાબ : (અષ્ટક્ષર મંત્ર - શ્રીકૃષ્ણ: શરણં મમનો સતત જપ)

સવાલ : ૨૭૭. નવરત્ન ગ્રંથ મુજબ વૈષ્ણવે સતત શું યાદ કરવું જોઈએ ?

જવાબ : (બ્રહ્મસંબંધ મંત્ર તેના ભાવ સાથે યાદ કરવો જોઈએ)

સવાલ : ૨૭૮. નવરત્ન ગ્રંથ મુજબ સેવા કેવી રીતે કરવી જોઈએ ?

જવાબ : (ગુરુદેવની આજ્ઞા પ્રમાણે)

વિષય : ચતુઃ શ્લોકી

સવાલ : ૨૭૯. ચતુઃશ્લોકી ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ કયા વૈષ્ણવોને સમજાવ્યો હતો ?

જવાબ : (રાણા વ્યાસ અને ભગવાનદાસ સાંચોરા)

સવાલ : ૨૮૦. શ્રીમહાપ્રભુજીના કયા ગ્રંથમાં નિર્દેશ છે કે અન્ય વ્યક્તિઓનાં સંગમાં અહંતા મમતા તરફ ખેંચાયેલા જીવને પ્રભુ તેના વાસ્તવિક ધર્મ તરફ ખેંચે છે ?

જવાબ : (ચતુઃશ્લોકી ગ્રંથ)

સવાલ : ૨૮૧. રાણા વ્યાસને શ્રીમહાપ્રભુજી તરફથી ચતુઃ શ્લોકી ગ્રંથ કયા સમયે સાંભળવા મળ્યો ?

જવાબ : (જ્યારે રાણા વ્યાસ શાસ્ત્રાર્થ હાર્યા તેથી શરમાઈને ગંગાજીમાં ડૂબબાના હતા ત્યારે)

સવાલ : ૨૮૨. ચતુઃશ્લોકી ગ્રંથમાં ચાર પુરુષાર્થો કહ્યા છે તે કહો.

જવાબ : (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)

સવાલ : ૨૮૩. ચતુઃ શ્લોકી ગ્રંથમાં ધર્મ પુરુષાર્થને સમજાવતાં શ્રીમહાપ્રભુજીએ કયો ઉપદેશ આપ્યો છે ?

જવાબ : (શ્રીકૃષ્ણનું સેવન સર્વભાવથી બધું જ શ્રીભગવાનનું છે એવા ભાવથી સેવન કરવું.)

સવાલ : ૨૮૪. ચતુઃ શ્લોકી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ કયા પ્રભુની સેવા માટે કહ્યું છે ?

જવાબ: (વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણની)

સવાલ : ૨૮૫. પુષ્ટિ જીવોને અર્થરૂપ પુરુષાર્થ પ્રભુ જ છે. માટે નિશ્ચિંત

થઈને પ્રભુની સેવા જ કરવી. આ ભાવ કયા ગ્રંથના કયા શ્લોકમાં છે ?

જવાબ : (ચતુઃ શ્લોકી ગ્રંથમાં, એવં સદા સ્મ કર્તવ્યં, સ્વયમેવ કરિષ્યતિ । પ્રભુઃ સર્વ સમર્થોહિ, તતો નિશ્ચિન્તતાં વ્રજેત ।।)

સવાલ : ૨૮૬. શ્રીપ્રભુને હૃદયમાં ધારણ કરી લેવામાં આવે તો તે જીવનાં સર્વ કામ શ્રીપ્રભુજ પૂરાં કરે છે ? ચતુઃશ્લોકી ગ્રંથનો આ કામ પુરુષાર્થ વાળો શ્લોક બોલો.

જવાબ : (યદિ શ્રીગોકુલાધીશો, ધૃતઃ સર્વાત્મના હૃદિ । તતઃ કિમપરં બ્રૂહિ, લૌકિકૈર્વૈદિકૈરપિ ।।)

સવાલ : ૨૮૭. સર્વાત્મભાવથી શ્રીકૃષ્ણના બની જવું એ પુષ્ટિ ભક્તોનો મોક્ષ છે. સર્વ પ્રકારે શ્રીકૃષ્ણના ચરણકમળોનું સ્મરણ અને ભજવું ત્યજવું નહિ. ચતુઃશ્લોકી ગ્રંથમાં આ શ્લોક કયો છે ?

જવાબ : (અતઃ સર્વાત્મના શશ્વદ્, ગોકુલેશ્વર પાદયોઃ । સ્મરણં ભજનં ચાપિ, ન ત્યાજયમિતિ મે મતિઃ ।।)

સવાલ : ૨૮૮. ચતુઃશ્લોકી ગ્રંથ મુજબ વૈષ્ણવોનો અનન્ય ધર્મ કયો ?

જવાબઃ (સર્વાત્મભાવથી વ્રજાધિપની સેવા કરવી)

સવાલ : ૨૮૯. ચતુઃ શ્લોકી ગ્રંથ મુજબ પ્રભુ શ્રીઠાકોરજી કેવા છે ?

જવાબ : (પ્રભુ સર્વસમર્થ છે)

સવાલ : ૨૯૦. આચાર્યચરણ રચિત ચતુઃ શ્લોકી ગ્રંથને કોની સાથે સરખાવ્યો છે ?

જવાબ : (શ્રીભાગવત્‌ના છઠ્ઠા સ્કંધમાં આવતી વૃત્રાસુર ચતુઃ શ્લોકી)

વિષય : ૨૫૨ વૈષ્ણવોની વાર્તા - ૧ થી ૫૦ વાર્તા

સવાલ : ૨૯૧. શ્રીગુસાંઈજીએ સૌથી પહેલાં બ્રહ્મસંબંધ કોને આપ્યો ?

જવાબ : (નાગજી ભટ્ટને)

સવાલ : ૨૯૨. શ્રીગુસાંઈજીએ નાગજી ભટ્ટને સખડી ભોગ લેવા કેમ આજ્ઞા કરી ?

જવાબ : (કારણ કે સખડી પૂર્ણ સ્નેહનું સ્વરૂપ છે)

સવાલ : ૨૯૩. કૃષ્ણ ભટ્ટને ત્યાં વૈષ્ણવો સત્સંગ કરવા કેમ આવતા હતા ?

જવાબ : (પ્રશ્ન પૂછવા આવતા હતા કારણ કે પુષ્ટિમાર્ગ વૈષ્ણવો દ્વારા ફલિત થાય છે)

સવાલ : ૨૯૪. ચાચા હરિવંશની વાર્તામાં વૈષ્ણવે કોનો સંગ કરવાનું કહ્યું છે ?

જવાબ : (વૈષ્ણવોનો જ સંગ)

સવાલ : ૨૯૫. ચાચા હરિવંશની વાર્તામાં ભગવદ્ ભાવ ક્યારે સ્થિર થવાનું કહ્યું છે ?

જવાબ : (કુલ ચાર સ્થિતિમાં ભગવદ્ ભાવ સ્થિર થાય ૧. સદા પ્રભુ શરણની ભાવના રાખવાથી. ૨. અષ્ટાક્ષર મંત્રનો સદા જપ કરવાથી. ૩. ભગવદીયોનો સંગ કરવાથી. ૪. શ્રીઠાકોરજીની સેવા કરવા તત્પરતા રાખવાથી)

સવાલ : ૨૯૬. ચાચા હરિવંશજી કયા શહેરની નજીક જન્મ્યા હતા ?

જવાબ : (પટણા શહેરની નજીક)

સવાલ : ૨૯૭. શ્રીમુરારિદાસની વાર્તામાં સેવા કેવી રીતે કરવાનું કહ્યું છે ?

જવાબ : (પ્રભુને પ્રસન્નતા થાય તેવી રીતે)

સવાલ : ૨૯૮. નારાયણદાસ કાયસ્થની વાર્તામાં શ્રીગુસાંઈજી જગન્નાથજી જતા હતા. કેમ ?

જવાબ : (પુષ્ટિમાર્ગમાં ભક્તિમાર્ગમાં મર્યાદાની રક્ષા કરવા માટે)

સવાલ : ૨૯૯. નારાયણદાસ કાયસ્થની વાર્તામાં શ્રીગુસાંઈજીએ બાદશાહને દર્શન આપ્યાં, કેમ ?

જવાબ : (બાદશાહ પૂર્વ જન્મમાં દૈવી જીવ હતો અને નારાયણદાસના સંગથી તેની બુદ્ધિ સ્થિર થઈ હતી)

સવાલ : ૩૦૦. રૂપમુરારિદાસની વાર્તામાં પુષ્ટિમાર્ગનું કયું વિશિષ્ટ તત્ત્વ બતાવ્યું છે ?

જવાબ : (જીવના બધા જ દોષો બ્રહ્મસંબંધથી નાશ પામે છે)

સવાલ : ૩૦૧. રૂપમુરારિદાસની વાર્તામાં કયા સૂત્રનો આદેશ મળે છે ?

જવાબ : ("કર્મથી કૃપા ન્યારી છે.")

સવાલ : ૩૦૨. માધવદાસની વાર્તા મુજબ શ્રીગુસાંઈજીએ નિત્યલીલાવાનો સિદ્ધાંત તેમના કયા ગ્રંથમાં સિદ્ધ કર્યો ?

જવાબ: (વિદ્વન મંડન ગ્રંથ)

સવાલ : ૩૦૩. હરજી કોઠારીની વાર્તા મુજબ અંતઃ કરણમાં શો અનુભવ થવાનું કહ્યું છે ?

જવાબ : (ત્રણ અનુભવો થવાનું કહ્યું છે. ૧. વિકારો નાશ પામે છે. ૨. મન દિવ્ય અને નિર્મળ બને છે. ૩. બિરાજતું દિવ્ય સ્વરૂપ દૃઢ બને છે.)

સવાલ : ૩૦૪. ભાઈલા કોઠારીની વાર્તા મુજબ શ્રીગુસાંઈજી વારંવાર પરદેશ જતા હતા તેનું કારણ શું ?

જવાબ : (દૈવી જીવોને શરણે લઈ તેમનો ઉદ્ધાર કરવા)

સવાલ : ૩૦૫. ભાઈલા કોઠારીની વાર્તા મુજબ શ્રીઠાકોરજી નિજ સેવકોને ગરીબ સ્થિતિમાં રાખે છે તેનું કારણ શું ?

જવાબ : (દ્રવ્ય જો વધી જાય તો ભક્તિમાં અસ્થિરતા આવે છે, બુદ્ધિ પણ બગડે છે. નિજ સેવકોને આવું ન થાય તે માટે)

સવાલ : ૩૦૬. ગોપાળદાસ શેઠ મૂંગા જન્મ્યા તેમાં તેમનો પૂર્વ જન્મનો કયો અપરાધ હતો ?

જવાબ : (નરસિંહ મહેતાના સ્વરૂપમાં શ્રીઠાકોરજી પાસે ખૂબજ શ્રમ કરાવેલો)

સવાલ : ૩૦૭. શ્રીગુસાંઈજીના ચર્વિત તાંબુલના ગ્રહણથી એક વૈષ્ણવ મૂંગા હતા તે બોલતા થયા અને તેમના મુખમાંથી એક સુંદર ગ્રંથ સરી પડ્યો ? એ વૈષ્ણવ કયા ? એ ગ્રંથ કયો ?

જવાબ : (ગોપાલદાસભાઈ - વલ્લભાખ્યાન)

સવાલ : ૩૦૮. શ્રીમાણેકચંદ ક્ષત્રિયની વાર્તા મુજબ બ્રહ્મસંબંધ દ્વારા જે સમર્પણ થાય છે તે કોને થવાનું કહ્યું છે ?

જવાબ : (શ્રીઠાકોરજીને)

સવાલ : ૩૦૯. પુષ્ટિ સિદ્ધાંતને અનુસરીને શ્રેષ્ઠ સમર્પણ કયા વૈષ્ણવનું ?

જવાબ : (માણેકચંદ્ર ક્ષત્રિયનું)

સવાલ : ૩૧૦. ગણેશ વ્યાસની વાર્તા મુજબ સંસારની વ્યાખ્યા કઈ ?

જવાબ : (અહંતા + મમતા = સંસાર)

સવાલ : ૩૧૧. હરિદાસ ખવાસને ભ્રમર ગીત સાંભળતાં મૂર્છા કેમ આવી ગઈ ?

જવાબ : (ભ્રમર ગીતની કથા અલૌકિક હતી અને હરિદાસ અનધિકારી જીવ હતા)

સવાલ : ૩૧૨. "ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ નવ સરે" દયારામભાઈનું આ વાક્ય કઈ વાર્તામાં આવે છે ? કયો ભાવ છે ?

જવાબ : (હરિદાસ ખવાસની વાર્તામાં. અધિકાર વિનાના વૈષ્ણવનું હૃદય અલૌકિકતા માટે લાયક હોતું નથી)

સવાલ : ૩૧૩. હરિદાસ ખવાસની વાર્તામાં ગુરુદ્રવ્ય અને દેવદ્રવ્યનો સૂક્ષ્મ ભેદ બતાવ્યો છે. કયો ?

જવાબ : (સીધું દેવને ભેટ ધર્યું હોય તે દેવદ્રવ્ય અને ગુરુની ભેટ ધર્યું હોય તે ગુરુદ્રવ્ય)

સવાલ : ૩૧૪. મધુસુદનદાસ બ્રાહ્મણની વાર્તાના પ્રસંગમાં કયો સિદ્ધાંત સ્થાપિત થાય છે ?

જવાબ : (૧. સેવા, માત્ર ક્રિયા નથી, તેમાં ભાવ મુખ્ય છે.
૨. ભાવ અને ભગવદ્ ભાવ ભાવનાથી સિદ્ધ થાય છે.
૩. સેવા પ્રભુના સુખ માટે હોવાથી સાવધાનીપૂર્વક કરવી)

સવાલ : ૩૧૫. રૂપચંદ નંદાની વાર્તા મુજબ વૈષ્ણવ થવા માટે પાયાની જરૂરિયાત કઈ ?

જવાબ : (પાયાની જરૂરિયાત છે. 'દીનતા')

સવાલ : ૩૧૬. માધવદાસ કાયસ્થની વાર્તામાં વૈષ્ણવે તીર્થયાત્રા કરવાની જરૂર નથી એમ કહ્યું છે. શા માટે ?

જવાબ : (સકલ તીર્થો હરિ, ગુરુ, વૈષ્ણવનાં ચરણોમાં રહેલાં છે માટે)

સવાલ : ૩૧૭. કાયસ્થ બાપબેટાની વાર્તામાં દાસ ધર્મ ખંડિત થવાનું કહ્યું છે. ક્યારે ?

જવાબ : (પોતાના માટે ગુરુદેવને શ્રમ પડે ત્યારે)

સવાલ : ૩૧૮. કાયસ્થ બાપબેટાની વાર્તા મુજબ શ્રીઠાકોરજી દુનિયાદારીમાં સુખ થવા દેતા નથી તે ક્યારે ?

જવાબ : (શ્રીઠાકોરજી કૃપા કરી નજીક બોલાવે ત્યારે)

સવાલ : ૩૧૯. બે પટેલ ભાઈની વાર્તામાં શ્રીજીબાવાના મંદિરમાં સિંહદ્વારનાં બન્ને કમાડ રાતના બંધ થતા નથી. કેમ ?

જવાબ : (શ્રીઠાકોરજી બહાર ફરવા જાય ત્યારે શ્રમ ન થાય માટે)

સવાલ : ૩૨૦. એક પટેલ વૈષ્ણવ-માળાવાની વાર્તાના પ્રસંગમાં શ્રીગુસાંઈજી પ્રસન્ન થયેલા છે, શાથી ?

જવાબ : (૧. વૈષ્ણવ નિષ્કંચન હતો તેથી ૨. તેની દીનતા અને પ્રેમથી)

સવાલ : ૩૨૧. એક વિરક્ત વૈષ્ણવની વાર્તામાં વૈષ્ણવે ઉત્સવનો દિવસ કદાપિ ન ભૂલવો જોઈએ એમ શાથી કહ્યું છે ?

જવાબ : (આપણે બાળસ્વરૂપની ભાવથી સેવા કરવાની છે. બાળક કૃષ્ણ બધા ઉત્સવો યાદ રાખે છે તેથી જો ઉત્સવો ભૂલી

જઈએ તો સેવા માત્ર ક્રિયા બની છે અને અંગીકાર થતી નથી.)

સવાલ : ૩૨૨. બીજા એક વૈષ્ણવ વિરક્ત વૈષ્ણવની વાર્તામાં પુષ્ટિમાર્ગમનું સાધન અને ફળ ક્યું બતાવ્યું છે.

જવાબ : (પ્રભુ અને પ્રભુ સેવા)

સવાલ : ૩૨૩. બીજા એક વિરક્ત વૈષ્ણવની વાર્તા મુજબ મર્યાદા માર્ગમાં સાધન અને ફળ ક્યું બતાવ્યું છે ?

જવાબ : (પૂજા, યજ્ઞ, વ્રત, યાત્રા એ સાધન. મોક્ષ એ ફળ)

સવાલ : ૩૨૪. કૃષ્ણદાસ કાયસ્થની વાર્તા પ્રમાણે પુષ્ટિમાર્ગમાં કઈ વસ્તુ કલંકરૂપ છે ?

જવાબ : (અન્યાશ્રય એ મુખ્ય કલંકરૂપ છે)

સવાલ : ૩૨૫. માણેકચંદ - હરિદાસના જમાઈની વાર્તા પ્રમાણે પુષ્ટિમાર્ગ કોના દ્વારા ફલિત થાય છે ?

જવાબ : (વૈષ્ણવ દ્વારા)

સવાલ : ૩૨૬. વડનગરા નાગર બ્રાહ્મણની વાર્તા પ્રમાણે ગિરિરાજને દૂધથી સ્નાન કેમ કરાવાય છે ?

જવાબ : (દૂધ ઉજ્જળ ભક્તિનું સ્વરૂપ છે)

સવાલ : ૩૨૭. ગિરિરાજને જ દૂધ સ્નાન કેમ ?

જવાબ : (ગિરિરાજ હરિદાસવર્ય અને ભક્તિ સ્વરૂપ છે)

સવાલ : ૩૨૮. મહા પ્રસાદ ક્યારે મળે ?

જવાબ : (ભગવત્ કૃપા થાય ત્યારે)

સવાલ : ૩૨૯. એક કુંભાર વૈષ્ણવની વાર્તામાં જણાવ્યા પ્રમાણે શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી પ્રસન્ન ક્યારે થાય ?

જવાબ : (વૈષ્ણવ પ્રસન્ન થાય ત્યારે)

સવાલ : ૩૩૦. **(ગોવિંદદાસ ખવાસે અડધી રાત સુધી નૃત્ય કરી શ્રીઠાકોરજીને શ્રમ કેમ પહોંચાડ્યો ?**

જવાબ : (શ્રીઠાકોરજીની પ્રસન્નતા માટે)

સવાલ : ૩૩૧. **હરિહર બ્રાહ્મણ - ગુજરાતની વાર્તા પ્રમાણે પુષ્ટિમાર્ગમાં સ્વરૂપ સેવ્ય કરાવવાનો શો ભાવ ?**

જવાબ : (ગુરુજીના સેવ્ય ઠાકોરજીનું એ સ્વરૂપમાં નિરૂપણ થાય છે એ ભાવ)

સવાલ : ૩૩૨. **શ્રીઠાકોરજીએ અલીખાન અને તેમની દીકરીને પીરજાદીને રાસનાં દર્શન કરાવ્યાં છતાં પણ શ્રીગુસાંઈજીના સેવક થવાની આજ્ઞા કરી. કેમ ?**

જવાબ : (ગુરુ વિના ભગવદ્‌ભાવ સિદ્ધ થતો નથી માટે)

સવાલ : ૩૩૩. **મથુરાદાસ ક્ષત્રિયની વાર્તા મુજબ વૈષ્ણવ અચાનક આપણા ઘેર આવે ત્યારે આપણે આપણા અહોભાવ સમજવા. કેમ ?**

જવાબ : (વૈષ્ણવના હૃદયમાં શ્રીઠાકોરજી અને શ્રીવલ્લભ બન્ને બિરાજે છે માટે)

સવાલ : ૩૩૪. **શ્રીઠાકોરજી લીલા નિત્ય છે એ કઈ વાર્તાના પ્રસંગમાંથી માલૂમ પડે છે ?**

જવાબ : (''એક વૈષ્ણવનો પુત્ર - દક્ષિણનો'' એ વાર્તા)

સવાલ : ૩૩૫. **મથુરાના એક ગરીબ બ્રાહ્મણની વાર્તા મુજબ મર્યાદા માર્ગ અને પુષ્ટિમાર્ગમાં મૂળ તફાવત કયો ?**

જવાબ : (મર્યાદા માર્ગમાં પોતાના સુખ ફળ પ્રાપ્તિ કામનાપૂર્ણ માટે સેવા થાય છે,

જ્યારે પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીના સુખ માટે)

સવાલ : ૩૩૬. **મહાવનવાસી ગોરવા ક્ષત્રિયની વાર્તા મુજબ વૈષ્ણવને કાળ ક્યારે બાધા નથી કરતો ?**

જવાબ : (એક ક્ષણ પણ ગુમાવ્યા વિના સતત ભગવન્નામ લેવાથી)

સવાલ : ૩૩૭. **આંજણા કણબી - શ્યામદાસની વાર્તા મુજબ પૂજા અને સેવામાં સૂક્ષ્મ તફાવત કયો ?**

જવાબ : (પૂજા ક્રિયાત્મક છે વિધિપ્રધાન છે જ્યારે સેવા ભાવાત્મક છે)

સવાલ : ૩૩૮. **ભગવાન પોતે ક્યારેય કોઈને સુખ દુઃખ આપવામાં નિમિત્ત બનતા નથી એ કઈ વાર્તાના પ્રસંગમાંથી તારણ થાય છે ?**

જવાબ : (''છજ્જો બ્રાહ્મણી'' નામના વૈષ્ણવની વાર્તા)

સવાલ : ૩૩૯. **એક ક્ષત્રાણી ગુજરાતની - આ વાર્તામાંથી આપણને શો ઉપદેશ મળે છે ?**

જવાબ : (ગુરુનો ગુસ્સો પણ કૃપા માટે જ હોય છે)

સવાલ : ૩૪૦. **દુર્ગાદાસ બ્રાહ્મણની વાર્તા મુજબ સેવકમાં મુખ્ય કયો ભાવ હોવો જોઈએ ?**

જવાબ : (દાસત્વ ભાવ)

સવાલ : ૩૪૧. **પુષ્કરના બ્રાહ્મણ પુરુષોત્તમદાસની વાર્તા મુજબ જગન્નાથપુરીમાં વલ્લભકુળ વૈષ્ણવના હાથથી જગન્નાથજીનો મહાપ્રસાદ લે છે. કેમ ?**

જવાબ : (મર્યાદા પ્રભુનું પણ મહત્ત્વ જાળવી રાખવા આ મર્યાદા શ્રીમહાપ્રભુજીએ પોતે જ નક્કી કરી છે.)

પુષ્ટિમાર્ગીય ક્વિઝ (પ્રશ્નાવલી)

વિભાગ - ૨

વયજૂથ - ૩૫ વર્ષથી ઉપર

સ્પર્ધાના વિષયો :

(૧) શ્રી હરિરાયજીનું જીવનચરિત્ર

(૨) શ્રી ગોકુલનાથજીનું જીવનચરિત્ર

(૩) અષ્ટ સખાનાં જીવનચરિત્ર

(૪) **ષોડશગ્રંથમાંથી**

- સિદ્ધાંત મુક્તાવલી
- સિદ્ધાંત રહસ્ય
- પુષ્ટિ પ્રવાહ મર્યાદા
- ભક્તિવર્ધિની

(૫) ૮૪ વૈષ્ણવોની વાર્તા ગ્રંથમાંથી પ્રથમ ૧ થી ૫૦ વાર્તા

વિષય : શ્રીહરિરાયજીનું જીવનચરિત્ર

સવાલ : ૩૪૨. પુષ્ટિ સંપ્રદાયમાં શ્રીહરિરાયજી કયા બહુમાનવાચક નામથી ઓળખાય છે ?

જવાબ : (શ્રીહરિરાયજી મહાપ્રભુ)

સવાલ : ૩૪૩. શ્રીહરિરાયજીનો પ્રાદુર્ભાવ ક્યારે થયો ?

જવાબ : (વિ. સં. ૧૬૪૭)

સવાલ : ૩૪૪. શ્રીહરિરાયજી શ્રીવલ્લભથી કેટલામી પેઢીએ થયા ?

જવાબ : (બીજા ગૃહની પાંચમી પેઢીએ)

સવાલ : ૩૪૫. શ્રીહરિરાયજી શ્રીગુસાંઈજીના કયા પુત્રના ઘરમાં પ્રકટ થયા ?

જવાબ : (બીજા પુત્ર શ્રીગોવિંદરાયજી)

સવાલ : ૩૪૬. શ્રીહરિરાયજીએ બૃહદ્ શિક્ષાપત્રો શા માટે લખ્યા ?

જવાબ : (શ્રીહરિરાયજી બહારગામ પધારેલા ત્યારે અંતઃકરણની પ્રેરણાથી લાગ્યું કે નાનાભાઈ ગોપેશ્વરજીનાં વહુજી લીલામાં પધારશે તે વખતે નાનાભાઈ ભાંગી પડશે એટલે સાંત્વન આપવા આ પત્રો લખ્યાં)

સવાલ : ૩૪૭. શ્રીહરિરાયજીના સેવ્ય-સ્વરૂપનું નામ શું ?

જવાબ : (શ્રીવિઠ્ઠલનાથજી)

સવાલ : ૩૪૮. શ્રીહરિરાયજી ગોકુળ છોડી ક્યાં સ્થિર થયા ?

જવાબ : (ખિમનોરમાં)

સવાલ : ૩૪૯. શ્રીહરિરાયજીએ તેમના નાનાભાઈને આશ્વાસન

આપવા શું કર્યું હતું ?

જવાબ : (શિક્ષાપત્રો લખ્યા હતા)

સવાલ : ૩૫૦. શ્રીહરિરાયજીએ શિક્ષાપત્રો કોને આશ્વાસન આપવા લખ્યા હતા ?

જવાબ : (તેમના નાના ભાઈ શ્રીગોપેશ્વરજીને)

સવાલ : ૩૫૧. એક ગોસ્વામી બાવાશ્રી જીવનમાં સેવાનેજ અગ્રિમતા આપતા હતા તે એટલે સુધી કે આપશ્રીના લગ્ન દિવસે પણ ઉત્થાપનની સેવા નહિ કરી શકવાને કારણે ખૂબ ઉદાસ હતા. આ બાવાશ્રી શ્રીહરિરાય મહાપ્રભુના શું થાય ?

જવાબ : (શ્રીહરિરાય મહાપ્રભુના દાદાજી. નામ શ્રી ગોવિંદરાયજી)

સવાલ : ૩૫૨. કોના જન્મ દિવસે શ્રીનાથજી પ્રભુ પ્રતિ વર્ષ સોનાનાં નૂપુર પહેરે છે ?

જવાબ : (શ્રીકલ્યાણરાયજી બાવાશ્રી)

સવાલ : ૩૫૩. શ્રીકલ્યાણરાયજીના બીજા વહુજીનું નામ શું ?

જવાબ : (લક્ષ્મીજી)

સવાલ : ૩૫૪. શ્રીકલ્યાણરાયજીના બીજા વહુજી લક્ષ્મીજીનું શ્વશુર ગૃહે શું નામ હતું ?

જવાબ : (જમુનાવહુજી)

સવાલ : ૩૫૫. શ્રીહરિરાયજીનું પ્રાકટ્ય વિક્રમ સંવત કઈ સાલમાં થયું હતું ?

જવાબ : (૧૬૪૭)

સવાલ : ૩૫૬. શ્રીહરિરાયજીએ કયાં નામથી પદો રચ્યાં છે ?

જવાબ : (રસિક)

સવાલ : ૩૫૭. શ્રીવલ્લભકુળની વિશેષતા એ છે કે એમાં દાસભાવ પ્રકટ થયો છે. શ્રીગુસાંઈજી પોતાને વિઠ્ઠલદાસ કહેતા હતા, શ્રીહરિરાયજી પોતાને શું કહેતા ?

જવાબ : (હરિદાસ)

સવાલ : ૩૫૮. શ્રીહરિરાયજી મહાપ્રભુને બ્રહ્મસંબંધ દીક્ષા કોણે આપી હતી ?

જવાબ : (શ્રીગોકુલેશજીએ)

સવાલ : ૩૫૯. શ્રીહરિરાયજી મહાપ્રભુનાં લગ્ન કોની સાથે થયાં હતાં ?

જવાબ : (સુંદરીજી/સૌંદર્યવંતી/સુંદરવંતા)

સવાલ : ૩૬૦. શ્રીહરિરાયજી મહાપ્રભુનાં વહુજી સુંદરવંતાજીએ વ્રજ અને ગુજરાતી ભાષામાં ભાવભર્યાં પદો રચ્યાં છે, ભાવપ્રચુર નિકુંજલીલાની માનસીને પ્રકટ કરતું તેમનું ગુજરાતી ધોળ કયા નામ તરીકે પ્રસિદ્ધ છે ?

જવાબ : (ચિંતનનું ધોળ)

સવાલ : ૩૬૧. શ્રીનાથદ્વારામાં આજે પણ પ્રીતમ પોળ પાસે શ્રીવિઠ્ઠલનાથજીનું ભવ્ય મંદિર છે તે કોની દેખરેખમાં સિદ્ધ થયું છે ?

જવાબ : (સુંદરવતાં વહુજી મહારાજ)

સવાલ : ૩૬૨. પુષ્ટિમાર્ગની સ્થિતિમાં ૫૦ વર્ષનો વધારો કરવામાં

એક વૈષ્ણવનો ફાળો મહત્ત્વનો છે જેમણે શ્રીજીબાવાની સોનાની કુલ્હે સિદ્ધ કરી હતી અને વરદાનમાં પુષ્ટિમાર્ગની સ્થિતિ વધે એમ માગ્યું હતું. એ વૈષ્ણવનું નામ શું ? તેઓ કોના સેવક હતા ?

જવાબ : (પરમાનંદ સોની, શ્રી હરિરાયજી મહાપ્રભુજીના સેવક)

સવાલ : ૩૬૩. શ્રીહરિરાયજી મહાપ્રભુની ગુજરાતમાં કેટલી બેઠકો છે ? કઈ કઈ ?

જવાબ : (ત્રણ-વડોદરા પાસે સાવલીમાં, જંબુસરમાં, ડાકોરમાં)

સવાલ : ૩૬૪. શ્રીહરિરાયજી મહાપ્રભુની કુલ કેટલી બેઠકો છે ? કઈ કઈ ?

જવાબ : (કુલ સાત, ગુજરાતમાં ૩, સાવલી, જંબુસર, ડાકોર, રાજસ્થાનમાં ૩, જેસલમેર, ખિમનોર, શ્રીનાથદ્વારા, વ્રજમાં ૧, ગોકુલ)

સવાલ : ૩૬૫. શ્રીહરિરાયજી મહાપ્રભુ રચિત શિક્ષાપત્રો કયાં લખાયાં હતાં ?

જવાબ : (જેસલમેરમાં)

સવાલ : ૩૬૬. ગુજરાતનું એક ગામ છે, જયાં શ્રીહરિરાયજી મહાપ્રભુએ કૃપાપાત્ર સેવકને - પ્રેમજીભાઈને ‘શ્રીવેણુગીત’નું રહસ્ય સમજાવેલું પછી ભાગવત પારાયણ પણ કર્યું હતું. આ સ્થાન કયું ?

જવાબ : (જંબુસર)

સવાલ : ૩૬૭. ડાકોરમાં શ્રીરણછોડજી પ્રભુનો પાટોત્સવ કોણે કરાવ્યો ?

જવાબ : (શ્રીહરિરાયજીએ)

સવાલ : ૩૬૮. શ્રીહરિરાયજીના કયા ભાઈ શ્રીઠાકોરજી માટે ભૌતિક સુવર્ણના પલના માટે હઠ કરી કલેશ કર્યો હતો ?

જવાબ : (શ્રીગોપેશ્વરજી)

સવાલ : ૩૬૯. શ્રીહરિરાયજીએ શ્રીગોકુલનાથજીના ગુણાનુવાદ જે રચનાઓથી કર્યો છે, તેના નામ જણાવો.

જવાબ : (શ્રીગુરુદેવાષ્ટકમ, શ્રીગોકુલેશાષ્ટકમ્, શ્રીગોકુલેશ અષ્ટોત્તરશત નામાવલિ)

સવાલ : ૩૭૦. શ્રીગોકુલેશજીએ સ્વમુખે કહેલી ભગવદીય વાર્તાઓના મર્મ સ્પષ્ટ કરવા શ્રીહરિરાયજીએ જે ટીકા વ્રજ ભાષામાં લખી તે કયા નામથી પ્રસિદ્ધ છે ?

જવાબ : (ભાવપ્રકાશ)

સવાલ : ૩૭૧. શ્રીહરિરાયજી શ્રીગોકુલેશજીના નિત્યલીલા પ્રવેશથી ખૂબ દુઃખી થયા જેથી સતત ત્રણ દિવસ સુધી શ્રીસર્વોત્તમ સ્તોત્રના અખંડ જપ શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિથી કર્યા ત્યારે તેમની સમક્ષ કોણ દિવ્ય સ્વરૂપોથી પ્રગટ થયા ?

જવાબ : (શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી)

સવાલ : ૩૭૨. અંતઃકરણ કયા ચાર તત્ત્વોનું બનેલું છે ?

જવાબ : (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર)

સવાલ : ૩૭૩. બાહ્યકરણ શેનું બનેલું છે ?

જવાબ : (દસ ઈન્દ્રિયો)

સવાલ : ૩૭૪. શ્રીગોપેશ્વરજીના વહુજીનું નામ શું હતું ?

જવાબ : (શ્રી શ્રુતિરૂપાજી)

સવાલ : ૩૭૫. શિક્ષાપત્રો કુલ કેટલાં છે ? તેમનાં શ્લોકોની સંખ્યા કેટલી ?

જવાબ : (૪૧, ૬૩૫)

સવાલ : ૩૭૬. શિક્ષાપત્રમાં ઓછામાં ઓછાં કેટલા શ્લોકોનો એક અને વધુમાં વધુ કેટલા શ્લોકોનોં એક પત્ર છે ?

જવાબ : (૫ અને ૩૫)

સવાલ : ૩૭૭. 'શિક્ષાસાગર' નામથી કોણ જાણીતું છે ?

જવાબ : (શ્રીહરિરાયજી)

સવાલ : ૩૭૮. શ્રીહરિરાયજી ભૂતલ ઉપર આશરે કેટલાં વર્ષ બિરાજ્યાં ?

જવાબ : (૧૨૫ થી ૧૨૮ વર્ષ)

સવાલ : ૩૭૯. શ્રીહરિરાયજી મહાપ્રભુજીનું પ્રાકટ્ય કયા સ્થળે થયું હતું ?

જવાબ : (ગોકુલમાં)

સવાલ : ૩૮૦. શ્રીહરિરાયજી મહાપ્રભુએ કેટલા ગ્રંથોનું પ્રકાશન કર્યું ?

જવાબ : (કુલ ૧૩૩)

સવાલ : ૩૮૧. શ્રીહરિરાયજીએ સર્વથી અધિક ભાર શેના ઉપર મૂક્યો ?

જવાબ : (સત્સંગ ઉપર)

સવાલ : ૩૮૨. શ્રીહરિરાયજીએ આપના દ્રવ્યથી શું ખરીદ્યું હતું ?

જવાબ : (શ્રીનાથદ્વારા સ્થિત શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરની જમીન તથા ખિમનોરમાં જ્યાં બેઠકજી છે તે જમીન)

સવાલ : ૩૮૩. શ્રીહરિરાયજી મહાપ્રભુજીનો લીલાપ્રવેશ ક્યાં થયો ?

જવાબ : (ખિમનોરમાં)

વિષય : શ્રી ગોકુલનાથજીનું જીવન ચરિત્ર

સવાલ : ૩૮૪. શ્રીગુસાંઈજીના સાત પુત્રોમાંથી શ્રીગોકુલનાથજીનો કયો ક્રમ છે ?

જવાબ : (ચોથો)

સવાલ : ૩૮૫. શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલનાથજીના માથે શ્રીઠાકોરજીનું કયું સ્વરૂપ પધારાવ્યું છે ?

જવાબ : (શ્રીગોકુલનાથજીનું સ્વરૂપ)

સવાલ : ૩૮૬. નિત્યલીલામાં પ્રવેશ કરતાં પહેલાં શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલનાથજીના ઉપર કઈ વિશેષ કૃપા દર્શાવી હતી ?

જવાબ : (શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલનાથજીને શ્રીકંઠની માળા આપી, તથા માર્ગના ગ્રંથો પણ આપ્યા)

સવાલ : ૩૮૭. શ્રીગોકુલનાથજીના જીવનનું શ્રેષ્ઠતમ કાર્ય કયું ?

જવાબ : (જહાંગીર બાદશાહના હુકમનો પ્રતિકાર કરી માળા તિલકનું રક્ષણ કર્યું)

સવાલ : ૩૮૮. કોની ઉશ્કેરણીથી બાદશાહ જહાંગીરે વૈષ્ણવોને માળા તિલક ન રાખવાની આજ્ઞા કરી હતી ?

જવાબ : (ચિદ્રુપ સંન્યાસીની ચઢવણીથી)

સવાલ : ૩૮૯. માળા તિલકના રક્ષણાર્થે શ્રીગોકુલનાજીએ ગોકુલ છોડી અન્ય કયા સ્થળે નિવાસ કર્યો હતો ?

જવાબ : (સોરમજીમાં)

સવાલ : ૩૯૦. શ્રીગોકુલનાથજીનો જીવનકાળ ક્યાંથી ક્યાં સુધી ?
જવાબ : (વિ.સં. ૧૬૦૮ થી ૧૬૯૭ સુધી)

સવાલ : ૩૯૧. શ્રીગોકુલનાથજીના પ્રાકટ્ય સમયે શ્રીગુસાંઈજી ક્યાં પધાર્યા હતા ?
જવાબ : (ચરણાટ)

સવાલ : ૩૯૨. શ્રીરુકમણીજીની પ્રસૂતિ કરાવનાર બાઈનું નામ શું ?
જવાબ : (ધગરણ બાઈ)

સવાલ : ૩૯૩. શ્રીગોકુલનાથજીનું પ્રાકટ્ય વિક્રમ સંવતની કઈ સાલમાં થયું ?
જવાબ : (વિ. સં. ૧૬૦૮ના માગસર સુદ ૭)

સવાલ : ૩૯૪. શ્રીગોકુલનાથજીના પ્રાકટ્યની વધાઈ શ્રીગુસાંઈજીને પહોંચાડનાર વધૈયાનું નામ શું ?
જવાબ : (માધવ)

સવાલ : ૩૯૫. શ્રીગોકુલનાથજીના પહેલા જન્મ દિવસની ઉજવણી માટેની પત્રિકા સૌ પ્રથમ કોને લખાઈ હતી ?
જવાબ : (શ્રીગોવર્ધનનાથજીને)

સવાલ : ૩૯૬. શ્રીગોકુલનાથજીના નામકરણ સંસ્કાર માટેનું ઉત્તમ મુહૂર્ત કોની પાસે જોવડાવ્યું ?
જવાબ : (સોમદત્તજી)

સવાલ : ૩૯૭. શ્રીગોકુલનાથજીનું ઘરના અંતરંગ વ્યવહારમાં શું નામ હતું ?
જવાબ : (શ્રીવલ્લભ)

સવાલ : ૩૯૮. શ્રીગોકુલનાથજીનું નામ શું સૂચવે છે ?

જવાબ : (પ્રભુ સર્વ રિદ્ધિ, સિદ્ધિ અને શોભાનું મૂલ છે)

સવાલ : ૩૯૯. શ્રીગોકુલનાથજીએ પ્રારંભિક અભ્યાસ કોની પાસે કર્યો ?

અથવા

સવાલ : ૪૦૦. શ્રીગોકુલનાથજીના સૌ પ્રથમ ગુરુ કોણ ?

જવાબ : (નારાયણજી)

સવાલ : ૪૦૧. શ્રીગોકુલનાથજીના મામાનું નામ શું ?

જવાબ : (ગોવિંદમામા)

સવાલ : ૪૦૨. શ્રીગુસાંઈજીએ ષોડશગ્રંથના એક ગ્રંથ ઉપર ટીકા લખી છે. શ્રીગુસાંઈજીની અધૂરી ટીકા શ્રીગોકુલનાથજીએ પરિપૂર્ણ કરી છે. આ ગ્રંથનું નામ શું ?

જવાબ : (યમુનાષ્ટક)

સવાલ : ૪૦૩. શ્રીગોકુલનાથજીએ ફરીથી વિદ્યાભ્યાસ શરૂ કર્યો ત્યારે ગુરુ કોણ ?

જવાબ : (શિવદત્ત ભટ્ટ)

સવાલ : ૪૦૪. બાદશાહ અકબરે જન્માષ્ટમીના વ્રતનો દિવસ નક્કી કરવા કમલાકર ભટ્ટને ત્યાં શાસ્ત્રચર્ચા માટે ધર્મસભાનું આયોજન કર્યું હતું. શ્રી ગુસાંઈજી તે વખતે જતીપુરા બીરાજતા હોવાથી શ્રીગોકુલનાથજી હાજર રહ્યા હતા તેમની સાથે બીજું કોણ હાજર રહ્યું હતું ?

જવાબ : (શ્રીગિરિધરજી અને દામોદરદાસ)

સવાલ : ૪૦૫. શ્રીગોકુલનાથજીના સસરાનું નામ શું ?

જવાબ : (વેણુ ભટ્ટ)

સવાલ : ૪૦૬. શ્રીગોકુલનાથજીનું લગ્ન કઈ સાલમાં થયું હતું ?

જવાબ : (વિ. સં. ૧૬૨૪)

સવાલ : ૪૦૭. શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે શ્રીગોકુલનાથજીએ ગૃહસ્થાશ્રમનો સ્વીકાર ક્યારે કર્યો ?

જવાબ : (વિ. સં. ૧૬૩૩)

સવાલ : ૪૦૮. શ્રીગુસાંઈજીની આજ્ઞા મુજબ શ્રીગોકુલનાથજીના ચતુર્થ લાલનું નામ શું રાખવામાં આવ્યું હતું ?

જવાબ : (શ્રીગોપાલ)

સવાલ : ૪૦૯. આપણા ગુજરાતના એક શ્રીગોડ બ્રાહ્મણ જેમને શ્રીગુસાંઈજીના દર્શનનો ખૂબ વિરહતાપ હતો ત્યારે શ્રીગુસાંઈજીએ તેમને સ્વપ્નમાં દર્શન આપીને આજ્ઞા કરી “તું મારા દર્શન માટે એટલું દુઃખ ન કર. તેથી મને પણ કલેશ થાય છે. હમણાં તો હું ગુજરાતમાં આવી શકું તેમ નથી પણ મારા ચતુર્થ કુમાર શ્રીવલ્લભને ત્યાં હું ફરી પુત્ર રૂપે પ્રકટ થઈશ ત્યારે તું તેમના દર્શન કરી, તારા મનને વધુ પ્રસન્ન કરશે.” આ ગુજરાતના બ્રાહ્મણ કોણ અને ક્યાંના વતની હતા ?

જવાબ : (શ્રી વિષ્ણદાસ જોષી)

સવાલ : ૪૧૦. શ્રીગોકુલનાથજીને કેટલી બહનો હતો ? કઈ કઈ ?

જવાબ : (ત્રણ-શ્રીશોભાજી, શ્રીદેવિકાજી, શ્રીકમલાજી)

સવાલ : ૪૧૧. શ્રીગોકુલનાથજી એક વખત ગુજરાતના પ્રવાસે પધાર્યા હતા ત્યારે અમદાવાદમાં બિરાજતા હતા ત્યારથી દ્વારકા જવાનું થયું. ઘોડા ઉપર સવાર થઈને જતા આપશ્રીને ખૂબ પરિશ્રમ થાય તેમ હતો તેથી આપશ્રી રથમાં બિરાજીને દ્વારકા પધાર્યા તે રથના સારથિ કોણ બન્યું હતું ?

જવાબ : (લક્ષ્મીદાસ)

સવાલ : ૪૧૨. શ્રીગોકુલનાથજીને પિતૃચરણનું દેવું થઈ ગયું હતું તે દેવું કોણે ચૂકતે કર્યું હતું ?

જવાબ : (લાડબાઈએ)

સવાલ : ૪૧૩. શ્રીગોકુલનાથજીએ સહુ લેણદારોએ તેમનું કરજ ચૂકવી દીધા પછી એક ચોબાજી તેમની પાસે વણહક્કના રૂપિયા કરજ પેટે લઈ આવ્યા. આ ચોબાજી કોણ ?

જવાબ : (ચંદુ ચોબાજી)

સવાલ : ૪૧૪. શ્રીગોકુલનાથજીનાં વહુજીનું નામ શું ?

જવાબ : (પાર્વતી)

સવાલ : ૪૧૫. બ્રહ્મસંબંધ મંત્રો રહસ્યપૂર્ણ ભાવાર્થ સમજાવવા માટે શ્રીગોકુલેશ પ્રભુએ કયો ગ્રંથ રચ્યો છે ?

જવાબ : (સમર્પણ ગદ્યાર્થ)

સવાલ : ૪૧૬. એક આચાર્યશ્રીને આપનાં વહુજી કરતાં પણ વૈષ્ણવો

અતિ પ્રિય હતા. વૈષ્ણવો આપની કીકી સમાન હતા. પ્રિયતામાં વૈષ્ણવો પછી વહુજીનો નંબર હતો ? આ આચાર્યશ્રી કોણ ?

જવાબ : (શ્રીગોકુલનાથજી)

સવાલ : ૪૧૭. વૈષ્ણવમાં સમગ્ર ગોલોક, વૈકુંઠ અને વ્રજ વસેલાં છે. કારણ ?

જવાબ : (તે સૌના અધીશ્વર પ્રભુ સાક્ષાત્ વૈષ્ણવના હૃદયમાં બિરાજે છે માટે)

સવાલ : ૪૧૮. તાદશી વૈષ્ણવોનું એક ઉદાહરણ આપો.

જવાબ : (ગજ્જન ધાવન અને રાજા આશકરણ)

સવાલ : ૪૧૯. પ્રભુની વિરહતામાં રાતદિવસ મસ્ત રહે, જાતને પણ ભૂલી જાય, ત્યારે તેને કઈ દશા પ્રાપ્ત થઈ કહેવાય ?

જવાબ : (વ્યસન દશા)

સવાલ : ૪૨૦. એક ભગવદીય વૈષ્ણવ. એમને શ્રીયમુનાજીના જલ સ્વરૂપ અને સ્વામિનીજી સ્વરૂપમાં કોઈ ભેદ જણાતો ન હતો તેથી તેઓ ક્યારેય પોતાનો પગ શ્રીયમુનાજીના જલને ન સ્પર્શે એનું ધ્યાન રાખતા હતા. આ વૈષ્ણવ કોણ ?

જવાબ : (ગોવિંદસ્વામી)

સવાલ : ૪૨૧. શ્રીહરિરાયજીના એક સેવક જેમણે શ્રીગોકુલનાથજીના મનોરથથી શ્રીનાથજીબાવા માટે સોનાની જડાવની સુંદર કુલેહ સિદ્ધ કરી હતી. શ્રીજીબાવાની પ્રસન્નતાનાં દર્શન કરી

શ્રીગોકુલનાથજીએ કાંઈક માંગવાનું કહ્યું. આ વૈષ્ણવે સંપ્રદાયના પચાસ અધકીનાં વર્ષો માંગ્યાં. સંપ્રદાય માટે આવો ભાવ રાખનાર વૈષ્ણવ કોણ ?

જવાબ : (સોની વૈષ્ણવ)

સવાલ : ૪૨૨ શ્રીગોકુળનાથજીના પરમ કૃપાપાત્ર સેવકો ગુજરાતમાં કોણ હતા ? ૧. ખંભાતના સેવક કોણ ? ૨. કપડવંજના સેકવ કોણ ? ૩. વ્યારાના સેવક કોણ ?

જવાબ : (૧. મોહનભાઈ - 'ભાઈજી' ૨. બેનજીરાજ ૩. ગોપાળદાસભાઈ)

સવાલ : ૪૨૩. પુષ્ટિમાર્ગમાં ખલનાયકનું પાત્ર ખૂબ જાણીતું છે. તે છે ચિદ્રૂપ આ ચિદ્રૂપ ક્યાંનો વતની હતો ? આ ગામ કયા રાજ્યમાં આવેલું છે ?

જવાબ : (હિલોલવાસણ ગામ ગુજરાતમાં ધંધુકા પાસે બહિયલ ગામ પાસે)

સવાલ : ૪૨૪. શ્રીગોકુળનાથજીએ માળા અને તિલક અંગેનાં પ્રમાણો સર્વ શાસ્ત્રોમાંથી ભેગાં કર્યાં અને આ સર્વ વચનો એક ગ્રંથમાં પ્રકાશિત કર્યાં. આ ગ્રંથનું નામ શું ?

જવાબ : (સારસંગ્રહ)

સવાલ : ૪૨૫. ચિદ્રૂપે હિંદુઓની માળા ઉતારવા બાબતે ખૂબ હઠાગ્રહ રાખ્યો હતો. આ બાબતે રસ્તો કાઢવા શ્રીગોકુલનાથજીએ એકપીઢ વૈષ્ણવનો અભિપ્રાય માંગ્યો. એમનું નામ શું ?

જવાબ : (પુરુષોત્તમદાસ મેહરા)

સવાલ : ૪૨૬. શ્રીગોકુલનાથજીએ તેમની કાશ્મીર યાત્રા દરમ્યાન એક નાના ગામે મુકામ કર્યો હતો જ્યાં નાનકડું તળાવ હતું જેનું પાણી ખૂબ ગંદુ હતું. આપશ્રીએ તેના પર દૃષ્ટિપાત કર્યો અને સ્નાન કર્યું પછી પાણી નિર્મળ બની ગયું. આ ગામનું નામ શું ?

જવાબ : (ચિત્રાખડક)

સવાલ : ૪૨૭. શ્રીગોકુલનાથજીએ તેમના કયા સેવકોને આરસી જેવા શુદ્ધ અંતઃકરણવાળા વૈષ્ણવો ગણાવ્યા હતા ? ગુજરાત કે ઉ.પ્ર.

જવાબ : (ગુજરાતના)

સવાલ : ૪૨૮. શ્રીગોકુલનાથજીના લોકવત્ પ્રાકટ્યનો અંત કઈ સાલમાં આવ્યો ?

જવાબ : (વિ.સં. ૧૬૯૭)

સવાલ : ૪૨૯. શ્રીગોકુલનાથજીના નિત્યલીલા પ્રવેશને કારણે તેમના કેટલા ભગવદીયોએ પ્રાણની આહુતિ આપી ?

જવાબ : (૭૮)

સવાલ : ૪૩૦. શ્રીગોકુલનાજથી કુલ કેટલી બેઠકો છે ?

જવાબ : (૧૩)

સવાલ : ૪૩૧. શ્રીગોકુલેશ પ્રભુની ગુજરાતમાં કેટલી બેઠકો છે ? કઈ કઈ ?

જવાબ : (બે - અમદાવાદમાં અસારવા, ગોધરા)

સવાલ : ૪૩૨. વૈષ્ણવોની માળા તિલકનુ રક્ષણ કોણે કર્યું ?

જવાબ: (શ્રીગોકુલનાથજીએ)

વિષય : અષ્ટ સખાનાં જીવન ચરિત્રો

સવાલ : ૪૩૩. 'અષ્ટછાપ'ની રચના કોણે અને ક્યારે કરી ?

જવાબ : (શ્રીગુસાંઈજીએ વિ.સં. ૧૬૦૨માં)

સવાલ : ૪૩૪. અષ્ટસખાઓમાં નામ ગણાવો.

જવાબ : (સુરદાસ, પરમાનંદદાસ, કુંભનદાસ, કૃષ્ણદાસ, નંદદાસ, ચતુર્ભુજદાસ, ગોવિંદસ્વામી, છીતસ્વામી)

(૧) શ્રી સુરદાસ

સવાલ : ૪૩૫. અષ્ટસખાઓમાંથી કેટલા સખાઓને સાગર ગણવામાં આવ્યા છે ?

જવાબ : (બે-સુરદાસ, પરમાનંદદાસ)

સવાલ : ૪૩૬. અષ્ટસખાઓમાંથી કેટલા ભકત કવિઓએ શ્રીનાથજી સાથે સખા ભાવનો નિર્વાહ કર્યો છે ?

જવાબ : (બે-કુંભનદાસજી, ગોવિંદસ્વામી)

સવાલ : ૪૩૭. સુરદાસજી ક્યાંના વતની હતા ?

જવાબ : (પરાસોલી)

સવાલ : ૪૩૮. સૂરદાસજીનું નિત્યલીલામાં સખા અને સખી સ્વરૂપ શું છે ?

જવાબ : (શ્રીઠાકોરજીના કૃષ્ણસખા અને ચંપકલતા સખી)

સવાલ : ૪૩૯. સુરદાસજીનું પ્રાકટય ક્યારે થયું ?

જવાબ : (વિ.સં. ૧૫૩૫)

સવાલ : ૪૪૦. સુરદાસજી અંધ કેવી રીતે બન્યા ?

જવાબ : (જન્મથી જ નેત્રવિહીન હતા)

સવાલ : ૪૪૧. સુરદાસજીનું શ્રીમહાપ્રભુજી સાથે મિલન ક્યાં થયું ?

જવાબ : (વ્રજમાં)

સવાલ : ૪૪૨. શ્રીમહાપ્રભુજીએ સુરદાસજીએ ભગવદ્ યશ વર્ણન કરવાની આજ્ઞા કરી તેના જવાબમાં સુરદાસજીએ આપશ્રીને કયું પદ ગાઈ સંભળાવ્યું ?

જવાબ : ('હોં હરિ સબ પતિતનકો નાયક'આ પદ ગાયું)

સવાલ : ૪૪૩. સુરદાસજીનું "પ્રભુ, હોં' સબ પતિતન કો ટીકો" પદ સાંભળીને શ્રીમહાપ્રભુજીએ શી ટકોર કરી ?

જવાબ : (એવી ટકોર કરી કે આટલી લજ્જા અને ગ્લાનિ શા માટે ? કઈ ભગવલ્લીલાનું વર્ણન કરો)

સવાલ : ૪૪૪. સુરદાસજીને ભગવલ્લીલા કયારે સ્ફૂરી ?

જવાબ : (શ્રીઆચાર્યજીએ સુરદાસજીને નામ સંભળાવ્યું, સમર્પણ કરાવ્યું ત્યાર પછી

સવાલ : ૪૪૫. સુરદાસજીના લીલા પ્રવેશનું દ્વાર કયા સ્થળે છે ?

જવાબ : (ગોવિંદ કુંડ ઉપર)

સવાલ : ૪૪૬. સુરદાસજીના નિત્યલીલા પ્રવેશના સમયે શ્રીગુસાંઈજીએ વૈષ્ણવોને શું કહ્યું ?

જવાબ : ("પુષ્ટિમાર્ગનું જહાજ જાય છે. જેને જે લેવું હોય તે લઈ લેજો")

સવાલ : ૪૪૭. "ભરોંસો દૃઢ ઈન ચરનન કેરો" આ પદ કોણે શા માટે ગાયું ?

જવાબ : (સુરદાસે ગાયું, ચતુર્ભુજદાસે સુરદાસજીને કહ્યું, ‘‘આપે શ્રીઆચાર્યચરણને યશ વર્ણવતું પદ ગાયું નથી’’ માટે ગાયું)

સવાલ : ૪૪૮. લીલા પ્રવેશ સમયે સુરદાસજીના ચિત્તની વૃત્તિ અંગે પ્રશ્ન પૂછાતાં તેમણે કયું પદ ગાયું ?

જવાબ : (‘‘ખંજન નેન રૂપ રસ માતે’’ આ પદ ગાયું)

સવાલ : ૪૪૯. જયારે અષ્ટછાપ કવિ સુરસાગરે જયારે પ્રથમજ વખત શ્રીમહાપ્રભુજીનાં દર્શન કર્યાં ત્યારે આપશ્રીએ તેમને પદરચના ગાવાનું કહ્યું. શ્રીસુરદાસજીએ દીનતાનાં પદ ગાયાં. શ્રીમહાપ્રભુજીએ તેમને ભગવદલ્લીલા ગાવાનું કહ્યું. ભગવાનની લીલાનો અનુભવ નહીં થતો હોવાથી સુરદાસજીએ આપશ્રીને તે માટે કૃપા કરવાનું કહ્યું. આપશ્રીએ તે માટે શી શરત મૂકી ?

જવાબ : (શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવાની)

સવાલ : ૪૫૦. શ્રીસુરદાસજીને ભગવલ્લીલાનો અનુભવ કરાવવા શ્રીમહાપ્રભુજીએ શેની કથા સંભળાવી ?

જવાબ : (શ્રીમદ્ ભાગવત મહાપુરાણના દશમ સ્કંધની)

સવાલ : ૪૫૧. સુરદાસજી શ્રીમહાપ્રભુજીનાં પ્રથમ વાર દર્શન કર્યાં પછી તેમની સાથે કયાં નિવાસ કરવા ગયા ?

જવાબ : (ગોકુળ)

સવાલ : ૪૫૨. કોણ કોને કહે છે ?

‘‘શ્રીગિરિરાજની તળેટીમાં આન્યોર ગામ છે. ત્યાં

સદુ પાંડેના ઘરમાં શ્રીનાથજી અત્યાર સુધી બિરાજતા હતા. શ્રીગિરિરાજજી પર મંદિર બંધાઈ રહ્યું છે તેના નિજગૃહમાં હવે ઠાકોરજીને પધરાવ્યા છે. અત્યારે કુંભનદાસજી શ્રીઠાકોરજી સન્મુખ સેવા - કીર્તન સેવા કરે છે. તમે પણ ત્યાં શ્રીપ્રભુની લીલાનુ માન કરી તેમને પ્રસન્ન કરો. તમારું આજ કર્તવ્ય છે.”

જવાબ : (શ્રીમહાપ્રભુજી સુરદાસજીને કહે છે)

સવાલ : ૪૫૩. શ્રીઠાકોરજીની સેવામાં રોજની વિભિન્ન ઝાંખીનાં વર્ણનમાં પદ કયાં નામથી ઓળખાય છે ?

જવાબ : (નિત્યનાં પદ)

સવાલ : ૪૫૪. કોણ કોને કહે છે ?

“ના, ભાઈ ના અમને એ ચમક દમંકમાં નાખશો નહીં. અમારો રાજદરબાર તો અમારા પ્રભુની હવેલીમાંજ ભરાય છે. એ બાંકે બિહારીના અમે દરબારી અને ગાયક છીએ. એ બાદશાહોનોય બાદશાહ અમારી કાલીઘેલી વાણીથી રીઝે છે, એટલો આનંદ અમારા માટે પૂરતો છે.”

જવાબ : (શ્રીસુરદાસજી મોગલ સરદારોને કહે છે)

સવાલ : ૪૫૫. કોણ કોને કહે છે ?

“અમારા શ્યામ સુંદર એજ અમારી આંખો છે, અમે તે પ્રભુનો ક્ષણ ભરનોય વિયોગ સહન કરી શકતા નથી. એમનાં દર્શન માટે તરફડીએ છીએ.”

જવાબ : (સુરદાસજી અકબર બાદશાહને કહે છે)

સવાલ : ૪૫૬. કોણ કોને કહે છે ?

"તો હવે પછી ફરી કદી મને આ દરબારમાં બોલાવશો નહીં કેમકે એનાથી અમારા ભજનમાં ભંગ પડે છે. મનમાં રાજસી વિકાર જાગે છે. આ દરબારી વાહવાહ અમને અકળાવી મૂકે છે. તમે તો વિદ્વાન છો, સારા કવિ છો, રસિક છો, ગુણગ્રાહી પણ છો. તમે મારી ભાવનાને સારી પેઠે સમજો છો. માટે તમારી પાસે બસ આટલું જ માગું છું."

જવાબ : (સુરદાસજી અકબર બાદશાહને કહે છે)

સવાલ : ૪૫૭. કોણ કોને કહે છે ?

"આપે ભગવલ્લીલાનાં તો હજારો પદ ગાયાં છે, પણ શ્રીમહાપ્રભુજી વિષે તો કશું ગાયું નથી. એમ કેમ ?"

જવાબ : (ચત્રભુજદાસજી શ્રી સુરદાસજીને કહે છે.)

સવાલ : ૪૫૮. "પુષ્ટિમાર્ગનું જહાજ" ઉપનામ કોણે કોને આપ્યું છે ?

જવાબ : (શ્રીગુસાંઈજીએ સુરદાસજીને)

(૨) કુંભનદાસ

સવાલ : ૪૫૯. કુંભનદાસજીની જ્ઞાતિ અને વતનનું નામ કહો .

જવાબ : (જ્ઞાતિ - ગોરવા ક્ષત્રી, વતન - જમનાવતા ગામ)

સવાલ : ૪૬૦. નિત્યલીલામાં કુંભનદાસજીનું સખા અને સખી સ્વરૂપ શું છે ?

જવાબ : (સખાસ્વરૂપ અર્જુન સખા, સખી સ્વરૂપ વિશાખા સખી)

સવાલ : ૪૬૧. કુંભનદાસજીનાં પદોનો મુખ્ય વિષય કયો છે ?

જવાબ : (યુગલ સ્વરૂપ સંબંધી)

સવાલ : ૪૬૨. કુંભનદાસજી પોતાને દોઢ પુત્ર છે એમ કહેતા તેનો શો અર્થ ?

જવાબ : (એક દીકરો સેવા અને સત્સંગ બન્ને કરે છે તે આખો પુત્ર અને એક દીકરો માત્ર સત્સંગ કરે છે તે અડધો પુત્ર)

સવાલ : ૪૬૩. કૃષ્ણદાસ (કુંભનદાસના પુત્ર) ને વાઘે મારી નાખ્યા તે સાંભળીને કુંભનદાસજી બેભાન થઈ ગયા તેનું સાચું કારણ ?

જવાબ : (સૂતકને કારણે પોતાને શ્રીનાથજીનાં દર્શન કરવા દેવામાં ક્ષતી આવે તેથી પોતાને વિયોગ થશે એ કારણ હતું)

સવાલ : ૪૬૪. કુંભનદાસજીનું નિત્યલીલા પ્રવેશનું દ્વાર ક્યાં આવ્યું ?

જવાબ : (અન્યોર પાસે સંકર્ષણકુંડ પર)

સવાલ : ૪૬૫. લીલા પ્રવેશ સમયે તેમનું ચિત્ત કયાં છે તે બતાવતું કયું પદ તેમણે ગાયું ?

જવાબ : ("તોય મિલનકો બોહોત કરત હૈ" આ પદ ગાયું)

સવાલ: ૪૬૬. અષ્ટછાપ કવિઓમાં કુંભનદાસ સૌથી મોટા હતા. ખરું કે ખોટું ?

જવાબ : (ખરું)

સવાલ : ૪૬૭. અષ્ટછાપ કવિ કુંભનદાસજીનો જન્મ ક્યારે અને ક્યાં થયો ?

જવાબ : (સંવત ૧૫૨૫માં જમનાવતા ગામમાં)

સવાલ : ૪૬૮. કોણ કોને કહે છે ?

“ક્ષમા કરજો મહારાજ ! અહીં તો હું મારા સ્વામી રસિક શિરોમણિ નંદનંદનની પ્રસન્નતા માટે જ કીર્તન ગાઉં છું, આમની પ્રસન્નતા માટે નહીં. હવે તો સાક્ષાત્ રાસબિહારી શ્યામ સુંદર આજ્ઞા કરે તો જ બીજું પદ ગવાય.”

જવાબ : (કુંભનદાસજી રાજા માનસિંહને)

સવાલ : ૪૬૯. કોણ કોને કહે છે ?

“પ્રભુ શ્રીનાથજીનાં ચરણનો આશ્રય છોડી હવે બીજે ક્યાંય જવાનો શો અર્થ ? એ ત્રિલોકના નાથનો આશ્રય છોડી, દુન્યવી રાજા મહારાજાનો આશ્રય મને ન ખપે. મહારાજ મને ક્ષમા કરજો, એ માયાના ચક્કરમાં હવે ફસાવું નથી.”

જવાબ : (કુંભનદાસજી રાજા માનસિંહને કહે છે)

સવાલ : ૪૭૦. કોણ કોને કહે છે ?

“કુંભન ! તું જેમ મારા વિના નથી રહી શકતો તેમ હું પણ તારા વિના નથી રહી શકતો. હવે હું તમને હંમેશા મારી પાસે રાખીશ.”

જવાબ : (શ્રીનાથજીબાવા કુંભનદાસને કહે છે)

સવાલ : ૪૭૧. કોણ કોને કહે છે ?

“બાદશાહ, અમારે ગરીબોને આ માયા શું કરવાની ? બસ, અમારી પ્રભુ સેવા અખંડ રીતે, કશા

ઉપદ્રવ વિના થયા કરે એટલે સુવિધા થાય એટલું કરો ?”

જવાબ : (કુંભનદાસજી અકબર બાદશાહને કહે છે)

સવાલ : ૪૭૨. અષ્ટસખાઓમાં શ્રીમહાપ્રભુના સેવકો કેટલા અને કયા હતા ?

જવાબ : (ચાર-સુરદાસજી, કુંભનદાસજી, પરમાનંદદાસજી, કૃષ્ણદાસજી)

સવાલ : ૪૭૩. અષ્ટસખાઓમાં શ્રીગુસાંઈજીના સેવકો કેટલા અને કોણ હતા ?

જવાબ : (ચાર-નંદદાસજી, છીતસ્વામી, ચતુર્ભુજદાસ, ગોવિંદસ્વામી)

(૩) પરમાનંદદાસ

સવાલ : ૪૭૪. પરમાનંદદાસજીની જ્ઞાતિ કઈ અને તેમનું વતન કયું ?

જવાબ : (જ્ઞાતિ - કનોજિયા બ્રાહ્મણ, વતન - કનોજ)

સવાલ : ૪૭૫. પરમાનંદદાસજીનું નિત્યલીલામાં સખા અને સખી સ્વરૂપ શું છે ?

જવાબ : (સખા સ્વરૂપ તોક સખા, સખી સ્વરૂપ ચંદ્રભાગા)

સવાલ : ૪૭૬. પરમાનંદદાસજીનું નિત્યલીલા પ્રવેશનું દ્વાર કયા સ્થળે છે ?

જવાબ : (સુરભિ કુંડ)

સવાલ : ૪૭૭. શ્રીમહાપ્રભુજીએ પરમાનંદદાસજીને શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધની અનુક્રમણિકા શા માટે સંભળાવી ?

જવાબ : (પરમાનંદદાસજી બાલલીલાનાં પદ ગાઈ શકે માટે)

સવાલ : ૪૭૮. પરમાનંદદાસજીનાં પદોમાં મુખ્યત્વે કઈ લીલા વર્ણવવામાં આવી છે ?

જવાબ : (વિરહલીલા)

સવાલ : ૪૭૯. પરમાનંદદાસજીના લીલા પ્રવેશ સમયે તેમનું ચિત્ત ક્યાં છે તે દર્શાવતું કયું પદ તેમણે ગાયું ?

જવાબ : (''રાધે બેઠી તિલક સંવારતી'' એ પદ ગાયું)

સવાલ : ૪૮૦. પરમાનંદદાસજીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

જવાબ : (વિ.સં.ક્ર ૧૫૫૦માં કનોજમાં)

સવાલ : ૪૮૧. કોણ કોને કહે છે ?

''ધન જ્યારે જરૂર કરતાં વધુ એકઠું થાય ત્યારે કોઈને કોઈ રીતે એનો જવાનો માર્ગ પણ નક્કી કરી લે છે. અત્યારે સંકટકાળ આવ્યો હોવાથી પ્રજાના ઉપયોગ માટે જ ધન હરી લીધું છે. એમાં ચિંતા કરવાની શી જરૂર અને સાચું પૂછો તો મારે લગ્ન કરવાં જ નથી. હું સંકોચવશ આ વાત કહી શકતો ન હતો. પરંતુ પ્રભુએ આ સ્થિતિ ઉત્પન્ન કરીને મને બચાવી લીધો છે.''

જવાબ : (પરમાનંદદાસજી તેમના પિતાશ્રીને કહે છે)

સવાલ : ૪૮૨. કોણ કોને કહે છે ?

“હકીકતમાં તો કોણ જાણે કેટલાય જન્મોથી હું જ આપની પ્રતીક્ષા કરતો રહ્યો છું. પ્રભુ ! કૂવો તરસ્યા પાસે નથી જતો, તરસ્યા માણસે કૂવા પાસે આવવું પડે છે. હું આપની પાસે આવ્યો છું.”

જવાબ : (પરમાનંદદાસજી શ્રીમહાપ્રભુજીને કહે છે)

(૪) શ્રી કૃષ્ણદાસ

સવાલ : ૪૮૩. કૃષ્ણદાસજીની જ્ઞાતિ અને વતનનું નામ કહો.

જવાબ : (જ્ઞાતિ - કણબી, વતન - અમદાવાદ જિલ્લાનું ચિલોતર ગામ)

સવાલ : ૪૮૪. નિત્યલીલામાં કૃષ્ણદાસજીનું સખા અને સખી સ્વરૂપ શું છે ?

જવાબ : (સખા સ્વરૂપ - ઋષભ સખા, સખી સ્વરૂપ લલિતા સખી)

સવાલ : ૪૮૫. કૃષ્ણદાસજીનું નિત્યલીલાનું પ્રવેશ દ્વાર ક્યાં છે ?

જવાબ : (ધ્રુવઘાટ)

સવાલ : ૪૮૬. શ્રીનાથજીના મંદિરના અધિકારી તરીકે કૃષ્ણદાસજીએ બંગાળી સેવકોને કોની મદદથી દૂર કર્યા ? શા માટે ?

જવાબ : (બીરબલ અને રાજા ટોડરમલની મદદથી - કારણ બંગાળીઓ અપ્રમાણિક હતા. બધી ભેટો તેઓ પોતાના ગુરુને મોકલતા.

સવાલ : ૪૮૭. કૃષ્ણદાસજીએ સ્વયં શ્રીગુસાંઈજીને શ્રીનાથજીની સેવા કરતા અટકાવ્યા તે કયા બહાને અને કેટલા સમય સુધી?

જવાબ : (સેવા કરવાનો અધિકાર શ્રીઆચાર્યજીના વડીલ પુત્ર ગોપીનાથજીના પુત્ર શ્રીપુરુષોત્તમજીનો છે એ બહાને સેવા કરવા અટકાવ્યા અને તે છ માસ સુધી

સવાલ : ૪૮૮. કૃષ્ણદાસજીએ ગિરિરાજજી ઉપરના શ્રીનાથજીના મંદિરની એક બારી શા માટે પૂરાવી દીધી ?

જવાબ : (કારણ શ્રીગુસાંઈજીને છ માસ સુધી શ્રીઠાકોરજીની સેવાથી દૂર રાખવાના હતા જ્યારે શ્રીઠાકરેજીએ બારી વાટે દર્શન આપતા)

સવાલ : ૪૮૯. કૃષ્ણદાસજીએ દેહ કેવી રીતે છોડ્યો ?

જવાબ : (કૂવામાં પડી જવાથી)

સવાલ : ૪૯૦. દેહ છોડ્યા પછી કૃષ્ણદાસજીએ નિત્યલીલામાં પ્રવેશ કર્યો. સાચું કે ખોટું ?

જવાબ : (ખોટું - સાચું એ છે કે તેઓ પ્રેત યોનિને પામ્યા)

સવાલ : ૪૯૧. કૃષ્ણદાસજીને પ્રેત યોનિમાંથી કોણે છોડાવ્યા ? કેવી રીતે ?

જવાબ : (શ્રીગુસાંઈજીએ શ્રીહસ્તથી કૃષ્ણદાસજીનું ક્રિયાકર્મ કરી શ્રાદ્ધ કરીને છોડાવ્યા)

સવાલ : ૪૯૨. કોણ કોને કહે છે ?

“લોકોને જે કહેવું હોય તે ભલે કહે, મારું કર્તવ્ય મને કરવા દો. તમે જાઓ. શ્રીગિરિરાજની તળેટીમાં

તંબુતાણો, બંગાળી સેવકોના, પરિવારોની રહેવાની તથા ખાવાપીવાની વ્યવસ્થા કરો, હું મથુરાના હાકેમને સમાચાર મોકલાવી દઉં છું અને તરત આવું છું.''

જવાબ : (શ્રીકૃષ્ણદાસજી દીનાનાથને કહે છે)

સવાલ : ૪૯૩. કોણ કોને કહે છે ?

''આપણા આ શ્રીનાથજીના મંદિરની સેવા વ્યવસ્થામાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવશે. એની પાછળ શ્રીઠાકોરજીની સેવા સારી રીતે થાય અને લોકોમાં ધર્મના માધ્યમથી સાંસ્કૃતિક જ્ઞાનનો પ્રચાર પ્રસાર થાય એ મુખ્ય હેતુ છે. અમે ઈચ્છીએ છીએ કે અહીં ભારત વર્ષનું એક સાંસ્કૃતિક કેન્દ્ર સ્થપાય. લલિત કલાઓનો વિકાસ થાય. અહીંથી સાહિત્ય અને સંગીતની મંદાકિની વહેતી થાય. આ માટે જ અમે અહીં નવી વ્યવસ્થા ગોઠવવા કટિબદ્ધ છીએ.''

જવાબ : (કૃષ્ણદાસજી વ્રજવાસીઓને કહે છે)

સવાલ : ૪૯૪. અષ્ટછાપ કવિઓમાંથી કયા કવિ કૂવામાં પડી જઈ નિજવાસમાં અલૌકિકરૂપે પહોંચી ગયા ?

જવાબ : (કૃષ્ણદાસજી)

(૫) શ્રી નંદદાસજી

સવાલ : ૪૯૫. નંદદાસજીની જ્ઞાતિ અને વતનનું નામ આપો.

જવાબ : (જ્ઞાતિ - સનાઢ્ય બ્રાહ્મણ - વતન - સોરમપુર પાસે રામપુર)

સવાલ : ૪૯૬. નંદદાસજીનું નિત્યલીલામાં સખા અને સખી સ્વરૂપ શું છે ?

જવાબ : (સખા સ્વરૂપ ભોજ સખા, સખી સ્વરૂપ ચંદ્રરેખા સખી)

સવાલ : ૪૯૭. 'ભ્રમરગીત'ની રચના બે અષ્ટસખાઓએ કરી હતી ? કોણે કોણે ?

જવાબ : (નંદદાસજી અને સુરદાસજી)

સવાલ : ૪૯૮. નંદદાસજીના પિતરાઈ ભાઈ કવિ તુલસીદાસ હતા. ખરું કે ખોટું ?

જવાબ : (ખરું)

સવાલ : ૪૯૯. નંદદાસજીનો જન્મ કયાં અને ક્યારે થયો ?

જવાબ : (વિ. સં. ૧૫૭૦માં રામપુર ગામમાં)

સવાલ : ૫૦૦. કોણ કોને કહે છે ?

"મનુષ્ય સાચા ધર્મને બદલે ધર્મને નામે ક્રિયાકાંડમાં અટવાઈ જાય છે, ત્યારે જગતના કલ્યાણ માટે દાનવ શકિતઓનો વિનાશ કરવા માટે ભગવાન અવતાર ધારણ કરે છે. ભગવાન રામ અને ભગવાન કૃષ્ણએ આજ હેતુ માટે અવતાર ધારણ કર્યો હતો. એ બન્ને પરમાત્માના જ અવતાર છે. એમાં કોઈ મોટા નથી કોઈ નાના નથી. માટે ભવિષ્યમાં આ બાબતમાં કદી તર્કવિર્તક કરશો નહિ. મિથ્યા ચર્ચાના વમળોમાં ફસાશો નહિ. નહિ તો અવળે માર્ગે ભટકી જશો, સમજ્યા ?"

જવાબ : (શ્રીઆત્મારામજી (નંદદાસજીના કાકા) નંદદાસજીને તથા તુલસીદાસજીને

સવાલ : ૫૦૧. કોણ કોને કહે છે ?

"મને એ છોકરીમાં સહેજ પણ રસ નથી, કે મારા મનમાં એના માટે કોઈ ખરાબ ભાવ નથી. મને તો એ છોકરીના નિર્દોષ ચહેરા પર મુરલી મનોહર ભગવાન શ્રીકૃષ્ણની ઝલક દેખાઈ રહી છે. ક્યારેક એના ચહેરા પર રૂપગર્વિતા શ્રીરાધાજીના મુખારવિંદના દર્શન થાય છે."

જવાબ : (શ્રીનંદદાસજી શ્રીગુસાંઈજીને કહે છે)

સવાલ : ૫૦૨. કોણ કોને કહે છે ?

જવાબ : "આ વ્રજ ભૂમિમાં પગ મૂકતાં જ માનવી મનના વિકારોથી મુક્ત બને છે, એનું હૈયું પરિશુદ્ધ બને છે. હવે રાધાકૃષ્ણને તમારા મનના માલિક બનાવો, એને માટે કોઈ કલ્પના કે પ્રયાસ કરવાની જરૂર નથી. અહીં તો કણકણમાં રાધાકૃષ્ણ સાક્ષાત્ બિરાજમાન છે. જરૂર છે આંખો ખોલીને જોવાની. આ તો પ્રભુની દિવ્યલીલા ભૂમિ છે"

જવાબ : (શ્રીગુસાંઈજી નંદદાસજીને કહે છે)

સવાલ : ૫૦૩. નંદદાસજીના બે ઉત્તમ પુષ્ટિગ્રંથો કયા ?

જવાબ : ('ભ્રમરગીત' અને 'રાસપંચાધ્યાયી')

(૬) શ્રી છીતસ્વામી

સવાલ : ૫૦૪. છીતસ્વામીની જ્ઞાતિ અને વતનનું નામ આપો.

જવાબ : (જ્ઞાતિ - ચોબા, વતન - મથુરા)

સવાલ : ૫૦૫. છીતસ્વામી શ્રીગુસાંઈજીના સેવક બન્યા તે પહેલાં તે શું કરતા હતા ?

જવાબ : (પાંચ લુચ્ચા અને ઠગ ચોબાઓના સરદાર હતા)

સવાલ : ૫૦૬. છીતસ્વામી શ્રીગુસાંઈજીના શરણે કેવી રીતે ગયા ?

જવાબ : (છીતસ્વામી શ્રીગુસાંઈજી પાસે ખરાબ શ્રીફળ અને ખોટો રૂપિયો લઈ ગયા. શ્રીગુસાંઈજીએ શ્રીફળમાંથી મીઠું કોપરું કાઢ્યું એ જોઈને શરણે ગયા)

સવાલ : ૫૦૭. કયા અષ્ટછાપ કવિ અકબર બાદશાહના મંત્રી બિરબલના તીર્થપુરોહિત હતા ?

જવાબ : (છીતસ્વામી)

સવાલ : ૫૦૮. છીત સ્વામી પૂર્વે શા નામે જાણીતા હતા ?

જવાબ : (છીતુ ચોબા)

સવાલ : ૫૦૯. કોણ કોને કહે છે ?

"કૃપાનાથ આપ તો પરમ ઉદાર છો, પ્રભુ આપ જાણતા હતા કે હું આપની પરીક્ષા લેવા માટેજ કપટબુદ્ધિથી આ ભેટ ધરું છું, છતાં આપે મારા ઉપર દયા કરી. હું શરમનો માર્યો આપને મોં પણ બતાવી શકું તેમ નથી."

જવાબ : (છીત સ્વામી શ્રીગુસાંઈજીને કહે છે)

(૭) શ્રી ચતુર્ભુજદાસ

સવાલ : ૫૧૦. ચતુર્ભુજદાસજીના પિતાનું નામ શું છે ?

જવાબ : (કુંભનદાસ)

સવાલ : ૫૧૧. કુંભનદાસજીએ પુત્રનું નામ ચતુર્ભુજદાસ કેમ રાખ્યું ?

જવાબ : (પુત્ર જન્મના થોડા જ સમય પહેલાં કુંભનદાસજીએ શ્રીઠાકોરજીનાં ચતુર્ભુજ દર્શન કર્યાં હતાં માટે)

સવાલ : ૫૧૨. ચતુર્ભુજદાસજીને બ્રહ્મસંબંધ કોણે અને ક્યારે કરાવ્યો ?

જવાબ : (શ્રીગુસાંઈજીએ)

સવાલ : ૫૧૩. "ગોવર્ધન ગિરિ સઘન કંદરા, રૈન નિવાસ કિયો પ્રિય પ્યારી" - આ પદ કોણે અને ક્યારે ગાયું ?

જવાબ : (ચતુર્ભુજદાસે પોતે કંદરામાં ફૂલ લેવા ગયા ત્યારે શ્રીનાથજીને અને શ્રીસ્વામીનીજીને નીકળતા જોયા ત્યારે ગાયું)

સવાલ : ૫૧૪. અષ્ટછાપ કવિઓમાં પિતા પુત્ર કોણ ?

જવાબ : (કુંભનદાસજી પિતા, ચતુર્ભુજદાસજી પુત્ર)

સવાલ : ૫૧૫. અષ્ટછાપ કવિઓમાં સૌથી નાના કવિ કોણ ?

જવાબ : (ચતુર્ભુજદાસજી)

સવાલ : ૫૧૬. અષ્ટછાપ કવિઓમાં છેલ્લા કવિ કોણ ?

જવાબ : (ચતુર્ભુજદાસજી)

સવાલ : ૫૧૭. કોણ કોને કહે છે ?

"પ્રભુ જ્યારે જે સેવા આપે તે પ્રસન્નતાપૂર્વક કરવી જોઈએ. આ ખેતીવાડી પણ સંગીત - સાધના જ છે.

આ હળ આપણો તંબુરો છે. આ જમીનનો પટ એ પ્રભુ સ્મરણનું પદ છે. આ ધરતી પર લહેરાતો પાક એજ આપણા ભગવાન છે.

જવાબ : (શ્રીકુંભનદાસજી ચતુર્ભુજદાસજીને કહે છે)

(૮) શ્રી ગોવિંદસ્વામી

સવાલ : ૫૧૮. ગોવિંદસ્વામીની જ્ઞાતિ અને વતનનું નામ કહો ?

જવાબ : (જ્ઞાતિ - સનોડિયા બ્રાહ્મણ, વતન - આંતરી ગામ)

સવાલ : ૫૧૯. ગોવિંદસ્વામી યમુનાજીમાં કદી પગ મૂકતા ન હતાં શા માટે ?

જવાબ : (કારણ કે તેમને શ્રીયમુનાજીનું આધિદૈવિક સ્વરૂપજ હંમેશા દેખાતું હતું.)

સવાલ : ૫૨૦. કયા પ્રસંગ ઉપર શ્રીગુસાંઈજીએ એમ કહ્યું કે શ્રીગોર્વધનનાથજી ગોવિંદ સ્વામીથી કદી છોવાતા નથી ?

જવાબ : (ઉત્થાપનના સમયે ગોવિંદસ્વામી ગયા ત્યારે શ્રીઠાકોરજીનો પાઘડીનો પેચ ખૂલ્યો હતો તે ગોવિંદસ્વામીએ સરખો કર્યો તે પ્રસંગ)

સવાલ : ૫૨૧. પોતે જે ધમાર ગાતા હતા તે ધમાર ગોવિંદદાસે શા માટે અધૂરી રાખી દીધી ?

જવાબ : (તે ધમાર નાસી ગયો)

સવાલ : ૫૨૨. શ્રીનાથજીના મંદિરમાં ઉત્થાપન સમયે કમાડ ઉઘાડતાં પહેલાં ત્રણ ઘંટનાદ અને ત્રણ શંખનાદ કરવાની પ્રથા

શા માટે પડી ?

જવાબ : (જેથી ગોવિંદસ્વામી સાથે ખેલતા શ્રીઠાકોરજીને દોડતા મંદિર આવવું ન પડે)

સવાલ : ૫૨૩. ગોવિંદસ્વામીએ ભૈરવી રાગ ગાવાનું શા માટે બંધ કર્યું ?

જવાબ : (મ્લેચ્છે તે રાગ છૂપી રીતે સાંભળીને વાહ વાહ બોલ્યો તેથી ભૈરવી રાગ છોવાઈ ગયો)

સવાલ : ૫૨૪. પ્રભુને રાજભોગ ધરાવતા પહેલાં પ્રસાદ લેવરાવવાની બાબતમાં ગોવિંદ સ્વામીને શ્રીગુસાંઈજીએ શા માટે સંમતિ આપી ?

જવાબ : (કારણ શ્રીઠાકોરજી સાથે વનમાં ખેલવા જવા માટે પોતે મોડા ન પડે તેવી ગોવિંદસ્વામીએ રજૂઆત કરી)

વિષય : સિદ્ધાંત મુક્તાવલી

સવાલ : ૫૨૫. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથ ષોડશગ્રંથના ક્યા ક્રમે છે ?

જવાબ : (ત્રીજા)

સવાલ : ૫૨૬. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથની રચના શ્રીમહાપ્રભુજીએ કયા વૈષ્ણવ માટે કરી છે ?

જવાબ : (અચ્યુતદાસ સનોઢિયા)

સવાલ : ૫૨૭. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથમાં કેટલા શ્લોકો છે ?

જવાબ : (૨૧)

સવાલ : ૫૨૮. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગનો કયો મુખ્ય સિદ્ધાંત બતાવ્યો છે ?

જવાબ : (૧. કૃષ્ણ સેવા સદા કાર્યા ૨. માનસી સેવા ૩. તનુજા વિત્તજા સેવા)

સવાલ : ૫૨૯. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી સિદ્ધાંતો સમજાવે છે. આ સિદ્ધાંતો શેમાંથી પ્રતિપાદિત કરેલા છે ?

જવાબ : (વેદ)

સવાલ : ૫૩૦. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ કઈ સેવા ઉત્તમ ગણી છે ? ૧. માનસી ૨. તનુજા ૩. વિત્તજા.

જવાબ : (માનસી સેવા)

સવાલ : ૫૩૧. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથ મુજબ સેવા એ સ્વતઃ

પુરુષાર્થ છે કે પુરુષાર્થનું સાધન છે ?

જવાબ : (સ્વતઃ પુરુષાર્થ)

સવાલ : ૫૩૨. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથ પ્રમાણે શ્રીમહાપ્રભુજીના મતે પરમફલ શું છે ?

જવાબ : (શ્રીકૃષ્ણની પ્રાપ્તિ)

સવાલ : ૫૩૩. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથ પ્રમાણે જીવે કયો ભાવ રાખીને ભગવાનની સેવા કરવી જોઈએ ? દાસભાવ કે માધુર્યભાવ

જવાબ : (દાસભાવ)

સવાલ : ૫૩૪. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથ પ્રમાણે સાધનરૂપ સેવા વિના ફલરૂપ સેવાની ઉત્પત્તિનો સંભવ નથી. ખરું કે ખોટું ?

જવાબ : (ખરું)

સવાલ : ૫૩૫. માનસી સેવા કોને સિદ્ધ થઈ હતી ? ૧. ઉદ્ધવજીને ૨. વ્રજભક્તોને ૩. અષ્ટછાપ કવિઓને.

જવાબ : (વ્રજભક્તોને)

સવાલ : ૫૩૬. ચિત્તવૃત્તિ ભગવાનમાં એકતાન થાય તે શ્રેષ્ઠ સાધનરૂપ સેવા છે. ખરું કે ખોટું ?

જવાબ : (ખોટું, શ્રેષ્ઠ ફલરૂપા માનસી સેવા)

સવાલ : ૫૩૭. તનુજા અને વિત્તજા સેવામાં કઈ સેવા ઉત્તમ છે ?

જવાબ : (તનુજા સેવા)

સવાલ : ૫૩૮. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથ મુજબ પરબ્રહ્મની શી વ્યાખ્યા છે ?

જવાબ : (પૂર્ણ પુરુષોત્તમ)

સવાલ : ૫૩૯. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથ મુજબ તનુજા વિત્તજા સેવા કરવાથી શું થાય છે ?

જવાબ : (અહંતા અને મમતાથી ભરેલા સંસારનાં દુઃખો નાશ પામે છે.)

સવાલ : ૫૪૦. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથ મુજબ ગંગાજીનાં કયાં બે સ્વરૂપ કહ્યાં છે ?

જવાબ : (૧. જલ સ્વરૂપ ૨. માહાત્મ્ય - તીર્થ સ્વરૂપ)

સવાલ : ૫૪૧. શ્રીકૃષ્ણ પ્રભુની સેવા હંમેશા કરવી જોઈએ એ કયા ગ્રંથમાં કહ્યું છે ?

જવાબ : (સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથ)

સવાલ : ૫૪૨. પરબ્રહ્મ એટલે પૂર્ણ પુરુષોત્તમ, પૂર્ણ આનંદ સ્વરૂપ, આ કયા ગ્રંથમાં કહ્યું છે ?

જવાબ : (સિદ્ધાંત મુક્તાવલી)

સવાલ : ૫૪૩. 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથ મુજબ અક્ષરબ્રહ્મના બે પ્રકાર કયા ?

જવાબ : (જગત અને જગતથી જુદું)

વિષય : સિદ્ધાંત રહસ્ય

સવાલ : ૫૪૪. 'શ્રીમહાપ્રભુજીની પહેલી પરિક્રમા દરમ્યાન સં. ૧૫૪૯માં ગોકુલમાં યમુનાજીના તટ ઉપર ગોવિંદ ઘાટ ઉપર બિરાજતાં આપશ્રીને શી ચિંતા થઈ હતી ?'

જવાબ : (દોષી જીવોનો નિર્દોષ પ્રભુ સાથે સંબંધ કેવી રીતે કરાવવો.)

સવાલ : ૫૪૫. શ્રીમહાપ્રભુજીને કયા દિવસે સાક્ષાત્ પ્રભુનાં દર્શન થયાં ?

જવાબ : (શ્રાવણ સુદ અગિયારસ)

સવાલ : ૫૪૬. શ્રીમહાપ્રભુજીને શ્રાવણ સુદ અગિયારસે કયા સ્વરૂપે પ્રભુએ દર્શન આપ્યાં ?

જવાબ : (ગોકુલચંદ્રમાજી સ્વરૂપે)

સવાલ : ૫૪૭. શ્રાવણ સુદ અગિયારસે સાક્ષાત્ પધારેલા પ્રભુને શ્રીમહાપ્રભુજીએ શેનો ભોગ ધર્યો ?

જવાબ : (મીસરીનો)

સવાલ : ૫૪૮. 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ કયા દિવસે રચ્યો છે ?

જવાબ : (શ્રાવણ સુદ ૧૨)

સવાલ : ૫૪૯. 'સિદ્ધાંત રહસ્ય ગ્રંથની રચનાનો પ્રસંગ કયા પુસ્તકમાં વર્ણવાયો છે ? આ પુસ્તક કોણે લખ્યું છે ?

જવાબ : (શ્રીવલ્લભ દિગ્વિજય ગ્રંથ - યદુનાથજીએ લખ્યો છે)

સવાલ : **૫૫૦. શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા સૌ પ્રથમ કોને આપી ?**

જવાબ : (દામોદરદાસ હરસાનીજીને)

સવાલ : ૫૫૧. 'સિદ્ધાંતરહસ્ય' ગ્રંથ દ્વારા શ્રીમહાપ્રભુજીએ કયો સિદ્ધાંત અપનાવ્યો છે ?

જવાબ : (સમર્પણનો)

સવાલ : ૫૫૨. 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથમાં મુખ્યત્વે કઈ બે ભગવદ્ આજ્ઞાઓ થઈ છે ?

જવાબ : (૧. બ્રહ્મસંબંધ લઈ દોષમુક્ત થવાની ૨. બ્રહ્મસંબંધ લીધા પછી કેવી રીતે જીવન જીવવું)

સવાલ : ૫૫૩. શરણસ્થ જીવોનો કયા પ્રકારના દોષોની નિવૃત્તિ માટે પ્રભુ મધ્યરાત્રિએ પ્રકટ થયા ?

જવાબ : (આધિદૈવિક દોષો)

સવાલ : ૫૫૪. 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથ મુજબ ભગવાન કેમ શ્રાવણ માસમાં પ્રકટ થયા ?

જવાબ : (આ માસ વિશેષ પવિત્ર અને ભગવત્ સંબંધ કરાવનાર છે)

સવાલ : ૫૫૫. 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથ મુજબ અગિયારસે ઇન્દ્રિયોને ઉપવાસ વડે પ્રભુમાં જોડાવાથી કયા પ્રકારના દોષોની નિવૃત્તિ થાય છે ?

જવાબ : (આધ્યાત્મિક દોષો)

સવાલ : ૫૫૬. 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથ મુજબ જીવનો પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કઈ દીક્ષાથી થાય છે ?

જવાબ : (શરણ મંત્ર (અષ્ટાક્ષર મંત્ર)થી)

સવાલ : ૫૫૭. 'સિદ્ધાંતરહસ્ય' ગ્રંથ મુજબ સેવા કરવાનો અધિકાર કઈ દીક્ષાથી મળે છે ?

જવાબ : (બ્રહ્મસંબંધ (આત્મનિવેદન)ના પ્રકારથી)

સવાલ : ૫૫૮. 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથ મુજબ બ્રહ્મસંબંધ મંત્ર કયા બે વિભાગમાં વહેંચાયેલો છે ?

જવાબ : (૧. ગદ્યમંત્ર ૨. પંચાક્ષર (શ્રીકૃષ્ણ તવાસ્મિ) મંત્ર)

સવાલ : ૫૫૯. 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથમાં લોક અને વેદમાં કયા પાંચ પ્રકારના દોષ બતાવ્યા છે ?

જવાબ : (૧. સહજ ૨. દેશ ૩. કાળ ૪. સંયોગ ૫. સ્પર્શ)

સવાલ : ૫૬૦. બ્રહ્મસંબંધ લીધા પછી ફરી દોષો ન લાગે તે માટે શ્રીમહાપ્રભુજી 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથમાં શું કરવાનું જણાવે છે ?

જવાબ : (પ્રભુને સમર્પણ કર્યા વિનાની બધી વસ્તુઓનો ત્યાગ)

સવાલ : ૫૬૧. 'સિદ્ધાંતરહસ્ય' ગ્રંથ મુજબ કઈ વસ્તુ પ્રભુને સમર્પણ કરવી યોગ્ય નથી ?

જવાબ : (અર્ધ વાપરેલી વસ્તુઓ - અર્ધભુક્ત વસ્તુઓ)

સવાલ : ૫૬૨. પૂજામાર્ગમાં પ્રભુને ધરેલી વસ્તુ દાન રૂપે અપાય છે કે સમર્પણ રૂપે ?

જવાબ : (દાન રૂપે)

સવાલ : ૫૬૩. 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથમાં પ્રભુને સમર્પિત કરેલી વસ્તુ નિર્દોષ બને છે એમ સમજાવવા કોનું દૃષ્ટાંત અપાયુ છે ?

જવાબ : (ગંગાજીનું)

વિષય : 'પુષ્ટિપ્રવાહમર્યાદા'

સવાલ : ૫૬૪. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ અર્જુનને જે રીતે ભગવાનનાં વિશ્વરૂપના દર્શન થયાં તેવાં દર્શન કોઈ પણ મનુષ્યને કઈ રીતે થઈ શકે ?

જવાબ : (૧. ભગવાનની અનન્ય ભક્તિથી ૨. ભગવાનની કૃપાથી ૩. દાન, તપ, યજ્ઞ કરવાથી)

સવાલ : ૫૬૫. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ શ્રીમહાપ્રભુજીના મતે કયો માર્ગ શ્રેષ્ઠ છે ?

જવાબ : (પુષ્ટિમાર્ગ)

સવાલ : ૫૬૬. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ શ્રીમહાપ્રભુજીના જણાવ્યા પ્રમાણે પ્રવાહ માર્ગ અને મર્યાદા માર્ગ થોડીક ભક્તિનું પણ દાન કરી શકે છે ?

જવાબ : (ના)

સવાલ : ૫૬૭. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ પ્રવાહી સૃષ્ટિનું ફળ શું હોય છે ?

જવાબ : (જન્મ મરણની ઘટમાળામાં પડી અંતે નરકમાં જવાનું)

સવાલ : ૫૬૮. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ જીવે નિષ્કામ ભાવે કરેલ યજ્ઞ યાગ આદિનું કેવું ફળ મળે છે ?

જવાબ : (મોક્ષ)

સવાલ : ૫૬૯. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ જીવે સકામ ભાવે કરેલ યજ્ઞયાગ આદિનું ફળ શું મળે છે ?

જવાબ : (સ્વર્ગનાં સુખ)

સવાલ : ૫૭૦. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ પુષ્ટિસૃષ્ટિને શું ફળ મળે છે ?

જવાબ : (શ્રીઠાકોરજીના શ્રીઅંગની સેવાનું - સ્વરૂપાનંદનું ફળ)

સવાલ : ૫૭૧. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ પુષ્ટિસૃષ્ટિની રચનાનો પ્રભુનો હેતુ શો છે ?

જવાબ : (ભગવત્ સેવા)

સવાલ : ૫૭૨. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ પુષ્ટિમાર્ગીય જીવના મુખ્ય બે ભેદ કયા ?

જવાબ : (૧. શુદ્ધ પુષ્ટિ જીવ ૨. મિશ્ર પુષ્ટિ જીવ)

સવાલ : ૫૭૩. પ્રભુએ સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું કારણ શું છે ?

જવાબ : (પોતાના આનંદ માટે અને લીલા વિહાર માટે)

સવાલ : ૫૭૪. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ ભગવત્ કાર્યની સિદ્ધિ માટે કયા ત્રણ પ્રકારના મિશ્ર પુષ્ટિ જીવો ઉત્પન્ન કર્યા છે ?

જવાબ : (૧. પુષ્ટિ મિશ્ર પુષ્ટિ ૨. પ્રવાહ મિશ્ર પુષ્ટિ ૩. મર્યાદા મિશ્ર પુષ્ટિ)

સવાલ : ૫૭૫. ભગવાનમાં સર્વથી અધિક પ્રેમ કયા જીવો રાખે છે ?

જવાબ : (શુદ્ધ પુષ્ટિ જીવો)

સવાલ : ૫૭૬. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ શુદ્ધ પુષ્ટિ જીવો કોણ હતા ?

જવાબ : (વ્રજ ભક્તો)

સવાલ : ૫૭૭. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ કયા જીવો લૌકિક અને વૈદિક કાર્યોમાં જરા પણ આસક્તિ રાખતા નથી ?

જવાબ : (પુષ્ટિ જીવો)

સવાલ : ૫૭૮. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ મર્યાદા જીવોને કેવાં કાર્યોમાં પ્રીતિ હોય છે ?

જવાબ : (વૈદિક કાર્યોમાં)

સવાલ : ૫૭૯. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુજબ પ્રવાહી જીવોને કેવા કાર્યોમાં પ્રીતિ હોય છે ?

જવાબ : (લૌકિક કાર્યોમાં)

સવાલ : ૫૮૦. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુબજ જે જીવોની સ્થિરતા અને રુચિ ક્યાંય હંમેશ માટે હોતી નથી, તે કયા જીવો કહેવાય ?

જવાબ : (ચર્ષણી જીવો)

સવાલ : ૫૮૧. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ મુબજ આસુરી જીવોના કયા બે પ્રકાર છે ?

જવાબ : (૧. દુર્જ્ઞ ૨. અજ્ઞ)

વિષય : ભક્તિવર્ધિની

સવાલ : ૫૮૨. 'ભક્તિવર્ધિની' ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ કોના માટે રચ્યો છે ?

જવાબ : (શ્રીપુરુષોત્તમદાસ જોષી)

સવાલ : ૫૮૩. 'ભક્તિવર્ધિની' ગ્રંથ મુજબ ઉત્તમ અધિકારીનો ભક્તિનો બીજભાવ શેનાથી દૃઢ બને છે ?

જવાબ : (ભક્તિ વિરોધી બાબતોનો ત્યાગ કરવાથી, શ્રવણથી, કીર્તનથી)

સવાલ : ૫૮૪. 'ભક્તિવર્ધિની' ગ્રંથ મુજબ ભક્તિની ત્રણ અવસ્થા કઈ ?

જવાબ : (પ્રેમ, આસક્તિ અને વ્યસન)

સવાલ : ૫૮૫. 'ભક્તિવર્ધિની' ગ્રંથ મુજબ મધ્યમ અધિકારીનો ભક્તિ બીજભાવ શેનાથી દૃઢ બને છે ?

જવાબ : (વર્ણાશ્રમ ધર્મનું યથાશક્તિ પાલન કરતાં પોતાનાજ ઘરમાં તન-મન-ધનથી સેવા કરવાથી)

સવાલ : ૫૮૬. 'ભક્તિવર્ધિની' ગ્રંથ મુજબ કનિષ્ઠ અધિકારી માટેનું ભક્તિનું પ્રથમ પગથિયું શું છે ?

જવાબ : (વ્યવસાય કરતા કરતા પણ શ્રીહરિમાં આપણું મન લીન રાખવું.)

સવાલ : ૫૮૭. 'ભક્તિવર્ધિની' ગ્રંથ મુજબ જો ભક્ત વ્યસન દશા પ્રાપ્ત કર્યા પછી નિરંતર ઘરમાં રહે તો તેની ભક્તિનો

વિનાશ થાય છે. કેમ ?

જવાબ : (સમાન ભાવવાળા ભગવદીયોનો સંગ મળતો નથી માટે)

સવાલ : ૫૮૮. 'ભક્તિવર્ધિની' ગ્રંથ મુજબ સુદૃઢ ભક્તિને પામવા ક્યારે ઘરનો ત્યાગ કરવો જોઈએ ?

જવાબ : (વ્યસન દશા પ્રાપ્ત કર્યા પછી)

સવાલ : ૫૮૯. 'ભક્તિવર્ધિની' ગ્રંથ મુજબ જ્યાં સુધી ભક્ત વ્યસન દશાએ ન પહોંચે ત્યાં સુધી કેવા સ્થાનમાં રહેવું જોઈએ ?

જવાબ : (ભગવદીયોનો સંગ મળે તેવા સ્થાનમાં અથવા ગોકુલ, વ્રજભૂમિ જેવા ભગવદ્ ધામોમાં)

સવાલ : ૫૯૦. 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ જણાવ્યા મુજબ કયા ભક્તના ભક્તિભાવનો ક્યારેય નાશ થતો નથી ?

જવાબ : (જે ભક્તની ભગવત્ સેવા અને ભગવત્ કથા બન્નેમાં આસક્તિ છે)

સવાલ : ૫૯૧. 'ભક્તિવર્ધિની' ગ્રંથ મુજબ જો ઘરમાં કુટુંબીજનોથી સેવામાં પ્રતિકૂળતા આવે તો શું કરવું ?

જવાબ : (ઘરમાં જ રહી સેવા - સ્મરણ જીવન પર્યંત ચાલુ રાખવાં.)

સવાલ : ૫૯૨. શ્રીમહાપ્રભુજીએ "સેવાફલ" કયા વૈષ્ણવ માટે રચ્યો ?

જવાબ : (શ્રીવિષ્ણુદાસ છીપા)

અથવા

વિષ્ણુદાસ છીપા માટે શ્રીમહાપ્રભુજીએ કયો ગ્રંથ રચ્યો ?

જવાબ : (‘‘સેવાફલ’’ ગ્રંથ)

વિષય : ૮૪ વૈષ્ણવોની વાર્તા - ૧ થી ૫૦ વાર્તા

સવાલ : ૫૯૩. શ્રીઠાકોરજીએ શ્રીઆચાર્યચરણને કહ્યું, ‘‘મેં તમને વચન આપ્યું છે કે જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો તેને હું કદીયે નહીં છોડું, તમે છોડશો તો યે’’ આ પ્રસંગ કયા વૈષ્ણવની વાતામાં આવે છે ?

જવાબ : (રામાનંદ પંડિત - થાનેશ્વરનાં)

સવાલ : ૫૯૪. શ્રીઆચાર્યચરણ શ્રી ઠાકોરજીની સેવામાં ગયા ત્યારે શ્રીઠાકોરજીના મુખમાં પહેલેથી જ જલેબીનો ટુકડો હતો. આ પ્રસંગ કયા વૈષ્ણવની વાર્તામાં આવે છે ?

જવાબ : (રામાનંદ પંડિત - થાનેશ્વરના)

સવાલ : ૫૯૫. રામદાસ ચૌહાણનો કયો અપરાધ હતો કે લલિતાજીએ તેમને ભૂતળ ઉપર જવાનો શ્રાપ આપ્યો ?

જવાબ : (રામદાસે મનમાં એવો મનોરથ કર્યો હતો કે હું લલિતાજીની જેમ બેઉ સ્વરૂપોની બીડી આરોગાવું)

સવાલ : ૫૯૬. શ્રીનાથજીના પ્રાક્ટય પછી પાટ બેસાડ્યા બાદ સૌથી પ્રથમ સેવા કરવાનું કામ શ્રીમહાપ્રભુજીએ કોને સોંપ્યું હતું ?

જવાબ : (રામદાસ ચૌહાણ)

સવાલ : ૫૯૭. શ્રીઆચાર્યજીએ રામદાસ મેવાડા બ્રાહ્મણને શેની સેવા પધરાવી આપી હતી ?

જવાબ : (પ્રસાદી વસ્ત્રની)

સવાલ : ૫૯૮. શ્રીરામદાસ મેવાડા બ્રાહ્મણની વાર્તામાં શ્રીઆચાર્યજીના નામે કયા બે ચમત્કારો જોડે જોડે થયા હતા ?

જવાબ : (૧. રામદાસના પિતાનો હાથ રસોઈ કરતાં જલી ગયો હતો તે રામદાસે શ્રીઆચાર્યજીના નામથી જલ રેડ્યું તેથી હાથ સારો થઈ ગયો. ૨. તેમ છતાં તેમના પિતા સેવક ન થયા ત્યારે દુ:ખી થઈને રામદાસે પિતાને આંધળા કરી દીધા)

સવાલ : ૫૯૯. શ્રીઆચાર્યજીએ "કૃષ્ણાશ્રય" ગ્રંથ કયા વૈષ્ણવ માટે લખ્યો ?

જવાબ : (બુલામિશ્ર)

અથવા

બુલામિશ્ર માટે શ્રીઆચાર્યજીએ કયો ગ્રંથ રચ્યો ?

જવાબ : (કૃષ્ણાશ્રય)

સવાલ : ૬૦૦. ભગવાનથી પણ ભગવન્નામ શ્રેષ્ઠ છે એ કયા વૈષ્ણવની વાર્તામાં બતાવ્યું ?

જવાબ : (બુલામિશ્ર)

સવાલ : ૬૦૧. શ્રીઆચાર્યજીના ઘરમાં એક ભગવદીય વૈષ્ણવનું માન જળવાતું અને એ વૈષ્ણવના કહ્યા અનુસારજ બધું ચલણ થતું હતું. એ ભગવદીય વૈષ્ણવનું નામ શું ?

જવાબ : (કૃષ્ણદાસી - ખવાસની)

સવાલ : ૬૦૨. કૃષ્ણદાસી ખવાસનીનો એક પ્રસંગ વર્ણવો જે આચાર્યજીના ઘરમાં જ બન્યો.

જવાબ : (શ્રીગુસાંઈજીનાં વહુજી રુકિમણીજીની પ્રસૂતિ કૃષ્ણાદાસીની ઇચ્છા અનુસાર જ મુહૂર્ત પ્રમાણે જ થઈ અને પુત્ર પ્રકટ્યો જેમનું શ્રીગુસાંઈજીએ વલ્લભ નામકરણ કર્યું છતાં કૃષ્ણાદાસીની ઇચ્છાથી ગોકુલનાથજી નામ રાખ્યું)

સવાલ : ૬૦૩. કયા વૈષ્ણવની નિષ્કપટતાથી શ્રીઠાકોરજી-દામોદરજી સાક્ષાત્ રસોઈ આરોગતા હતા ?

જવાબ : (સમરાઈ વહુ)

સવાલ : ૬૦૪. શ્રીઆચાર્યજીની પાસે બ્રહ્મસંબંધ લીધું નથી, સેવક પણ નથી થયાં તેથી શ્રી ઠાકોરજીની સેવા પણ કરી નથી છતાં શ્રીઠાકોરજી એ વૈષ્ણવ સાથે બોલ્યા છે અને શ્રીઆચાર્યજીના સેવક થઈ સેવા કરવાની સલાહ આપી છે એ કયા વૈષ્ણવ ?

જવાબ : (ક્ષત્રાણી - પ્રયાગની)

સવાલ : ૬૦૫. “ક્ષત્રાણી - પ્રયાગની” એ વાર્તામાં શ્રીઠાકોરજીએ જગતના વૈષ્ણવોને કયો સંદેશો આપ્યો છે ?

જવાબ : (“મને હંમેશા તાજીજ રસોઈ ભાવે છે, વાસી નહિ”)

સવાલ : ૬૦૬. અડેલની બ્રાહ્મણી માટે એક વૈષ્ણવે વિનંતિ કરી કે “તેણીને દ્રવ્યનો સંકોચ છે, આંખે સૂઝતું નથી માટે શ્રીઠાકોરજીને બીજાના માથે પધરાવો” ત્યારે શ્રીઆચાર્યજીએ કયો જવાબ આપો ?

જવાબ : (આચાર - ક્રિયાથી કે દ્રવ્યથી શ્રીઠાકોરજી પ્રસન્ન નથી પણ શ્રીઠાકોરજીમાં પ્રીતિ જોઈએ, બ્રાહ્મણીમાં પ્રીતિ છે માટે શ્રીઠાકોરજી બધું માની લે છે)

સવાલ : ૬૦૭. અડેલની બ્રાહ્મણીને ઘેર શ્રીઆચાર્યજી પધાર્યા ત્યારે કયું અલૌકિક દશ્ય હતું?

જવાબ : (બ્રાહ્મણી રોટી ધરે અને ચોપડે, શ્રીઠાકોરજી રોટલી ઊઠાવીને આરોગે. બ્રાહ્મણી ખોળે પણ મળે નહીં તેથી વિચારે કે ઉંદર બિલાડી રોટલી લઈ જાય છે)

સવાલ : ૬૦૮. આનંદદાસ અને વિશ્વંભરદાસ આ બે વૈષ્ણવો માટે શ્રીઆચાર્યજીએ કયો ગ્રંથ રચ્યો ?

જવાબ : (“સંન્યાસનિર્ણય”)

સવાલ : ૬૦૯. આનંદદાસ અને વિશ્વંભરદાસ એ બે વૈષ્ણવોની વાર્તાનો એક નાનો પ્રસંગ કહો.

જવાબ : (બે ભાઈઓ વાર્તા - સત્સંગ કરતા. નાનો ભાઈ સૂઈ જાય ત્યારે શ્રીઠાકોરજી હુંકારો દેતા)

સવાલ : ૬૧૦. જગનાનંદ થાણેશ્વરના વૈષ્ણવને કયો બોધ શ્રીઆચાર્યજીએ કર્યો ?

જવાબ : (શ્રીભાગવતને કહીને જીવિકા કદીયે ન કરવી, પ્રાણ જાય તો ભલે જાય)

સવાલ : ૬૧૧. શ્રીકલ્યાણરાય પ્રભુએ એક વૈષ્ણવને સ્વપ્નમાં કહ્યું, “મને તળાવમાંથી બહાર કાઢી મારી પૂજા કર” એ વૈષ્ણવનું નામ શું ? પ્રભુ કયા સ્વરૂપમાં પ્રગટ થયા ?

જવાબ : (૧. બાબા વેણુ ૨. પ્રભુ દેવી સ્વરૂપમાં પ્રગટ થયા)

સવાલ : ૬૧૨. એક વૈષ્ણવે જાતે જ ચિતા સળગાવી, ચિતામાં પ્રવેશી દેહ છોડ્યો. એ વૈષ્ણવ કયા ? એમાં એમનો કયો ભાવ હતો ?

જવાબ : (વૈષ્ણવ - યાદવેન્દ્રદાસ ખવાસ, ભાવ - બીજા કોઈ વૈષ્ણવ સંસ્કાર કરે તો તેમને સેવામાં અંતરાય પડે)

સવાલ : ૬૧૩. એક વૈષ્ણવ બળવાન હતા. તેમનો હાથ કૃષ્ણદાસે પકડ્યો પણ વૈષ્ણવ છોડાવી ન શક્યા એ વૈષ્ણવનું નામ શું ? આચાર્યજીના મત પ્રમાણે એમાં કયો ભાવ છૂપાયેલો છે ?

જવાબ : (વૈષ્ણવ - વાસુદેવદાસ છકડા, ભાવ - વૈષ્ણવ જેનો હાથ પકડે છે તેનો ગર્વ સહજમાં ઉતરી જાય છે

સવાલ : ૬૧૪. વાસુદેવદાસ છકડાનું નામ વાસુદેવદાસ છકડા રાખ્યું તેમાં શ્રીઆચાર્યજીએ કયો ભાવ સમજાવ્યો ? અથવા વાસુદેવદાસને કયું વરદાન આપ્યું ?

જવાબ : (ભાવ - પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન વશમાં રાખી શકશે. વરદાન - ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ છએ ધર્મ શ્રીઠાકોરજીમાં રહે છે તે બધાજ ધર્મો એ વૈષ્ણવમાં રહેશે.)

સવાલ : ૬૧૫. એક વૈષ્ણવ શ્રીઠાકોરજીની સેવા કરવા શ્રીગુસાંઈજીને મળ્યા. તેમને વૈષ્ણવોને પીરસવાની સેવા મળી ત્યારે તે વૈષ્ણવ ગાંઠનું ઘી લાવી સેવકોને પીરસતા. એ વૈષ્ણવ કયા ? ભાવ કયો ?

જવાબ : (વૈષ્ણવ - રાજા દૂબે ઉર્ફે ઉત્તમશ્લોકદાસ, ભાવ - શરીરમાં

બળ હશે તો શ્રીઠાકોરજીની અધિક સેવા થશે)

સવાલ : ૬૧૬. શ્રીગુસાંઈજી ઈશ્વર દૂબે ઉર્ફે ઉત્તમશ્લોકદાસ ઉપર પ્રસન્ન થયા અને માંગવાનું કહ્યું ત્યારે ઈશ્વર દૂબેએ શું માગ્યું ? એમાં ભાવ કયો ?

જવાબ : (માંગ્યું - ''હું સદા આપના ઉપર પ્રસન્ન રહું'' ભાવ કોઈ સમયે સેવામાં અપરાધ પડવાથી શ્રીગુસાંઈજી અપ્રસન્ન થાય ત્યારે મારું મન ન બગડે)

સવાલ : ૬૧૭. લીલામાં ઉત્તમશ્લોકદાસનો કયો અપરાધ હતો કે ભૂતળ ઉપર પ્રગટવાનો શાપ મળ્યો ?

જવાબ : (ઉત્તમશ્લોકદાસ લીલામાં ચંદ્રાવલીજીની સખી છે જેઓ પોતાના હાથથી શ્રીઠાકોરજી અને શ્રીસ્વામીજીને પીરસતા, ઉત્તમ શ્લોકદાસને ગર્વ થયોકે અમે બન્ને સ્વરૂપોને કેમ પીરસી ન શકીએ ?)

સવાલ : ૬૧૮. માતા પિતાના અવસાનનું સૂતક હોવા છતાં શ્રીઆચાર્યચરણે બે ભાઈઓને કથા આગળ બેસવાનું કહી સદા શુદ્ધ કહ્યા. એ બે ભાઈઓ કયા? શ્રીઆચાર્યજીએ કયો અનુભવ કરાવ્યો ?

જવાબ : (બે ભાઈઓ. રાજા દૂબે અને માધો દૂબે અનુભવ - શ્રીઆચાર્યજીએ બન્ને ભાઈઓને નંદાલયની ભાવનાનો અનુભવ કરાવ્યો)

સવાલ : ૬૧૯. શ્રીઆચાર્યચરણે રાજા દૂબે અને માધો દૂબે ઉપર ખુશ થઈને કયો બોધ આપ્યો અને કયા સામર્થ્યનું દાન કર્યું ?

જવાબ : (બોધ : જેને નિરોધ થયો છે તેણે બહુ બોલવું કે દેશમાં ફરવું નહિ. દાન : ઘરે જાઓ અને દૈવી જીવ આવે તેને નામ આપજો. તમને નિરોધ સિદ્ધ થયો છે અને જે તમારો સંગ કરશે તેને પણ નિરોધ સિદ્ધ થશે)

સવાલ : ૬૨૦. રામ દૂબે અને માધો દૂબે ક્યાંના વતની હતા ? તેમના લીલાના જીવનો પરિચય કહો.

જવાબ : (વતન મણુંદ, બન્ને લીલામાં લલિતાજીના સખી એકનું નામ કંજરી, બીજીનું નામ રસાલિક)

સવાલ : ૬૨૧. ગોવિંદ દૂબેનું ચિત્ત ભગવત્ સેવામાં લાગતું ન હતું. કેમ ?

જવાબ : (ગોવિંદ દૂબે વ્રજલીલા જીવ નથી. દ્વારિકાની લીલા સંબંધી જીવ છે.)

સવાલ : ૬૨૨. શ્રીઆચાર્યચરણે ગોવિંદ દૂબેને ઠાકોરજીની સેવા પંચામૃતનું સ્નાન કરીને કરો એમ કહ્યું, પણ પોતે પંચામૃત સ્નાન કરી ન આપ્યું. કેમ ?

જવાબ : (ગોવિંદ દૂબે વ્રજલીલા જીવ નથી પણ દ્વારિકાની લીલા સંબંધી જીવ છે. આ કારણે સેવા ભાવના વ્રજની કરે તો ચિત્ત ચોંટે નહીં તેથી)

સવાલ : ૬૨૩. ગોવિંદ દૂબેની સેવામાં ચિત્ત નહિ ચોંટવાની વ્યગ્રતા દૂર કરવા શ્રીઆચાર્યચરણે શું કહ્યું ?

જવાબ : (“નવરત્ન” ગ્રંથ લખી આપ્યો)

સવાલ : ૬૨૪. ગોવિંદ દૂબેને શ્રીઆચાર્યચરણ કથા સંભળાવતા હતા તેજ સમયે શ્રીરણછોડજી ભગવાન ગોવિંદ દૂબે સાથે

વાત કરવા માંડ્યા, આથી શ્રીઆચાર્યચરણ નારાજ થયા. આ માટે રણછોડજી ભગવાને બીજા દિવસે શ્રીઆચાર્યચરણને શું કારણ આપ્યું ?

જવાબ : (ગોવિંદ દૂબે વ્રજલીલાના જીવ નથી તેથી તેઓ જો શ્રીઆચાર્યચરણને સાંભળે તો ભગવાન રણછોડજીના હાથમાં આવે નહીં જેથી ગોવિંદ દૂબેને બન્ને બાજુથી નુકસાન થાય)

સવાલ : ૬૨૫. **શ્રીગુસાંઈજીએ ગોવિંદ દૂબેને મીરાંબાઈના ઘેરથી પરત બોલાવી લીધા. કેમ ?**

જવાબ : (કારણ મીરાંબાઈ મર્યાદા માર્ગી છે તેથી એમની સાથે ભગવદ્ વાર્તા કરવાથી બીજા વૈષ્ણવો દેખાદેખીથી અનુકરણ કરે)

સવાલ : ૬૨૬. **એક વૈષ્ણવ એવા હતા જેમના માથે શ્રીઆચાર્યચરણે શ્રીઠાકોરજી અને પાદુકા બન્ને સેવા માટે પધરાવી આવ્યા. એ વૈષ્ણવનું નામ શું ?**

જવાબ : (રામદાસ સાંચોરા)

સવાલ : ૬૨૭. **રામદાસ સાંચોરાને સેવા કરવા માટે શ્રીઆચાર્યચરણે ભગવત્ સ્વરૂપ અને પાદુકા એમ બે પધરાવી આપ્યા હતા. એ પાદુકાને ખૂંટી ન હતી. કેમ ?**

જવાબ : (એ પાદુકા માત્ર સેવા માટે જ હતી માટે)

સવાલ : ૬૨૮. **લીલામાં સ્વામિનીજીની સખી ઈન્દુલેખાની બે સખીઓ છે જે ભૂતળ ઉપર બે વૈષ્ણવ સ્વરૂપે અવતરી. એ બે વૈષ્ણવોનાં નામ શું ?**

જવાબ : (રામદાસ સાંચોરા અને રાણા વ્યાસ)

સવાલ : ૬૨૯. શ્રીઆચાર્યચરણ પાસે બ્રહ્મસંબંધ પામતાં પહેલાં રાણા વ્યાસને શેનું શેનું અભિમાન હતું ? એ અભિમાન ક્યારે છૂટ્યું ?

જવાબ : (અભિમાન ઈન્દ્રિયજિતનું દ્રવ્યનું અને જ્ઞાનનું હતું. એમાંથી દ્રવ્ય અને જ્ઞાનનો અહંકાર કાશીના પંડિતો પાસે વાદવિવાદ કરતા હાર્યા ત્યારે નાશ પામ્યા)

સવાલ : ૬૩૦. રાણા વ્યાસનો ઈન્દ્રિયજિતનો અહંકાર કેવી રીતે દૂર થયો ?

જવાબ : (એ અહંકાર દૂર કરવા એક કૌતુક રચાયું, દેસાઈ રાણે સાથેના સંગનું કૌતુક શ્રીઠાકોરજીએ રચ્યું)

સવાલ : ૬૩૧. રાણા વ્યાસને શ્રીઆચાર્યચરણે કયો ગ્રંથ શીખવ્યો ?

જવાબ : (ચતુઃશ્લોકી)

સવાલ : ૬૩૨. રાણા વ્યાસની વાર્તાનો ગ્રહણ કરવા લાયક મધ્યવર્તી સાર કયો ?

જવાબ : (જ્યાં સુધી અહંકાર હોય ત્યાં સુધી શ્રીઠાકોરજી અનુભવ ન કરાવે. ભક્તો હોય તેનો અહંકાર છોડાવવા શ્રીઠાકોરજી પોતે જ પ્રયાસો કરે)

સવાલ : ૬૩૩. "પ્રેતની સાથે વૃથા આ મનુષ્ય દેહ બાળે છે. આવો સુંદર દેહ ભગવત્ સેવામાં લાગે તો ઉદ્ધાર થાય. પ્રેતની સાથે બળે છે તે વૃથા જન્મ ખોવે છે." આ શબ્દો કયા વૈષ્ણવે કોને ક્યારે કહ્યા ?

જવાબ : (રાણા વ્યાસે રાજપૂતાણી માટે જગન્નાથ જોશીને કહ્યા)

અથવા

એક રાજપૂતાણીને તેનો ધણી મરી જવાથી એક વૈષ્ણવે બોધ કરીને સતી થતાં રોકી એ વૈષ્ણવનું નામ શું ? ? ત્યારે સાથે બીજા કયા વૈષ્ણવ હતા ?

જવાબ (વૈષ્ણવનું નામ રાણા વ્યાસ, સાથે હતા જગન્નાથ જોશી)

સવાલ : ૬૩૪. રાણા વ્યાસે રાજપૂતાણીને નામ નિવેદન કરાવ્યું પછી ધોતી વગેરે વસ્ત્ર ધોવાની સેવા આપી. કેમ ?

જવાબ : (કારણ વૈષ્ણવોનાં વસ્ત્ર ધોવાથી હૃદય શુદ્ધ થાય. કામ, ક્રોધ, મદ વગેરે દોષો દૂર થાય)

સવાલ : ૬૩૫. વૈષ્ણવના સંગગી ભગવત્ પ્રાપ્તિ થઈ હોય તેવું એક દૃષ્ટાંત આપો.

જવાબ : (રાણા વ્યાસના સંગથી રાજપૂતાણીને)

સવાલઃ ૬૩૬. શ્રીજગન્નાથ જોશીની વાર્તામાં શ્રીઠાકોરજીના સંબંધમાં કઈ બે ભાવનાઓ નહિ કરવાનું કહ્યું છે ?

જવાબ : (અસંભાવના અને વિપરીત આ બે ભાવનાઓ)

સવાલ : ૬૩૭. શ્રીઠાકોરજીને બીજી સામગ્રી ગરમ ધરીએ તેની ચિંતા નહીં પણ ખીરતો આંગળી બોળીને સહી શકે તેટલી જ ગરમ - આ કઈ વાર્તાના પ્રસંગમાં આવે છે ?

જવાબ : (જગન્નાથ જોશીની વાર્તા)

સવાલ : ૬૩૮. જગન્નાથ જોશીની વાર્તામાં રાજભોગનો થાળ શ્રીઠાકોરજી લાત મારીને ચોકીથી નીચે રાખી દે છે. કેમ ? આમ કેટલી વાર થાળ ફેંકી દીધો ?

જવાબ : (જગન્નાથ જોશી એવો વિચાર કરે છે કે શ્રીઠાકોરજી

વાગો પહેરીને થાળ આરોગે છે ત્યારે થાળ છોવાઈ જશે એવી અસંભવિત ભાવના કરી તેથી. આમ કુલ ચાર વખત થાળ ફેંકી દીધો)

સવાલ : ૬૩૯. જગન્નાથ જોશીની વાર્તામાં જુવારના પ્રસંગમાં બોધપાઠ કયો ?

જવાબ : (જેના હૃદયમાં સ્નેહ હોય, જેનો સ્વભાવ સારો હોય તેનો અપરાધ પડે તો પણ શ્રીઠાકોરજી કૃપા કરે અને તેનો બગાડ ન થાય)

સવાલ : ૬૪૦. 'ક્રોધ એ ચાંડાળનું સ્વરૂપ છે' એ વાત જગન્નાથ જોશીની વાર્તાના કયા પ્રસંગમાં આવે છે ?

જવાબ : (પ્રસંગ - જગન્નાથ જોશી પોતાના ઘરમાં ઉત્થાપનની સેવા કરતા હતા ત્યારે એક ડોશીએ માળા ફેંકી. જગન્નાથ જોશી પાસે એક ગરાસિયો ઊભો હતો, ગરાસિયાના ગળામાં પડી તેથી પહેલાં ગરાસિયાને ક્રોધ ચડયો અને એણે જગન્નાથ જોશીને મારવા તલવાર ઉગામી. અહીં શ્રીઠાકોરજીએ એ ગરાસિયાનો હાથ પકડ્યો અને જગન્નાથ જોશીને બચાવ્યા)

સવાલ : ૬૪૧. નરહરિ જોશી શ્રીઆચાર્યચરણનાં દર્શન અર્થે પુરુષોત્તમપુરી જતા હતા ત્યારે રસ્તામાં કયો અલૌકિક પ્રસંગ બન્યો ?

જવાબ : (રસ્તામાં જ્યાં મુકામે ઉતર્યા હતા ત્યાં નરહરિ જોશી શ્રીઠાકોરજીને ભોગ ધરતા હતા ત્યારે ઝાડ ઉપરથી સુંદર બાળક નીચે ઉતર્યો, હાથ લાંબો કરી માગવા લાગ્યો. નરહરિ જોશી બે રોટલી, દાળ વગેરે આપ્યું, બાળક ઝાડ

ઉપર ચઢી અદરશ્ય થઈ ગયો. બીજે દિવસે ફરી એજ બાળક આવ્યો પરંતુ નરહરિએ છળિયો સમજીને કાંઈ ન આપ્યું, પરંતુ તે શ્રીઠાકોરજી પોતે જ હતા.)

સવાલ : ૬૪૨. નરહરિ જોશીને શ્રીઠાકોરજીએ અનુભવ કરાવ્યો. કશું કહ્યું નહિ અને જગન્નાથ જોશીને કહ્યું, તેનું કારણ શું ?

જવાબ : (કારણ જગન્નાથ જોશી સરલ સ્વભાવના હતા જયારે નરહરિ જોશીને સમજુ હોવાનો ગર્વ હતો અને શ્રીઠાકોરજીને ગર્વ પ્રિય નથી)

સવાલ : ૬૪૩. જગન્નાથ જોશીની માતાને શ્રીઆચાર્યચરણે પહેલાં બ્રહ્મસંબંધ કેમ ન કરાવ્યો ?

જવાબ : (તેનો પતિ દુષ્ટ સ્વભાવનો હતો અને ધર્મ વિરોધી હતો. તે ભક્તિમાં રુકાવટ ન કરે માટે)

સવાલ : ૬૪૪. નરહરિ જોશીની સંગથી કયા બે વૈષ્ણવોને બ્રહ્મસંબંધ પ્રાપ્ત થયું ? કોણે કરાવ્યું ? એમાં કયો સિદ્ધાંત વર્ણવેલો છે ?

જવાબ : (મહીધર અને ફૂલબાઈ નામના બે ભાઈબહેનને શ્રીગુસાંઈજીએ કરાવ્યું. સિદ્ધાંત - વૈષ્ણવોનો સંગ હોય તો બધું શક્ય બને)

સવાલ : ૬૪૫. નરહરિ જોશી દ્વારા એક ચમત્કાર થયો. કયો ?

જવાબ : (નરહરિ જોશીના સંગથી મહીધર અને ફૂલબાઈ જે વૈષ્ણવો થયા હતા તેઓનાં ગામ અલિયાણામાં આગ લાગી તે નરહરિ જોશીને ખેરાળુમાં ખબર પડી ત્યારે તેમણે હાથમાં તુલસીનો કરંડિયો જમીનમાં મૂકી આસપાસ ઝારીથી જળનું કુંડાળુ કરી પાણી નાખ્યા કર્યું અને અલિયાણામાં આગ બુઝાઈ ગઈ)

સવાલ : ૬૪૬. **પુરુષોત્તમદાસ જોશી બ્રહ્મસંબંધ પામ્યા ત્યારે પહેલાં આચાર્યચરણને કયો પ્રશ્ન કર્યો હતો ? શ્રીઆચાર્યચરણે શો વિચાર કર્યો ?**

જવાબ : (પ્રશ્ન : કર્મ માર્ગ મોટો કે જ્ઞાન માર્ગ ? જવાબ : જેના મનમાં જેમાં દૃઢતા અને વિશ્વાસ થાય છે એ માર્ગ મોટો, પણ ખરી રીતે તો મોટો માર્ગ ભક્તિમાર્ગ છે જેમાં જીવ સરલતાથી કૃતાર્થ થાય છે. જ્યારે કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગમાં કષ્ટ સહ્યા પછી કૃતાર્થ થવાય. શરીરનું કષ્ટ સહે તો મન ઠેકાણે ન રહે)

સવાલ : ૬૪૭. **પુરુષોત્તમદાસ જોશીની વિનંતીથી શ્રીઆચાર્યચરણે કયો ગ્રંથ રચ્યો - અથવા પુરુષોત્તમદાસ જોશીએ જગન્નાથજીને કઈ વિનંતિ કરી. તેના જવાબમાં શ્રીઆચાર્યએ શું કહ્યું ?**

જવાબ : ("ભક્તિવર્ધિની" ગ્રંથ રચ્યો. વિનંતી કરી કે ભક્તિનું સ્વરૂપ શું છે તે કૃપા કરીને સમજાવો. જવાબમાં શ્રીઆચાર્યચરણે "ભક્તિવર્ધિની" ગ્રંથ રચીને આપ્યો)

સવાલ : ૬૪૮. **શ્રીઆચાર્યચરણે પદમાં રાવલને તનું અજ્ઞાન દૂર કરવા શું આપ્યું ? તેમાં છૂપાયેલો ભાવ કહો.**

જવાબ : (ચરણાવિંદનું પ્રસાદી ચંદન અને ચરણામૃત આપ્યાં, જે મુખમાં મૂકતાં જ બધા વેદ પુરાણ અને શાસ્ત્રનું જ્ઞાન પદમા રાવલને થયું. ચંદન લેવાથી બધું જ્ઞાન થાય, બધા આગળ લીલાની વાત કરે, કહ્યા વિના રહેવાય નહિ અને ચરણામૃત લેવાથી શરીર સ્થિર થઈ રહે, ભક્તિરસ ઉચ્છલિત થઈને બહાર ન જાય)

સવાલ : ૬૪૯. શ્રીઆચાર્યચરણે રણછોડજીનાં સ્વરૂપમાં દર્શન કયા વૈષ્ણવને આપ્યા ? કયા વૈષ્ણવના ઘેર ?

જવાબ : (પદમા રાવલને ગોપાલદાસ વાંસવાડાના ઘેર)

સવાલ : ૬૫૦. ગોપાલદાસ વાંસવાડાએ તેમના પિતાની આજ્ઞા પ્રમાણે પ્રયાગમાં મૂંડન કેમ ન કરાવ્યું ?

જવાબ : (ગોપાલદાસે ગંગાજી - યમુનાજીનાં દર્શન કર્યાં. તેઓ દૈવી જીવ હતા તેથી અલૌકિક દર્શન થયાં તે કારણે પ્રયાગમાં મૂંડન ન કરાવ્યું)

સવાલ : ૬૫૧. શ્રીઆચાર્યચરણે ગોપાલદાસ વાંસવાડાની સ્ત્રીને નિદેવન ન કરાવ્યું, માત્ર નામ સંભળાવ્યું. કેમ ?

જવાબ : (કારણ કે તે સ્ત્રી પુષ્ટિ જીવ ન હતી.)

સવાલ : ૬૫૨. માધવ ભટ્ટ કાશ્મીરી લીલામાં કયા સ્વરૂપમાં હતા ? તેમની કઈ સેવા હતી ?

જવાબ : (તેઓ જશોદાજીની સખી રત્ના હતા. શ્રીઠાકોરજીની સૈયા બીછાવવી, જલ લઈ આવવું વગેરે સેવા હતી)

સવાલ : ૬૫૩. માધવભટ્ટ કાશ્મીરીની એક ગુરુ પહેલા પણ હતા ? તે કોણ ? તે બન્નેએ શ્રીઆચાર્યચરણની કથા સાંભળી પણ જ્ઞાન એકલા માધવ ભટ્ટને જ થયું, ગુરુને નહીં, કેમ ?

જવાબ : (એ ગુરુનું નામ કેશવ ભટ્ટ, તેમણે શ્રીઆચાર્યચરણની સમાન કક્ષાએ બેસીને કથા સાંભળી તેથી જ્ઞાન ન થયું. જ્યારે માધવ ભટ્ટે દાસભાવથી નીચે બેસીને કથા સાંભળી તેથી જ્ઞાન થયું)

સવાલ : ૬૫૪. શ્રીઆચાર્યચરણની શ્રીભાગવતની ટીકા શ્રીસુબોધિનીજીનું લખવાનું કામ કયા વૈષ્ણવે કર્યું ? લખતી વખતે તેમનો વિવેધ કયો હતો ? એમાં કયો ભાવ હતો ?

જવાબ : (માધવ ભટ્ટ કાશ્મીરીએ લખવાનું કામ કર્યું ત્યારે શ્રીઆચાર્યચરણ સમક્ષ એવી રીતે બેસવા કે પગ ન દેખાય. એ શાસ્ત્રની મર્યાદા છે. એમાં દાસભાવ છૂપાયેલો છે)

સવાલ : ૬૫૫. એક વૈષ્ણવે શ્રીઠાકોરજી પાસે એક શ્લોક લખીને જેનો અર્થ કંઈક આવો થાય છે.

“આપ દયાલુ છો તે એવા દયાલુ છો કે અમારા ઉપર દયા આપજ કરો છો. દુઃખી ઉપર દયા પ્રકટ થાય તેજ દયાલુતા, તેથી દુઃખનો નાશ કરો.” આ શ્લોક કયા વૈષ્ણવે કયા પ્રસંગ માટે લખ્યો હતો ?

જવાબ : (એક ગૃહસ્થનો પુત્ર ગુજરી જતાં તે ખૂબ જ વિલાપ કરી પોતે મરી જવા તૈયાર થયો. કોઈના કહેવાથી તે ગૃહસ્થ માધવ ભટ્ટ કાશ્મીરી પાસે દોડી ગયો ત્યારે તેમણે દયા ખાઈને આ શ્લોક લખ્યો હતો)

સવાલ : ૬૫૬. માધવ ભટ્ટ કાશ્મીરીનો દેહવિલય કેવી સ્થિતિમાં થયો અને તેનું કારણ શું હતું ? ત્યાર પછી તેમની ગતિ કેવી થઈ ?

જવાબ : (માધવભટ્ટ કાશ્મીરી લઘુશંકા કરવા ગયા ત્યારે ચોરોનું તીર વાગવાથી તેમનો દેહ વિલય થયો હતો. એનું

કારણ એ હતું કે તેઓ તેમના ઠાકોરજીની શૈયા ફૂલોની બિછાવતા ત્યારે એક દિવસ અજાણતાં ફૂલોમાં સોય રહી ગઈ હતી જે શ્રીઠાકોરજીને વાગી હતી. ગતિ : તેમણે દેહવિલય વખતે શ્રીઆચાર્યચરણનું નામ શ્રીમુખેથી લીધું તેથી કોઈ કષ્ટ ન પડ્યું અને ઠાકોરજીનાં ચરણાવિંદને પ્રાપ્ત કર્યું)

સવાલ : ૬૫૭. **યાવદેન્દ્રદાસ કુંભાર કોના સંગથી શ્રીઆચાર્યજીના સેવક થયા ?**

જવાબ : (નારાયણદાસ બ્રહ્મચારીના સંગથી)

સવાલ : ૬૫૮. **યાદવેન્દ્રદાસ કુંભારનું શારીરિક સામર્થ્ય કયા બે પ્રસંગમાં દેખાયું ?**

જવાબ : (૧. શ્રીગુસાંઈજીના શ્રીમુખેથી સાંભળીને તેમણે એક રાતમાં મંદિર માટે પાયો ખોદ્યો. ૨. શ્રીનાથજીદ્વારમાં જલની ખેંચ જાણી કૂવો ખોદ્યો.)

સવાલ : ૬૫૯. **પૂરણમલ ક્ષત્રીને શ્રીઠાકોરજીએ સ્વપ્નમાં શું કહ્યું ?**

જવાબ : ("વ્રજમાં ગોવર્ધન પર્વત ઉપર અમે પ્રકટ થયા છીએ ત્યાં આવીને અમારું મંદિર સિદ્ધ કર અને શ્રીઆચાર્યજીનો સેવક થા)

સવાલ : ૬૬૦. **"અમારા પ્રભુને માટે જેકરો તેમાં હું પ્રસન્ન છું. તેથી સુખેથી મંદિરના માટે લૌકિક રીતિ બધી કરો. અમને કાંઈ દુઃખ નથી." પૂરણમલ ક્ષત્રીની વાર્તામાંનો આ સંવાદ કોનો છે ? કોની સાથે ?**

જવાબ : (શ્રીગોવર્ધન પર પૂરણમલ અને શ્રીઆચાર્યચરણ સાથે બોલાયેલો સંવાદ છે)

સવાલ : ૬૬૧. વ્રજમાં ગિરિરાજ પર્વત ઉપર મંદિર બાંધતાં પૂરણમલ ક્ષત્રીનું ધન વપરાઈ ગયું અને ખૂટ્યું એમાં કયો ભાવ છૂપાયો છે ?

જવાબ : (જે ધન હતું તે પૂરણમલના પિતાશ્રીનું લૌકિક રીતે કમાયેલું છે. તેથી પૂરણમલની પોતાની વિત્તજા સેવા સ્વીકારવા માટે શ્રીઠાકોરજીએજ કૃપા કરી ધન ખૂટાડયું હતું. એ કૃપા વૈષ્ણવોને માટે પણ બોધરૂપ હતી.

સવાલ : ૬૬૨. પૂરણમલ ક્ષત્રીએ શ્રીઆચાર્યચરણ પાસે કયા મનોરથની વાત કરી ? એની પાછળનો ભાવ સમજાવો.

જવાબ : (સુગંધીવાળો અરગજો સિદ્ધ થાય એવા મનોરથની વાત કરી એ ભાવથી કે લીલામાં સ્વામિનીજી શ્રીઠાકોરજીને અરગજા સમર્પવાની સેવા કરે છે અને શ્રીઆચાર્યજીનું સ્વામિનીજીનું જ સ્વરૂપ છે)

સવાલ : ૬૬૩. પૂરણગલ ક્ષત્રી ઉપર ખૂશ થઈને શ્રીઆચાર્યજીએ શું આપ્યું ? એથી એમને શું સિદ્ધ થયું ?

જવાબ : (શ્રીઆચાર્યજીએ પૂરણમલને પ્રસાદી ઉપરણો ઓઢાડ્યો તેથી પૂરણમલનું બધું શરીર માનસી સેવા યોગ્ય અલૌકિક થઈ ગયું)

સવાલ : ૬૬૪. શ્રીનાથજીના સ્વરૂપમાં મન આસકત થતાં વિરહ વેળાએ વ્યાકુલતાથી વિરહ - જવર ચઢી આવ્યો. એ વૈષ્ણવ કયા ?

જવાબ : (ત્રિપુરદાસ કાયસ્થ)

સવાલ : ૬૬૫. દેશાધિપતિ અને પિતાજી સાથે પરત જતી વખતે ત્રિપુરદાસ કાયસ્થને શું થયું ? શાથી ?

જવાબ : (તેમને વિરહ - જવર ચઢી આવ્યો કારણ તેમનું મન શ્રીજી સ્વરૂપમાં આસક્ત થયું હોવાથી વ્યાકુલતા થઈ હતી)

સવાલ : ૬૬૬. ત્રિપુરદાસ કાયસ્થની શ્રીજીમાં આસક્તિ જોવા શ્રીઆચાર્યએ શેનું દાન કર્યું ?

જવાબ : ("જ્યાં જશો અને રહેશો ત્યાં પ્રભુ તમને દર્શન આપશે તું શ્રીઠાકોરજીને કદી પીઠ નહિ દે" એવા આશીર્વાદ આપ્યા)

સવાલ : ૬૬૭. શ્રીઆચાર્યજીએ ત્રિપુરદાસને શ્રીઠાકોરજીના સદાય દર્શન માટેના આશીર્વાદ આપ્યા ત્યારે ત્રિપુરદાસે કયો નિશ્ચય કર્યો ?

જવાબ : ("શ્રીઠાકોરજીના ચરણામૃત - મહાપ્રસાદ વિના જળપણ નહિં લઉં" તેવો નિશ્ચય કર્યો)

સવાલ : ૬૬૮. ત્રિપુરદાસને તુરક મ્લેચ્છે બંદીખાનામાં નાખ્યા તે અંગે કયો ચમત્કાર થયો ?

જવાબ : (વિષ્ણુદૂતોએ આવીને તુરકને ખોટ ઉપરથી ઊંધો નાખી મગદળથી મારવા લાગ્યા અને એ રીતે ત્રિપુરાદાસને છોડાવ્યા)

સવાલ : ૬૬૯. વિષ્ણુદૂતોએ ચમત્કાર કરીને ત્રિપુરદાસને બંદીખાનામાંથી છોડાવ્યા તેમાં કયો ભાવ છૂપાયેલો છે ?

જવાબ : (ભગવાન ભક્તવત્સલ છે તેથી ભક્તદુઃખ ભગવાન સહી શકતા નથી)

સવાલ : ૬૭૦. **ત્રિપુરાદાસ કાયસ્થનો નિયમ હતો કે વર્ષો વર્ષ શ્રીઠાકોરજીને જડાવર (શિયાળાનું વસ્ત્ર) મોકલવું. ધન ખૂટી જતાં સૌ પ્રથમ તેમણે કઈ વ્યવસ્થા કરી ?**

જવાબ : (ખડીઆ ઉપરનું રૂપાનું મ્હોઢું વેચ્યું અને ખાદીનો થાન લાવીને ભંડારીને બતાવ્યો)

સવાલ : ૬૭૧. **ત્રિપુરદાસ કાયસ્થના ખાદીના થાનનો જ ડગલો અંગીકાર કરવા શ્રીઠાકોરજીએ શું કર્યું ? એમાં કઈ વાત વણાયેલી છે ?**

જવાબ : (બે ત્રણ ડગલા અંગીકાર કરાવ્યા છતાં શ્રીઠાકોરજી કહે ''હજી મારી ઠંડી મટી નથી'' જ્યારે ખાદીનું થાન મંગાવીને, ડગલો બનાવીને શ્રીગુસાંઈજીએ અંગીકાર કરાવ્યો ત્યારે શ્રીઠાકોરજીની ઠંડી મટી, એમાં શ્રીઠાકોરજી પ્રેમના ભૂખ્યા છે એ વાત વણાયેલી છે)

સવાલ : ૬૭૨. **શ્રીઠાકોરજી ભક્ત વત્સલ છે એ દર્શાવવા ત્રિપુરદાસ કાયસ્થની વાર્તાના બે પ્રસંગમાંથી એક વર્ણવો.)**

જવાબ : (૧. શ્રીઠાકોરજીના દૂતોએ તૂરકને મૂઢ માર મારી ત્રિપુરદાસને બંદીખાનામાંથી છોડાવ્યા. ૨. ચરણામૃત - મહાપ્રસાદ ખૂટી જતાં શ્રીઠાકોરજીએ બાલ સ્વરૂપે બન્ને વસ્તુ રસોઈયાને પહોંચાડી.)

સવાલ : ૬૭૩. **શ્રીઆચાર્યજીએ પુરુષોત્તમદાસ સ્ત્રી પુરુષને માથે તરત સેવા કેમ પધરાવી ન આપી ?**

જવાબ : (કારણ શ્રીઆચાર્યજીને જાણ હતી કે બન્નેની માતાઓ આસુરી જીવ છે અને તે કલેશ કરશે. સેવામાં કલેશ થવાથી સેવા અંગીકાર ના થાય)

સવાલ : ૬૭૪. પુરુષોત્તમદાસ સ્ત્રી પુરુષ બન્નેની માતાઓ કેવા સ્વભાવની હતી ?

જવાબ : (આસુરી જીવની કંકાસી સ્વભાવની હતી)

સવાલ : ૬૭૫. પુરુષોત્તમદાસ સ્ત્રી પુરુષ બન્નેની માતાઓએ બન્નેને માલા કાછવાનું કહ્યું ત્યારે બન્નેનો શો જવાબ હતો ?

જવાબ : (આ માલા તો અમારા શિરમા સાટે છે. માથું જાય તો ચિંતા નહિ, પણ માલાતો નહિ છોડીએ એ જવાબ હતો)

સવાલ : ૬૭૬. પુરુષોત્તમદાસ સ્ત્રી-પુરુષે શ્રીગુસાંઈજીને પાતળને બદલે કયા પાત્રમાં ભોજન કરવાનો આગ્રહ કર્યો ? એમાં કયો ભાવ ?

જવાબ : (પાત્ર : શ્રીઠાકોરજીના જ પાત્રમાં ભોજન લેવાનો આગ્રહ કર્યો ? ભાવ : શ્રીગુસાંઈજી ચંદ્રાવલીજીનું સ્વરૂપ છે જે લીલામાં શ્રીઠાકોરજીના પાત્રમાં જ સાથે જ ભોજન લેતા)

સવાલ : ૬૭૭. પુરુષોત્તમદાસની સ્ત્રીએ શ્રીગુસાંઈજીને કયા ભાવથી ભોજન લેવાનું કહ્યું ?

જવાબ : (''નંદરાયજીના ઘેર જેમ આરોગો છો તે જ પ્રકારે ભક્તોને ઘેર પણ આરોગો'')

સવાલ : ૬૭૮. પ્રભુદાસ ભાટે શ્રીઆચાર્યજી પાસે શું માંગ્યું ?

જવાબ : (''મને ક્યારેક દુ:સંગ ન રહે, એક દૃઢ વિશ્વાસ આપના ચરણોનો રહે'' એવી વિનંતિ કરી)

સવાલ : ૬૭૯. પ્રભુદાસ ભાટની અનન્યતા કેવ હતી ?

જવાબ : (શ્રીઠાકોરજીનાં ચરણાવિંદમાં જ તેમનો અનન્યાશ્રય એવો હતો કે પૃથાદેકમાં તેમનો દેહ ન છૂટ્યો અને શ્રીઠાકોરજીનાં ચરણારવિંદમાં જ છૂટ્યો)

સવાલ : ૬૮૦. પ્રભુદાસ ભાટ માટે શ્રીઠાકોરજીની ભક્તવત્સલતા કોના પ્રસંગમાં જોવા મળે છે ?

જવાબ : (કિરવ ચૌધરીના પ્રસંગમાં. તેઓ પ્રભુદાસ ભાટની નિંદા કરતા હતા તે શ્રીઠાકોરજીએ દૂતો મોકલીને બંધ કરાવી)

સવાલ : ૬૮૧. “પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે કોઈ તીર્થનો આશ્રય કરવો નહીં, શ્રીઆચાર્યજીનો આશ્રય કરવો. તેઓ ભગવદીયની નિંદા કરે તો આ લોકમાં પણ દુઃખ પામે કેમ કે ભગવાન અને ભગવદીય એક છે. ભગવાન ભગવદીયનો અપરાધ નથી સહી શકતા.” આ બોધ કયા વૈષ્ણવની વાર્તામાં છે ?

જવાબ : (પ્રભુદાસ ભાટની વાર્તા)

સવાલ : ૬૮૨. પ્રભુદાસ જલોટાએ ઘરનો ત્યાગ કર્યો પછી શ્રીઆચાર્યજીનો સંયોગ થયો એ શું સૂચવે છે ?

જવાબ : (જ્યાં સુધી કંકાસથી દૂર ન જાઓ ત્યાં સુધી ગુરુ ન મળે)

સવાલ : ૬૮૩. શ્રીઆચાર્યજીએ પ્રભુદાસ જલોટોને એકલાનેજ બ્રહ્મસંબંધ કરાવ્યું અને રામદાસને માત્ર નામ સંભળાવ્યું તેનું કારણ શું ?

જવાબ : (કારણ કે શ્રીઆચાર્યજી જાણતા હતા કે પ્રભુદાસ પુષ્ટિજીવ છે જ્યારે રામદાસ મર્યાદા જીવ છે)

સવાલ : ૬૮૪. મર્યાદામાર્ગીય સંગ છોડીને ગોકુલ ગયા પછીજ શ્રીઆચાર્યજીના ચરણમાં રહેવાની તક મળી એ વૈષ્ણવ કયા ?

જવાબ : (પ્રભુદાસ જલોટા)

સવાલ : ૬૮૫. "અમે તો એમને કયા રોક્યા કે આ માર્ગમાં ન પડો પણ એમણે અમારું કહ્યું માન્યું નહિ તેનું ફલ ભોગવે છે અને દૂબળા રહ્યા છે." આ શબ્દો આચાર્યજી કયા વૈષ્ણવની વાતમાં બોલ્યા છે ? કોની સાથે.

જવાબ : (પ્રભુદાસ જલોટાની વાર્તામાં શ્રીઆચાર્યજી શ્રીકૃષ્ણ ચૈતન્યના સેવક રૂપસનાતન સાથે બોલ્યા છે)

સવાલ : ૬૮૬. પ્રભુદાસ જલોટાની વાર્તામાં સમજાવ્યા પ્રમાણે વિપ્રયોગ ફલદશામાં શેનો અનુભવ થાય ?

જવાબ : (દેહ કૃશ થાય, વિરહના શ્વાસ ઊડે, નેત્રોનાં જળ ભરાય, કંઠ રૂંધાય, હસે, રડે, નૃત્ય કરે વગેરે)

સવાલ : ૬૮૭. એક દિવસ એક વૈષ્ણવની રસોઈ બગડી, અને લીટી બળી ગઈ જેથી શ્રીઠાકોરજીને ન ધરાવી એ વૈષ્ણવ કયા ? શ્રીઠાકોરજીએ શું કર્યું ?

જવાબ : (વૈષ્ણવ - પ્રભુદાસ જલોટા. શ્રીઠાકોરજીએ શ્રીઆચાર્યજીને કહ્યું, "આજે પ્રભુદાસની રાહ જોઈ પણ તેણે આજે મને ભોગ ધર્યો નથી")

સવાલ : ૬૮૮. પ્રભુદાસ જલોટાએ રસોઈ બગડી જતાં શ્રીઠાકોરજીને ધરી નહીં ત્યારે શ્રીઆચાર્યજીની કઈ સલાહ હતી ?

જવાબ : (સાવધાનીથી રસોઈ સિદ્ધ કરી શ્રીઠાકોરજીને ધરાવવી જોઈએ એ સલાહ આપી)

સવાલ : ૬૮૯. "વૃક્ષે વૃક્ષે વેણુ ધીરી, પત્રે પત્રે ચતુર્ભુજ...." એવું વ્રજનું સ્વરૂપ શ્રીઆચાર્યજીએ કયા વૈષ્ણવને કયા વૈષ્ણવને કયા પ્રસંગે દેખાડ્યું ?

જવાબ : (પ્રભુદાસ જલોટાને દેખાડ્યું જ્યારે તેમણે મહાપ્રસાદ લેવાની ના પાડી એટલા માટે કે તેઓએ સ્નાન કર્યું ન હતું.)

સવાલ : ૬૯૦. જે સામર્થ્ય હરિમાં છે, ગુરુમાં છે તેજ વૈષ્ણવમાં પણ છે એ કયા વૈષ્ણવની વાર્તામાં કયા પ્રસંગમાં દેખાય છે ?

જવાબ : (પ્રભુદાસ જલોટાની વાર્તામાં ભરવાડણને દહીંના બદલામાં મુક્તિ આપી તે પ્રસંગમાં)

સવાલ : ૬૯૧. શ્રીઠાકોરજી પ્રેમથી રસોઈ આરોગ્યા છે એ વાત પ્રભુદાસ જલોટાની વાર્તામાં કયા પ્રસંગમાં દેખાય છે ?

જવાબ : (પ્રભુદાસ ભરવાડણ પાસેથી મુક્તિ આપીને દહીં લાવ્યા હતા તે ખૂબ મીઠું છે એમ શ્રીઠાકોરજીએ શ્રીઆચાર્યજીને કહ્યું તે પ્રસંગ)

સવાલ : ૬૯૨. દિનકરદાસ મુકુન્દદાસની વાર્તામાં મુકુન્દદાસને સર્પ કરડ્યો છે તે કયા ઉપાયથી બેઠા થયા ?

જવાબ : (કૃષ્ણદાસ મેઘન ત્યાં કામ માટે ફરતા હતા તેમણે શ્રીઆચાર્યજીનું ચરણામૃત પાસે હતું તે મુકુન્દદાસને આપ્યું તેનાથી બેઠા થયા)

સવાલ : ૬૯૩. દિનકરદાસ મુકુન્દદાસને નામ નિવેદન કરાવ્યા પછી શ્રીઆચાર્યશ્રીએ કઈ સેવા આપી ?

જવાબ : (બ્રહ્મસંબંધનો મંત્ર લખીને હસ્તાક્ષર દીધા તેની સેવા આપી)

સવાલ : ૬૯૪. પુષ્ટિમાર્ગમાં અવૈષ્ણવના મુખથી શ્રીભાગવત શ્રવણ કરવાથી વૈષ્ણવોને દોષ લાગે એ કયા વૈષ્ણવની વાર્તામાં જોવા મળે છે ?

જવાબ : (દિનકરદાસ - મુકુન્દદાસની વાર્તામાં)

સવાલ : ૬૯૫. વૈષ્ણવ દિનકર શેઠની શેમાં આસક્તિ હતી ?

જવાબ : (શ્રીઆચાર્યજીના મુખેથી કથાશ્રવણ કરવામાં)

સવાલ : ૬૯૬. પોતાનાં ઘરેણાં, કપડાં, બીજું જે હાથ લાગે તે કથા કહેનારને આપી આવતા એ કયા વૈષ્ણવ ?

જવાબ : (દિનકર શેઠ)

સવાલ : ૬૯૭. દિનકર શેઠને શ્રીઆચાર્યજીએ શેનું વ્યાખ્યાન કર્યું ? એ સાંભળીને દિનકર શેઠ ઉપર શી અસર થઈ ?

જવાબ : (ભ્રમર ગીતનું. એ સાંભળીને દિનકર શેઠની આંખમાંથી આંસુનો પ્રવાહ વહેવા લાગ્યો)

સવાલ : ૬૯૮. દિનકર શેઠે કાચી અંગાખની કેમ ખાધી ?

જવાબ : (શ્રીઆચાર્યજી કથા કહેવાની તૈયારીમાં છે એ સાંભળ્યું અને તેમને શ્રીઆચાર્યજીની કથામાં ખૂબ આસક્તિ છે તેથી)

સવાલ : ૬૯૯. શ્રીઆચાર્યજીએ શ્રીલલિતત્રિભંગીજીની સેવા કયા વૈષ્ણવના માથે પધરાવી આપી ?

જવાબ : (દેવાકપૂર ક્ષત્રી અને તેની સ્ત્રીની માથે)

સવાલ : **૭૦૦. દેવાકપૂર અને તેની સ્ત્રી બન્નેના દેહવિલય પછી ઘરમાં મંદિરમાંથી શ્રીઠાકોરજી કેમ અદશ્ય થઈ ગયા ?**

જવાબ : (દેવાકપૂર ક્ષત્રીના પુત્રો વૈદિક કાર્યમાં આસક્ત મર્યાદા માર્ગી હતા જ્યારે તેમના પ્રભુ (સેવ્ય પ્રભુ) શ્રીલલિતત્રિભંગીજી પુષ્ટિ પ્રભુ હતા)

સવાલ : **૭૦૧. લાડિલેશજીપ્રભુની સેવા શ્રીઆચાર્યજીએ કયા વૈષ્ણવના માથે પધરાવી ?**

જવાબ : (જિયાદાસ સૂરી)

સવાલ : **૭૦૨. શ્રીઆચાર્યજીએ મહાવનની ક્ષત્રાણીને કઈ સેવા પધરાવી ?**

જવાબ : (એક વસ્ત્ર ઉપર પોતાનાં બે ચરણની કુમકુમવાળી છાપની)

સવાલ : **૭૦૩. યમુનાજીમાંથી ચાર સ્વરૂપ તરતાં કયા વૈષ્ણવને મળ્યાં ?**

જવાબ : (એક ક્ષત્રાણી - મહાવનનીને)

સવાલ : **૭૦૪. મહાવનની ક્ષત્રાણીને યમુનાજીમાંથી ચાર સ્વરૂપે મળ્યાં એ ચાર સ્વરૂપો કયાં ?**

જવાબ : (શ્રીનવનીતપ્રિયાજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીલાડિલેશજી અને શ્રીલલિતત્રિભંગીજી)

સવાલ : **૭૦૫. શ્રીગોકુલચંદ્રમાજીની સેવા જેના માથે છે તે વૈષ્ણવ કયા ?**

જવાબ : (નારાયણદાસ બ્રહ્મચારી)

સવાલ : ૭૦૬. ગાયને ઘાસ પણ ધોઈને ખવડાવતા એ વૈષ્ણવ કયા ? કયા ભાવથી તેઓ આમ કરતા હતા ?

જવાબ : (નારાયણદાસ બ્રહ્મચારી એ ભાવથી કે ગાય જે દૂધ આપે તેમાં રજ આવી જાય તો પ્રભુને શ્રમ પડે)

સવાલ : ૭૦૭. શ્રીઆચાર્યજી નારાયણદાસ બ્રહ્મચારીને ઘેર પધાર્યા ત્યારે કેવું દૃશ્ય જોયું ?

જવાબ : (નારાયણદાસ બ્રહ્મચારીએ ધરાવેલી ખીર ગરમ હતી તેથી આરોગતા શ્રીઠાકોરજીની આજુબાજુ છાંટા ઊડેલા જોયા)

સવાલ : ૭૦૮. કયા વૈષ્ણવને શ્રીઠાકોરજી ગાય કરતાં, ઘોડે કરતા અને તેથી તેના પગ ઘસાઈ જતા ?

જવાબ : (ગજજન ધાવન)

સવાલ : ૭૦૯. ગજજન ધવનના માથે કયા ઠાકોરજી શ્રીઆચાર્યજીએ પધરાવ્યા ?

જવાબ : (નવનીતપ્રિયજી)

સવાલ : ૭૧૦. અકકાજીએ ગજજન ધાવનને પાન લેવા માટે મોકલ્યા ત્યારે કેવી પરિસ્થિતિ થઈ ?

જવાબ : (ગજજન ધાવન બહાર નીકળતાં જ વિરહજવર ચઢ્યો અને દુકાન ઉપર જ પડી રહ્યા કારણ તેઓ વ્યસન દશામાં હતા.)

સવાલ : ૭૧૧. ગોવિંદદાસ ભલ્લાને સ્ત્રીનો ત્યાગ કરવાનું શ્રીઆચાર્યજીએ કેમ કહ્યું ?

જવાબ : (કારણ કે તેમની સ્ત્રી અનુકૂળ ન હતી)

સવાલ : ૭૧૨. શ્રીગોવર્ધનનાથજીને ગોવિંદદાસ ભલ્લા સેવા કરે એ સારી લાગતી ન હતી. કેમ ?

જવાબ : (ગોવિંદદાસ ભલ્લા અહંકારથી સેવા કરતા સ્ત્રીનો ત્યાગ પણ અહંકારથી કર્યો તેથી શ્રીઠાકોરજી કષ્ટ પામતા)

સવાલ : ૭૧૩. હરિવંશ પાઠક કોના ઉપાસક હતા ? તે આચાર્યને દૂરથી જોઈને ઘેર ગયા ત્યારે શો અનુભવ થયો ?

જવાબ : (તેઓ શ્રીગણેશના ઉપાસક હતા. તેઓને ઘરમાં પેસતાં જ ઠોકર વાગી. ગણેશજીએ તેમને સ્વપ્નમાં કહ્યું "શ્રીઆચાર્યજી પૂર્ણ પુરુષોત્તમ છે. તેમનાં દર્શન કરી અપરાધ ક્ષમા કરાવીને આવ ત્યાં સુધી હું તારું મુખ નહીં જોઉં")

સવાલ : ૭૧૪. માધવદાસ કોનો સંગ કરતા હતા ?

જવાબ : (વેશ્યાનો)

સવાલ : ૭૧૫. શ્રીગુસાંઈજીને માધવદાસની વેશ્યાએ અંગીકાર કરવા વિનંતી કરી ત્યારે શ્રીગુસાંઈજીએ શો જવાબ આપ્યો ? વેશ્યાએ શું કર્યું ?

જવાબ : (શ્રીગુસાંઈજીએ જવાબ આપ્યો કે અમે વેશ્યાને સેવક નથી કરતા ત્યારે વેશ્યાએ અન્નજલ છોડી દીધું. રોજ આપશ્રીના દર્શન કરી જાય)

સવાલ : ૭૧૬. શ્રીગુસાંઈજીએ વેશ્યાને બ્રહ્મસંબંધ ક્યારે કરાવ્યું ?

જવાબ : (જ્યારે વેશ્યાએ કહ્યું કે તેણે પંદર વર્ષ સુધી અંગીખારી ખાધી છે ત્યારે શ્રીગુસાંઈજીએ લાગ્યું કે હવે તે શુદ્ધ થઈ છે તે વખતે બ્રહ્મસંબંધ કરાવ્યું)

સવાલ : ૭૧૭. વેશ્યા અટકાવમાં પણ સેવા કરે છે એવી વૈષ્ણવોની ફરિયાદ છતાં કેમ ચલાવ્યું ? શ્રીગુસાંઈજીએ વૈષ્ણવોને શું કહ્યું ?

જવાબ : (વેશ્યાએ કહ્યું ''મારાથી ચાર દિવસ શ્રીઠાકોરજી વગર રહેવાતું નથી. પાંચમાં દિવસે પંચામૃત સ્નાન કરાવું છું'' તેવી આર્તિ જોઈને શ્રીગુસાંઈજીએ ચલાવ્યું. આપશ્રીએ વૈષ્ણવોને કહ્યું.'' તમે કોઈ એની દેખાદેખી ન કરતા)

સવાલ : ૭૧૮. વેશ્યાનો ઉદ્ધાર કોના સંગથી થયો ?

જવાબ : (માધવદાસના સંગથી)

સવાલ : ૭૧૯. ''પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સર્વોપરી છે, બીજા બધા અવતાર અંશે કલા રૂપ છે. તે બધા શ્રીકૃષ્ણના આજ્ઞાકારી છે.'' શ્રીઆચાર્યજીના શબ્દો કયા વૈષ્ણવની વાર્તામાં કોને કહેવાય છે ?

જવાબ : (ગદાધરદાસની વાર્તામાં તેમના કાકાને કહેવાયા છે)

સવાલ : ૭૨૦. ગદાધરદાસ માટે શ્રીઆચાર્યજીએ કયો ગ્રંથ લખ્યો ?

જવાબ : (''ભક્તિવર્ધિની ગ્રંથ'')

સવાલ : ૭૨૧. ગદાધારદાસના વ્યાવૃત્તિ નહિ કરવાના સંકલ્પમાં શ્રીઠાકોરજીએ કેવી પરીક્ષા કરી ?

જવાબ : (એક દિવસ તેમના ઘેર કોઈ જ યજમાન આપવા આવ્યા નહિ)

સવાલ : ૭૨૨. ગદાધારદાસે શેનો સંકલ્પ કર્યો હતો ?

જવાબ : (વ્યાવૃત્તિ નહિ કરવાનો)

સવાલ : ૭૨૩. ગદાધરદાસના ઘેર કોઈજ યજમાન આપવા ન આવ્યા ત્યારે તેમણે શું કર્યું ?

જવાબ : (મંગળામાં, શૃંગારમાં રાજભોગમાં ઉત્થાપનમાં શયન સુધી તેમણે માત્ર જલજ ધર્યું પણ ઉધાર ન લીધું)

સવાલ : ૭૨૪. માધવદાસે વેશ્યા રાખી હતી છતાં ગદાધરદાસે તેમને શાક લાવવાનું કેમ કહ્યું ?

જવાબ : (કારણ બીજા વૈષ્ણવ ગમે તેવા હોય પણ માધવદાસમાં કોઈ દોષ દૃષ્ટિ ન હતી)

સવાલ : ૭૨૫. ગદાધરદાસે માધવદાસને કેવા આશીર્વાદ આપ્યા ?

જવાબ : (તારી હરિભક્તિ દૃઢ થશે તેવા)

સવાલ : ૭૨૬. શ્રીઠાકોરજીએ રૂપ ધારણ કરી વાણિયાનું બધું લેણું ચૂકતે કરી સો રૂપિયા વધુ આપ્યા ? કયા વૈષ્ણવ માટે ?

જવાબ : (રામદાસ સારસ્વત)

સવાલ : ૭૨૭. શ્રીવિશ્વેશ્વર મહાદેવે શેઠ પુરુષોત્તમદાસને સ્વપ્નમાં શું કહ્યું ?

જવાબ : (એવું કહ્યું કે ગામના નાતે નહીં તો વૈષ્ણવના નાતે અમને મહાપ્રસાદ આપો)

સવાલ : ૭૨૮. શેઠ પુરુષોત્તમદાસે તેમના બેટા ગોપાલદાસને શો ઉપદેશ આપ્યો ?

જવાબ : (ભગવદીય સદાય તરુણ જ છે પરંતુ જે અવસ્થા હોય તેને માન આપવું)

સવાલ : ૭૨૯. શ્રીઠાકોરજીની સેવાની જેમ જ ગાયોની સેવા પણ પોતડી પહેરીને કયા વૈષ્ણવ કરતા ?

જવાબ : (શેઠ પુરુષોત્તમદાસ)

સવાલ : ૭૩૦. શ્રીઆચાર્યજીએ રીતિથી જન્માષ્ટમીનો ઉત્સવ સૌથી પહેલા કયા વૈષ્ણવના ઘેર કર્યો ?

જવાબ : (શેઠ પુરુષોત્તમદાસના ઘેર)

સવાલ : ૭૩૧. શ્રીઆચાર્યજીએ પત્રાવલંબન ગ્રંથ કયા વૈષ્ણવના વખતમાં રચ્યો ?

જવાબ : (શેઠ પુરુષોત્તમદાસના વખતમાં)

સવાલ : ૭૩૨. એક એવા વૈષ્ણવ હતા જે ભગવન્નામ ઉચ્ચારતા ત્યારે ખુદ શ્રીમદનમોહનજી હુંકારો દેતા. એ કયા વૈષ્ણવ ?

જવાબ : (શેઠ પુરુષોત્તમદાસના બેટા ગોપાલદાસ)

સવાલ : ૭૩૩. રજો ક્ષત્રાણી લીલામાં કોણ હતી ? ત્યાં તેનો શો ભાવ હતો ?

જવાબ : (તે લલિતાજીની સખી હતી. સ્વામિનીજીને આરોગાવવાનો ભાવ હતો)

સવાલ : ૭૩૪. શ્રીઆચાર્યજીએ રજો ક્ષત્રાણીની રસોઈ કેમ આરોગી ?

જવાબ : (રજો ક્ષત્રાણીના પ્રેમને વશ થઈને આરોગી)

સવાલ : ૭૩૫. શ્રીઆચાર્યજીએ રજો ક્ષત્રાણીને જ્યારે એમ કહ્યું કે મારા ઘરનું ઘી શ્રીઠાકોરજી માટે છે એટલે મેં ન લીધું અને તારી પાસે મંગાવ્યું ત્યારે રજો એ શો જવાબ આપ્યો ?

જવાબ : (રજોએ જવાબ આપ્યો, ‘‘તો મારા ઘરમાં કોણ છે ?

શ્રીઠાકરોજીની અધિક આપનું સ્વરૂપ બિરાજે છે. તેથી શ્રાદ્ધ માટે ઘી કેમ કરીને દઉં ?'')

સવાલ : ૭૩૬. પદ્‌મનાભદાસે કયા બે સંકલ્પ કર્યા ?

જવાબ : (૧. કથા કરીને વૃત્તિ નહિ કરું. ૨. ભિક્ષાવૃત્તિ નહિ કરું)

સવાલ : ૭૩૭. પદ્‌મનાભદાસને સ્વરૂપનું જ્ઞાન દૃઢ થાય તે માટે શ્રીઆચાર્યજીએ શું કર્યું ?

જવાબ : (પદ્‌મનાભદાસને વ્રજમાં લઈ ગયા. ત્યાં યમુનાજીના કિનારે મથુરાનાથજીનું સ્વરૂપ પ્રકટ કર્યું)

સવાલ : ૭૩૮. શ્રીઆચાર્યજીએ પ્રયાગમાં કયા વૈષ્ણવને સામે પાર જઈને અક્કાજીને લઈ આવવાની આજ્ઞા કરી ?

જવાબ : (પદ્‌મનાભદાસને)

સવાલ : ૭૩૯. પ્રયાગમાં સામે પારથી અક્કાજીને લઈ આવવાની શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી (પદ્‌મનાભદાસને) તે કાર્ય પ્રભુએ એક બાલકનું રૂપ લઈને કર્યું તેમાં પદ્‌મનાભદાસને પ્રભુનેશ્રમ કરાવવાનું બાધક ન નડ્યું કેમ ?

જવાબ : (કારણ કે ગુરુના કાર્ય અર્થે પ્રભુને શ્રમ કરાવ્યો તે બાધક નથી)

સવાલ : ૭૪૦. એવુ તે કયું કારણ હતું કે વેપારીના લૂંટાઈ ગયેલા માલને સરભર કરવા પદ્‌મનાભદાસે એક શાહને ખત્રપત્ર લખી આપ્યું ? એમાં તેમણે શું ઘરેણે મૂક્યું ?

જવાબ : (વેપારી આવ્યો ત્યારે શ્રીઆચાર્યજી ભોજન કરતા હતા તેમાં બાધા ન પડે તે કારણે તેમણે શાહ પાસે જઈને ખતપત્ર લખી આપ્યું. તેમાં તેમણે પોતાનો ધર્મ ઘરાણે મૂક્યો)

સવાલ : ૭૪૧. ક્ષત્રાણીને પુત્રનું સુખ આપવા પદ્મનાભદાસે શું આપ્યું ?

જવાબ : (પોતાનું ચરણોદક આપ્યું)

સવાલ : ૭૪૨. પદ્મનાભદાસે ક્ષત્રાણીને પુત્રનું સુખ આપવા શ્રીઠાકોરજીનું ચરણોદક કેમ ન આપ્યું ?

જવાબ : (પુત્રાદિક લૌકિક કામના માટે શ્રીઠાકોરજીને શ્રમ ન અપાય એ ભાવથી)

સવાલ : ૭૪૩. દ્રવ્ય સંકોચના કારણે શ્રીઠાકોરજીને છોલે ચણાને જુદી જુદી સામગ્રીના ભાવથી ધરતા એ વૈષ્ણવ કયા ?

જવાબ : (પદ્મનાભદાસ)

સવાલ : ૭૪૪. ગંગા જમુનાના સંગમમાંથી એક ત્રાંબાનો પત્ર જેમના હાથમાં આવ્યો તે વૈષ્ણવ કયા ?

જવાબ (દામોદરદાસ સંભલવાળા)

સવાલ : ૭૪૫. દામોદરદાસ સંભલવાળાને બ્રહ્મસંબંધ કેવી રીતે પ્રાપ્ત થયું ?

જવાબ : (તેમને ગંગા-જમુનામાંથી એક ત્રાંબાનો પત્ર હાથ લાગ્યો હતો અને રાત્રે સ્વપ્નમાં કહ્યું હતું આ પત્ર જે વાંચે તેના શરણે તું જજે. એ રીતે શ્રીઆચાર્યજીએ એ પત્ર વાંચ્યો અને બ્રહ્મસંબંધ આપ્યું)

સવાલ : ૭૪૬. શ્રીઆચાર્યજીએ દામોદરદાસ સંભલવાળને કયું સ્વરૂપ પધરાવી આપ્યું ?

જવાબ : (શ્રીદ્વારકાનાથજીનું)

સવાલ : ૭૪૭. દામોદરદાસ સંભલવાળાએ શ્રીઠાકોરજીને ધરાવેલા બીડા કાચા છે તે જોઈને શ્રીઆચાર્યજીને કયો બોધ કર્યો ?

જવાબ : (૧. શ્રીઠાકોરજીને ઉત્તમ સામગ્રી હોય તેજ સમર્પીએ ૨. શ્રીઠાકોરજી માટે બધી સામગ્રીમાંથી પ્રથમ લેવું. ૩. શ્રીઠાકોરજી માટે લીધેલી સામગ્રીમાંથી બીજા કોઈમાં ન વાપરવી)

સવાલ : ૭૪૮. "તમે જાતે જલ ભરો છો તે અમને લજ્જા આવે છે. તમે લુંડી પાસે જલ ભરાવો." કઈ વાર્તાનો આ સંવાદ છે ?

જવાબ : (દામોદરદાસ સંભલવાળાની વાર્તામાં તેમના સસરા તેમને આ સંવાદ કરે છે)

સવાલ : ૭૪૯. જેમણે રાજા અંબરીષને ન જોયા હોય તે દામોદરદાસ સંભલવાળાને જુએ. શ્રીઆચાર્યજી આ શબ્દો કયા કારણથી બોલ્યા હતા ?

જવાબ : (દામોદરદાસની સેવા જોઈને શ્રીઠાકોરજી જે જોઈએ તે માંગી લેતા તેથી શ્રીઆચાર્યજી ઘણા ખુશ થયા અને આમ બોલ્યા)

સવાલ : ૭૫૦. દામોદરદાસ સંભલવાળા શ્રીઠાકોરજી પાસે ગયા પછી કમાડ બંધ કરીને બહાર ચોરા ઉપર સૂઈ ગયા

ત્યારે શ્રીઠાકોરજીએ લૂંડી પાસે કમાડ ખોલાવી નાખ્યા. આમાં આપણે વૈષ્ણવો માટે કયો બોધ લેવાનું કહ્યું છે ?

જવાબ : (''યથા દેહે તથા દેવે'' શ્રીઠાકોરજીની આજ્ઞા છે કે જ્યાં સુધી સ્નેહનો ભાવ સંપૂર્ણહૃદયારૂઢ ન થાય ત્યાં સુધી ''યથા દેહે તથા દેવે'' એ ભાવથી સેવા કરવાનું રાખવું એ બોધ)

સવાલ : ૭૫૧. શ્રીઠાકોરજીએ દામોદરદાસ સંભલવાળાનો ધરાવેલો થાળ લાત મારીને ફેંકી દીધો. કેમ ?

જવાબ : (કારણ દામોદરદાસે કહ્યું કે શ્રીઠાકોરજી પોતાની શૈયા પણ સાચવી શકતા નથી. એમ કહીને સેવક ભાવ છોડ્યો હતો.)

સવાલ : ૭૫૨. દામોદરદાસ સંભલવાળાની પત્નીનો કઈ રીતે અન્યાશ્રય થયો હતો ?

જવાબ : (શ્રીઆચાર્યજીએ કહ્યું હતું કે તેને પુત્ર થશે તેમ છતાં તેણે જોશીને પણ શું થશે તે પૂછ્યું હતું)

સવાલ : ૭૫૩. કૃષ્ણદાસ મેઘન હંમેશા શ્રીઆચાર્યજી સાથે જ રહેતા હતા તેમાં શું ફલિત થાય છે ?

જવાબ : (તેઓ લીલામાં વિશાખા હતા તે સ્વામિનીજીનાં છાયારૂપ હતાં શ્રીઆચાર્યજી સ્વામિનીજીનો જ અવતાર છે)

સવાલ : ૭૫૪. શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઈને ત્રણ વખત કૃષ્ણદાસ મેઘનને માગવાનું કહ્યું ત્યારે શું માંગ્યું ?

જવાબ : (કુલ ત્રણ વસ્તુ માંગી. ૧. માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ

થાય ૨. મુખરતા દોષ જાય ૩. મારા ગુરુના ઘેર પધારો)

સવાલ : ૭૫૫. શ્રીઆચાર્યજી પૂર્ણ પુરુષોત્તમ છે તે સિદ્ધ કરવા કૃષ્ણદાસ મેઘને શું કર્યું ?

જવાબ : (પહેલા ગુરુ સમક્ષ હાથમાં અંગારા લઈને કહ્યું, “શ્રીમહાપ્રભુજી આપ પૂર્ણ પુરુષોત્તમ હો તો મારા હાથ ન બળે”)

સવાલ : ૭૫૬. પુર્ણ પુરુષોત્તમ કોઈ અપેક્ષા તો હોય નહીં તો પણ શ્રીઆચાર્યજીએ મુરમુરા આરોગવાની ઈચ્છા કેમ કરી ?

જવાબ : (કૃષ્ણદાસ મેઘનની પરીક્ષા કરી કૃપા કરવા માટે)

સવાલ : ૭૫૭. કૃષ્ણદાસ મેઘનને શ્રીઆચાર્યને પ્રશ્ન કર્યો કે ભકત લીલાનો ભેદ નથી જાણતો તે શા માટે ? ત્યારે આપશ્રીનો કયો ઉત્તર હતો ?

જવાબ : (“જીવે વિધિસર જે રીતે સમર્પણ કરવું જોઈએ તે રીતે કરતો નથી માટે”)

સવાલ : ૭૫૮. ભગવદ્‌ભાવ ઉત્પન્ન થાય તે માટે કૃષ્ણદાસ મેઘનની વાર્તામાં શ્રીઆચાર્યજીએ કયો રસ્તો ચીંધ્યો છે ?

જવાબ : (ઉત્તમ ભકતોનો સંગ તેમજ શ્રીભાગવત શ્રીસુબોધિનીજી વગેરે ગ્રંથોનું અવાગહન કરવાનો રસ્તો)

સવાલ : ૭૫૯. શ્રીઆચાર્યજી દામોદરદાસ હરસાનીને શું કહી બોલાવતા ?

જવાબ : (દમલા)

સવાલ : ૭૬૦. **"આપ નિકટ ન પધારો, શ્રીમહાપ્રભુજી જાગી જશે" કઈ વાર્તામાં કોણ કોને કહે છે ? એમાં કયો ભાવ છે ?**

જવાબ : (દામોદરદાસ હરસાનીની વાર્તામાં દામોદરદાસ શ્રીઠાકોરજીને કહે છે. એમાં એમનો શ્રીઆચાર્યજી માટેનો દૃઢ ભાવ સૂચવે છે)

સવાલ : ૭૬૧. **દામોદરદાસ હરસાની લીલામાં શું હતા ? લીલામાં અને ભૂતલ ઉપરના કામમાં સરખાપણું શું ?**

જવાબ : (લીલામાં લલિતા હતા, ત્યાં શ્રીસ્વામિનીજીના આજ્ઞાકારી હતા તેમ ભૂતલ ઉપર શ્રીઆચાર્યજીના આજ્ઞાકારી છે)

સવાલ : ૭૬૨. **દામોદારદાસ હરસાનીને જીવના દોષીપણાની ચિંતા થઈ, કયા ગામમાં કયા સ્થળે ?**

જવાબ : (ગોકુલ ગામમાં ગોવિંદઘાટ ઉપર સમવૃક્ષના નીચે જેની નજીક શ્રીદ્વારકાનાથજીનું મંદિર છે)

સવાલ : ૭૬૩. **જીવોનું દોષીપણું દૂર થાય તે માટે શ્રીઠાકોરજીએ શ્રીઆચાર્યજીને શી આજ્ઞા કરી ?**

જવાબ : (જીવને નામ નિવેદન બ્રહ્મસંબંધ કરાવવાની)

સવાલ : ૭૬૪. **શ્રીઆચાર્યજીને જીવો માટે શી ચિંતા થઈ ? એમાં કયો ભાવ સમાયો છે ?**

જવાબ : (ચિંતા : "જીવ દોષથી ભરેલો છે તે તો શ્રીઠાકોરજીને સંબંધ કેવી રીતે કરાવી શકાય ?" ભાવ : "કારણ શ્રીઠાકોરજીને તો હંમેશા ઉત્તમ વસ્તુ જ અંગીકાર કરાવાય")

સવાલ : ૭૬૫. શ્રીઆચાર્યજીને શ્રીઠાકોરજી તરફથી બ્રહ્મસંબંધ કરાવવાની આજ્ઞા કયા દિવસે કયા સમયે થઈ ? તે માટે શ્રીઆચાર્યજીએ કયો ગ્રંથ રચ્યો છે ?

જવાબ : (શ્રાવણ સુદ એકાદશીના દિવસે મધ્યરાત્રીએ તે માટે આપશ્રીએ ‘‘સિદ્ધાંતરહસ્ય’’ ગ્રંથ રચ્યો છે)

સવાલ : ૭૬૬. મેં શ્રીઠાકોરજીનાં વચન સાંભળ્યાં પણ સમજ્યો નહિ કોણે કોને આ શબ્દો કહ્યા ? એમાં કયો ભાવ રહ્યો છે ?

જવાબ : (દામોદરદાસ હરસાનીએ શ્રીઆચાર્યજીને કહ્યા. તેમને શ્રીઆચાર્યજીમાં અધિક પ્રીતિ હતી)

સવાલ : ૭૬૭. પુષ્ટિમાર્ગમાં વિષેનો સિદ્ધાંત શ્રીઆચાર્યજીએ કયા વૈષ્ણવને શીખવાડ્યો હતો ?

જવાબ : (દામોદરદાસ હરસાનીને)

સવાલ : ૭૬૮. દામોદરદાસ હરસાનીને કઈ ભક્તિ દૃઢ થઈ હતી ?

જવાબ : (પ્રેમલક્ષણા ભક્તિ)

સવાલ : ૭૬૯. શ્રીઆચાર્યજીએ દામોદરદાસ હરસાનીને માટે શ્રીઠાકોરજીને શી વિનંતિ કરી ?

જવાબ : (‘‘હું દામોદરદાસને જેમ નિત્ય અનુભવ કરાવું છું તેમ આપ પણ આપના સ્વરૂપનો કરાવજો’’)

સવાલ : ૭૭૦. શ્રીઆચાર્યજીએ શ્રીગુસાંઈજી પુત્ર હોવા છતાં દામોદરદાસ હરસાનીનાજ હૃદયમાં પુષ્ટિમાર્ગહૃદયારુઢ (સ્થાપન) કર્યો તેનું શું કારણ ?

જવાબ : (આગળ જતાં પુષ્ટિમાર્ગ વૈષ્ણવોમાં ફેલાય તે માટે. જો શ્રીગુસાંઈજીના હૃદયમાં સ્થાપન કર્યો હોત તો ધર્મમાત્ર ગોકુલમાં જ રહેત)

સવાલ : ૭૭૧. દામોદરદાસ હરસાનીના પિતાનું શ્રાદ્ધ કોણે કરાવ્યું ? દક્ષિણામાં હરસાનીજીએ શું આપ્યું ?

જવાબ : (શ્રીગુસાંઈજીએ શ્રાદ્ધ કરાવ્યું. દક્ષિણામાં હરસાનીજીએ સિદ્ધાંત રહસ્યના દોઢશ્લોક ગાયા, માર્ગની પ્રણાલિકા કહી, શ્રીઆચાર્યજીના ગ્રંથોની ટીકા કહી)

સવાલ : ૭૭૨. શ્રીઆચાર્યજીના બાલકોનું ચરણોદક લેવા પાછળ કયો ભાવ છે ?

જવાબ : (બાલકોમાં શ્રીવલ્લભનું જ સ્વરૂપ છે એમ સમજીને લેવું)

સવાલ : ૭૭૩. શ્રીઆચાર્યજી દામોદરદાસ હરસાનીને ત્રીજા દિવસે જ દર્શન આપતા. કેમ ?

જવાબ : (વિરહ તાપ જગાવવા માટે. ત્રણ દિવસ દર્શનનો આવેશ રહેતો. ત્રીજા દિવસે તેમને કષ્ટ થતું તે ફરીથી દર્શન થતાં દૂર થઈ જતું)

સવાલ : ૭૭૪. શ્રીગોવર્ધનનાથજીએ શ્રીઆચાર્યજીને બ્રહ્મસંબંધનો મંત્ર એકાદશીના દિવસે મધ્યરાત્રિએ આપ્યો એનું શું રહસ્ય છે ?

જવાબ : (ભક્તજનોની એકાદશ ઇન્દ્રિયો શુદ્ધ કરાવવા માટે અર્ધરાત્રિએ સાક્ષાત્ ભગવાન રાસલીલામાં ભક્તો સાથે વાર્તા કરે છે તે ભાવ છે)

સવાલ : ૭૭૫. બ્રહ્મસંબંધ કરાવવા શ્રીઆચાર્યજીને શ્રીગોવર્ધનનાથજીએ દોઢ શ્લોક કહ્યો એનો સંક્ષિપ્ત અર્થ શો ?

જવાબ : (એક શ્લોકમાં ભગવલ્લીલા અને અડધા શ્લોકમાં

માર્ગની રીતિ દેખાડી)

સવાલ : ૭૭૬. શ્રીગોવર્ધનનાથજીએ શ્રીઆચાર્યજીને કહ્યું કે મને ગાય બહુ પ્રિય છે ત્યારે શ્રીઆચાર્યજીએ શું કહ્યું ?

જવાબ : (સદુપાંડેને બોલાવી પોતાની પવિત્રી હતી તે વેચીને જે દ્રવ્ય આવે તેમાંથી ગાય લાવવા કહ્યું.)

જયશ્રી કૃષ્ણ

પુષ્ટિમાર્ગીય ક્વિઝ (પ્રશ્નાવલી)

વિભાગ - ૩

વયજૂથ - ૧૫ વર્ષથી નીચે

---

૧. આપણાં માર્ગનું નામ શું ?

(પુષ્ટિમાર્ગ)

૨. પુષ્ટિમાર્ગ કોણે પ્રગટ કર્યો ?

(જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી)

૩. આપણો અષ્ટાક્ષર મહામંત્ર કહો.

(શ્રીકૃષ્ણઃ શરણં મમ)

૪. આપણા ચાર પુરુષાર્થો કયા છે ?

(ધર્મ, અર્થ, કામ, મોક્ષ)

૫. ગીતામાં કોણ કોને ઉપદેશ આપે છે ?

(શ્રીકૃષ્ણ અર્જુનને ઉપદેશ આપે છે)

૬. ગીતામાં અધ્યાય કેટલા છે ?

(અઢાર)

૭. પુષ્ટિમાર્ગના ચાર મુખ્ય આધાર સ્તંભ કયા ?

(સેવા, સત્સંગ, અનન્યાશ્રય, સમર્પિત વસ્તુનોજ વિનિયોગ)

૮. ભગવાનનું નામ સ્વરૂપ કયું ?

(શ્રીમદ્ ભાગવત્)

૯. અઢારમું પુરાણ કોને કહે છે ?

(શ્રીમદ્ ભાગવત)

૧૦. શ્રીમદ્ ભાગવતમાં શ્રીવેદવ્યાસે કેટલા શ્લોક લખ્યા છે ?

(અઢાર હજાર શ્લોક)

૧૧. શ્રી વેદવ્યાસનાં પત્નીનું નામ કહો.

(અરણી)

૧૨. શ્રીમદ્ ભાગવત્માં વક્તા કોણ છે ?

(શ્રીશુકદેવજી)

૧૩. શ્રીમદ્ ભાગવતમાં મુખ્ય શ્રોતા કોણ છે ?

(પરીક્ષિત રાજા)

૧૪. ચાર દિશામાં ચાર દેવ છે. પૂર્વમાં કયા દેવ છે ?

(જગન્નાથજી)

૧૫. પશ્ચિમમાં કયા દેવ છે ?

(દ્વારકાનાથજી)

૧૬. ઉત્તરમાં કયા દેવ છે ?

(બદરીનારાયણ)

૧૭. દક્ષિણમાં કયા દેવ છે ?

(રામેશ્વરજી)

૧૮. પાંડુના પુત્રો કેટલા હતા ?

(પાંચ)

૧૯. પાંડવોનાં નામ આપો.

(યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ, નકુલ)

૨૦. અભિમન્યુની માતાનું નામ કહો.

(સુભદ્રા)

૨૧. ભકત પ્રહલાદના પિતાનું નામ કહો.

(હિરણ્યકશિપુ)

૨૨. હિરણ્યકશિપુનો નાશ કરવા ભગવાન કયા સ્વરૂપે પ્રગટ થયા ?

(નૃસિંહ ભગવાન)

૨૩. નૃસિંહ ભગવાન કયા દિવસે પ્રગટ થયા ?

(વૈશાખ સુદ - ૧૪)

૨૪. હિરણ્યકશિપુની રાજધાની ક્યાં હતી ?

(પંજાબના મુલતાન શહેરમાં)

૨૫. હિરણ્યકશિપુનો નાશ શાનાથી થયો ?

(લોભથી)

૨૬. ધ્રુવના પિતાનું નામ કહો.

(રાજા ઉત્તાનપાદ)

૨૭. ધ્રુવની માતાનું નામ કહો.

(સુનીતિ)

૨૮. કેટલા વર્ષની ઉમરે ધ્રુવ તપ કરવા વનમાં જાય છે ?

(પાંચ વર્ષ)

૨૯. ધ્રુવને તપ કરવા જતાં રસ્તામાં કોણ મળે છે ?

(નારદજી)

૩૦. નારદજીએ ધ્રુવને કયો મંત્રને આપ્યો ?

(ઓમ્ નમો ભગવતે વાસેદેવાય)

૩૧. ધ્રુવજી કયા વનમાં ગયા હતા ?
(મધુવનમાં)

૩૨. શિશુપાલનો નાશ શાનાથી થયો ?
(ક્રોધથી)

૩૩. રાવણનો નાશ શાનાથી થયો ?
(કામવાસનાથી)

૩૪. નમન કોને કરવાનું ?
(હરિ, ગુરુ, વૈષ્ણવોને)

૩૫. અનુગ્રહ કોના પર આધારિત છે ?
(ભગવદ્ ઇચ્છા શક્તિને આધીન છે)

૩૬. તિલક કેવું કરવું જોઈએ ?
(દણ્ડાકાર) (શ્રીયમુના મૈયાના બે તટની ભાવનાથી)

૩૭. જ્ઞાન ભક્તિ વિનાનું હોય તો શું થાય ?
(અભિમાન)

૩૮. જ્ઞાન ભક્તિ વિનાનું હોય તો શું થાય ?
(નમ્રતા)

૩૯. શ્રીનાથજીનું સ્વરૂપ ક્યાંથી પ્રકટ થયું ?
(જતીપુરામાં શ્રીગિરિરાજમાંથી)

૪૦. શ્રીનાથજીનું મંદિર કયા પ્રદેશમાં આવેલ છે ?
(રાજસ્થાન)

૪૧. શ્રીનાથજીનો કયો શ્રીહસ્ત ઊંચો છે ?
(ડાબો)

૪૨. શ્રીનાથજીનો જમણો શ્રીહસ્ત ક્યાં છે ?

(મૂઠીવાળી કેડ ઉપર છે)

૪૩. શ્રીનાથજીની પીઠક કેવી છે ?

(ચોખંડી)

૪૪. પીઠકની ચારેબાજુ જલ અંગે શો ભાવ છે ?

(શ્રીયમુનાજીનો)

૪૫. શ્રીમદ્ ભાગવતના ૧૨ સ્કંધ શું સૂચવે છે ?

(શ્રીનાથજીનાં બાર અંગ)

૪૬. ગોવર્ધન પૂજા ક્યારે કરવામાં આવે છે ?

(અન્નકૂટના દિવસે)

૪૭. શ્રીનાથજીના છત ઉપર શું છે ?

(ધજા, સુદર્શન ચક્ર, કળશ અને સિંહ)

૪૮. મંગલા દર્શન શ્રીઠાકોરજી કયા ભાવથી આપે છે ?

(શ્રીનવનીતપ્રિયજીના ભાવથી)

૪૯. શૃંગારનાં દર્શન શ્રીઠાકોરજી કયા ભાવથી આપે છે ?

(શ્રીગોકુલચંદ્રમાજીના ભાવથી)

૫૦. ગોવાળનાં દર્શન શ્રીઠાકોરજી કયા ભાવથી આપે છે ?

(શ્રી દ્વારકાનાથજીના ભાવથી)

૫૧. રાજભોગનાં દર્શન શ્રીઠાકોરજી કયા ભાવથી આપે છે ?

(શ્રીગોવર્ધનનાથજીના ભાવથી)

૫૨. ઉત્થાપનનાં દર્શન શ્રીઠાકોરજી કયા ભાવથી આપે છે ?

(શ્રીમથુરાનાથજીના ભાવથી)

૫૩. ભોગનાં દર્શન શ્રીઠાકોરજી કયા ભાવથી આપે છે ?
(શ્રીગોકુલનાથજીના ભાવથી)

૫૪. આરતીનાં દર્શન શ્રી ઠાકોરજી કયા ભાવથી આપે છે ?
(શ્રીવિઠ્ઠલનાથજીના ભાવથી)

૫૫. (શયનનાં દર્શન શ્રી ઠાકોરજી કયા ભાવથી આપે છે ?
(શ્રી મદનમોહનના ભાવથી)

૫૬. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ દિવસ કયો ?
(શ્રાવણ વદ - ૮)

૫૭. શ્રીકૃષ્ણનો જન્મ કયાં થયો ?
(મથુરા - કંસના કારાવાસમાં)

૫૮. શ્રીકૃષ્ણના માતા -પિતાનું નામ કહો.
(માતા - દેવકી)
(પિતા - વાસુદેવ)

૫૯. શ્રીકૃષ્ણ વિદ્યાભ્યાસ અર્થે કયા ઋષિને ત્યાં ગયા ?
(સાંદીપનિ ઋષિ)

૬૦. સાંદીપનિ ઋષિનો આશ્રમ કયાં આવેલ છે ?
(ઉજ્જૈન ક્ષેત્રમાં ક્ષીપ્રા નદીના કિનારે)

૬૧. શ્રીકૃષ્ણના ખાસ મિત્રનું નામ કહો.
(સુદામા)

૬૨. સુદામાની પત્નીનું નામ કહો ?
(સુશીલા)

૬૩. સુદામા શું લઈ શ્રીકૃષ્ણ ભગવાનને મળવા જાય છે ?
(પૌવા - તાંદુલની પોટલી)

૬૪. શ્રીકૃષ્ણનો સંદેશો લઈ ગોકુલમાં કોણ જાય છે ?

(ઉદ્ધવ)

૬૫. શ્રી વલ્લભનું પ્રાગટ્ય કયાં થયું ?

(ચંપારણ્ય)

૬૬. ચંપારણ્ય ક્યાં આવ્યું ?

(છત્તીસગઢના રાયપુર જિલ્લામાં)

૬૭. શ્રી મહાપ્રભુજીના પિતાનું નામ કહો.

(લક્ષ્મણભટ્ટજી)

૬૮. શ્રી વલ્લભનું પ્રાકટ્ય ક્યારે થયું.

(સંવત ૧૫૩૫ ચૈત્ર કૃષ્ણપક્ષ - ૧૧)

૬૯. શ્રીવલ્લભના પૂર્વજો કયા યજ્ઞો કરતા હતા ?

(સોમયજ્ઞ)

૭૦. શ્રી મહાપ્રભુજીએ સૌ પ્રથમ કોને બ્રહ્મસંબંધની દીક્ષા આપી ?

(શ્રી દામોદરદાસ હરસાનીજી)

૭૧. શ્રી વલ્લભે દીક્ષા ક્યારે આપી ?

(શ્રાવણ સુદ - ૧૨)

૭૨. શ્રી વલ્લભના પ્રથમ પુત્રનું નામ કહો.

(શ્રી ગોપીનાથજી)

૭૩. શ્રી વલ્લભના દ્વિતીય પુત્રનું નામ કહો.

(વિઠ્ઠલનાથજી)

૭૪. શ્રીયમુનાજી ક્યાંથી પ્રકટ થયાં છે ?

(શ્રી યમુનાજી આધિ દૈવિક સૂર્ય નારાયણના હૃદયમાંથી પ્રકટ થયાં છે.)

૭૫. શ્રી વલ્લભ શ્રી યમુનાજીને કેવા પ્રિયા કહે છે ?

(ચતુર્થપ્રિયા કહે છે.)

૭૬. શ્રી વલ્લભ ભૂતળ ઉપર કેટલો સમય બિરાજ્યા ?

(બાવન વર્ષ, બે માસ, સાત દિવસ)

૭૭. શ્રી ગુસાંઈજીનું પ્રાગટ્ય કયા દિવસે થયું ?

(વિ. સં. ૧૫૭૨ના માગશર વદ - ૯)

૭૮. ખોટો રૂપિયો અને ખોટું નારિયેળ લઈ કોણ આવ્યું હતું ?

(છીતુ ચૌબે)

૭૯. કુંભનદાસનો આખો પુત્ર કોણ ?

(ચતુર્ભુજદાસ)

૮૦. કુંભનદાસનો અડધો પુત્ર કોણ ?

(કૃષ્ણદાસ)

૮૧. શ્રી વિઠ્ઠલનાથજીના પ્રથમ પુત્રનું નામ શું ?

(શ્રીગિરિધરજી)

૮૨. શ્રી વિઠ્ઠલનાથજીના ચતુર્થલાલજીનું નામ શું ?

(શ્રી ગોકુલનાથજી)

૮૩. શ્રીગોકુલનાથજીએ ઘરે ઘરે વંચાતાં કયાં પુસ્તકો પ્રકટ કર્યાં છે ?

(૮૪ વૈષ્ણવોની વાર્તા અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા.)

૮૪. સામે કોઈ વૈષ્ણવ મળે તો શું કહેશો ?

(જયશ્રીકૃષ્ણ)



અમારા સૌને "જયશ્રીકૃષ્ણ"

૧. વ્રજ વ્રજેશ પરિવાર તથા સૌ સભ્ય - હાલોલ

૨. શ્રી દ્વારકાદાસ કનૈયાલાલ શાહ - માતર

૩. શ્રી ગોપાલદાસ જેઠાલાલ શાહ - માતર

૪. શ્રીમતિ સુશીલાબહેન કાંતિલાલ પાટડિયા - માતર

૫. શ્રી ભીખાભાઈ શનાભાઈ કા. પટેલ - માતર

૬. પ. ભ. ગંગાબહેન નારણદાસ કોટેચા - લંડન
હસ્તે નારણદાસ કોટેચા

૭. પ. ભ. લીલાબહેન રાવજીભાઈ પટેલ - અમેરિકા
હસ્તે પટેલ એન્ડ કું. આણંદ

૮. પ. ભ. મણિલાલ દલસુખભાઈ શાહ - સુરત

૯. પ. ભ. દામોદરભાઈ દલસુખભાઈ શાહ - બોરીવલ્લી

૧૦. પ. ભ. બાલકૃષ્ણ દલસુખભાઈ શાહ - બોરીવલ્લી

૧૧. પ. ભ. પારૂલબહેન પ્રદિપભાઈ શાહ - ભાયંદર

૧૨. પ. ભ. હર્ષાબહેન પ્રિયકાન્તભાઈ પરીખ - બોરીવલ્લી

૧૩. સ્વ. ચંપાબહેન શાન્તીલાલ પરીખ - બોરીવલ્લી
હસ્તે અનીલભાઈ પરીખ

૧૪. સ્વ. વિક્રમભાઈ નટવરલાલ શાહ (મહેમદાવાદવાળા)
હસ્તે નિરંજનાબહેન નટવરલાલ શાહ

૧૫. ગં. સ્વ. કૈલાસબહેન જસવંતલાલ પટેલ - હાલોલ

૧૬. સુમનચંદ્ર ચીમનલાલ શાહ (ઝનોલ) - ભરૂચ

૧૭. અશ્વિનકુમાર સુમનચંદ્ર શાહ (નીઝામપૂરા) - વડોદરા

૧૮. દુર્ગેશકુમાર સુમનચંદ્ર શાહ (વસ્ત્રાપુર) - અમદાવાદ

૧૯. હસમુખ હરીલાલ શેઠ - વડોદરા

૨૦. શર્મિષ્ટાબહેન હસમુખલાલ શેઠ - વડોદરા

૨૧. શાંતિલાલ નવનીતલાલ દેસાઈ - મુંબઈ

૨૨. કુસુમબહેન શાંતિલાલ દેસાઈ - મુંબઈ

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ (માર્ગીય ક્વિઝ)

સ્કોટ કાર્ડ વય જૂથ

પેર નંબર	નામ	પ્રથમ રાઉન્ડ				બીજો રાઉન્ડ								ત્રીજો રાઉન્ડ								ચોથો રાઉન્ડ							
		પ્રશ્ન			I	પ્રશ્ન					II + I = III			પ્રશ્ન					IV + III = V			પ્રશ્ન					VI + V = VII		
		નં. ૧	નં. ૨	નં. ૩	કુલ	નં. ૧	નં. ૨	નં. ૩	નં. ૪	નં. ૫	કુલ	કુલ	કુલ	નં. ૧	નં. ૨	નં. ૩	નં. ૪	નં. ૫	કુલ	કુલ CF	કુલ	નં. ૧	નં. ૨	નં. ૩	નં. ૪	નં. ૫	કુલ	કુલ CF	કુલ
		૧૦	૧૦	૧૦		૧૨	૪	૬	૮	૧૦				૫	૫	૫	૫	૫				+૫ / −૧૦	+૫ / −૧૦	+૫ / −૧૦	+૫ / −૧૦	+૫ / −૧૦			

ગૌ સેવા

પૂ. પાદ. ગો. આચાર્યશ્રીઓના આશીર્વાદ અને પ્રેરણાથી આં. પુ. વૈષ્ણવ પરિષદે તેના અષ્ટબિંદુઓમાંના એક કાર્ય તરીકે **ગોવર્ધન જતિપુરામાં** (વ્રજમંડળમાં) ગોવર્ધન પાલન, સંરક્ષણ - સંવર્ધનનું કાર્ય ચાલુ કર્યું છે. આ કાર્ય માટે નિ. લિ. પૂ. પાદ શ્રી પ્રથમેશજી મહારાજશ્રી (શ્રી રણછોડલાલજી મહારાજશ્રી) એ શ્રી ગિરિરાજજીની તળેટીમાં પરિક્રમા-માર્ગમાં આપણને જગ્યા અપાવી હતી. ત્યાં ગૌશાળા છે અને ત્યાં લગભગ ૪૦ ગાયો તેમનાથી પ્રાપ્ત થતાં શુદ્ધ અમૃતતુલ્ય દૂધથી રોજેરોજ (નિઃશુલ્કે) શ્રી ગિરિરાજજીને અભિષેક કરાય છે.

આવી ઉત્તમોત્તમ વિત્તજા સેવાનો લાભ લેતા રહો તેવી નમ્ર પ્રાર્થના. ગૌશાળા બધેજ છે. પણ જતિપુરાનું અને શ્રી ગિરિરાજજીનું માહાત્મ્ય એ સ્વ સંપ્રદાય કે ગૃહપ્રત્યેનું આપણું કર્તવ્ય “સ્વર્ધામાંચરણં શકત્યા વિધર્માચ્ચ નિવર્તમ, સ્વધર્મેનિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ”, આદિ ભગવદ્ વાક્યોને ધ્યાનમાં રાખી આપણે સૌ સાથે મળી આ કાર્યને સફળ બનાવીએ.

કહેવાય છે કે “આજનો લ્હાવો લીજીએ રે... કાલ કોણે દીઠી છે !” તેથી આજે જ સેવાનો લાભ લઈ શુભ શરૂઆત કરીએ. જોઈએ તો આપ ઈન્કમટેક્ષની ૮૦ જી છૂટનો લાભ લઈ શકો છો.

આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ તથા શ્રી ગુંસાઈજી ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી ષડ્ઋતુઓના **કીર્તનની કેસેટ**

“શ્યામ ઘટા ઘિર આઈ”

“શીત કાલ સુહાવનો”

“ગ્રીષ્મ યુગલ સુખદાયી”

આ કેસેટની ઘેર બેઠાં પણ કીર્તન શીખી શકાય તે પ્રકારની પુસ્તિકા પણ સાથે આપવામાં આવે છે.

ગૌસેવા તથા કેસેટ માટે મુંબઈ, અમદાવાદ, વડોદરા તથા પરિષદની શાખાઓનો સંપર્ક કરો.

ધર્મ જાગરણ ગીત !

જાગો ! જાગો ! પુષ્ટિ પથિક હે !
જાગો ! હે ફિર વૈષ્ણવતા
ઊઠો ! ઊઠો ! જયઘોષ કરો
મુખરિત હોગી માનવતા
ક્યોં પ્રમાદ જીવનમેં આયા
યહ કલ્મષ ક્યોં મન પર છાયા
અબ પાવન પ્રેમ શિખાદો તુમ
ભાગ જાય જગસે દાનવતા
આહુતિ કી બેલા અબ આઈ
અલસાય ક્યોં વૈષ્ણવ ભાઈ
મનુજો ! બદિ દો ! નિજવલ્લભ પર
લા ઓ ફિર સે શુદ્ધ એકતા.

- પૂ. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ

ધ્વજ ગીત

જય જય મંગલકારક, જય હે ધર્મ પતાકાઃ
જય જય વૈષ્ણવ નાયક, જય હે પાવન ગાથા.
આકાશપેં હમ ફહરાયેંગે, નીચે ન કભી ઝુકને દેંગે,
હો અમર શાન ઉસકી જગમેં, ઈસકે હેતુ મિટ જાયેંગે.
જય જય વૈષ્ણવ નાયક, જય હે પાવન ગાથા.
શ્રીમહાપ્રભુ ઔર પુષ્ટિ માર્ગ કે, ધ્યેયકા વિશ્વ રચાયેંગે
જિસમેં ગૂંજે જયધર્મ હમારા, ઐસા કર દિખલાયેંગે.
જય જય જન હિતકારક, જય હે ભારત ધર્મ પતાકા.
જય હે ! જય હે ! જય હે !

।। શ્રીહરિઃ।।

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશ

(રજિ. એસ. ૧૫૯૦૯)

આજીવન/વાર્ષિક સદસ્ય આર્થિક નિધિ સભ્ય થવાનું ફોર્મ

પૂરું નામ ....

સરનામું ....

મું. પો. .... તાલુકો ....

જિલ્લો .... પીનકોડ ....

ફોન નં. (ઘર) .... (ઓફિસ)................................

જન્મ તારીખ/દિવસ...

આજીવન સભ્ય રૂ. ૫૦૧/-

વા.સ.આ. નિધિ સભ્ય ફી રૂ. ૫૧ + ૫ = ૫૬ રૂ. રોકડા/ચેક નંબર..........................

બેંક...

....

સભ્ય થનારની સહી

તા. - -૨૦૦૧

કોના દ્વારા

ગામ / શહેર

કાર્યાલય નોંધ

શાખા પ્રાંતની રસીદ નં. .... રૂ. ....

તારીખ : ....

....

નાણાં લેનારનું નામ

નોંધ : આ ફોર્મ ભરી પૈસા સાથે નીચેના સરનામે મોકલી આપવા વિનંતી

પ્રા. વી. પી. પરીખ

મંત્રી, આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશ
૧૫, સરદાર સોસાય્ટી, હાલોલ - ૩૮૯૩૫૦ - ફોન નં. (૦૨૬૭૬) ૨૧૩૫૨

શ્રીમદ્ ભગવદ્ ગીતાના સાર રૂપે સૂત્રો

જે થયું તે સારું થયું, જે થઈ રહ્યું છે, તે સારું જ થાય છે અને થવાનું છે, તે સારું જ થવાનું છે. તમે ભૂતકાળ ઉપર દુઃખી ન થાવ, પશ્ચાતાપ ન કરો. ભવિષ્યની ચિંતા ન કરો, વર્તમાનમાં કર્તવ્યપરાયણ રહ્યા કરો.

તમારું શું ગયું છે, કે તમે રડો છો ? તમે શું લઈને આવ્યા હતા, જે તમે ખોઈ નાંખ્યું ? તમે શું પેદા કર્યું હતું, જેનો નાશ થયો ? તમે કશું લઈને આવ્યા ન હતા, જે કાંઈ લીધું તે અહીંથી લીધું, જે કાંઈ આપ્યું તે અહીંથી આપ્યું. જે કાંઈ લીધું તે ભગવાન પાસેથી લીધું, જે કાંઈ આપ્યું તે તેણે જ આપ્યું ખાલી હાથ આવ્યા ને ખાલી હાથ જવાના, જે આજે તમારું છે તે કાલે બીજા કોઈનું થશે, ત્યારબાદ ત્રીજા કોઈનું થશે. જે તમે પોતાનું સમજી તેમાં મગ્ન થઈ રહ્યા છો, આજ બાબત તમારા દુઃખનું કારણ છે.

પરિવર્તન સંસારનો નિયમ છે, જેને તમે મૃત્યુ સમજો છો, એ તો જીવન છે, એક જ ક્ષણમાં તમે કરોડોના માલિક બની જાઓ છો, મને બીજી ક્ષણે દરિદ્ર બની જાઓ છો, મારું-તમારું, નાના-મોટાં, પોતાનું-પારકું આ મનના ભેદ દૂર કરો. આ બધું વિચારથી હટાવી દો, ત્યાર પછી બધું જ તમારું છે, અને તમે બધાના છો.

શ્રીમદ્ વલ્લભ વિશ્વધર્મ સંસ્થા
શ્રી વલ્લભસદન, આશ્રમ રોડ, અમદાવાદ.

॥ શ્રી હરિઃ ॥

પરિષદ કાર્ય - ભગવત્ સેવા

'નિર્ણાયક ઘડી આવી પહોંચી છે. પુષ્ટિ-માર્ગીય વૈષ્ણવ પરિષદનું પ્રત્યેક કાર્ય ભગવત્ સેવા છે. પ્રત્યેક વૈષ્ણવ વારંવાર વિચાર કરે કે આ પુષ્ટિમાર્ગીય સંગઠન માટે હું શું કરી શકું એમ છું ? આ ધાર્મિક સંસ્થા છે. અહીં ભગવાન રહેલા છે. આ સંસ્થાના અલૌકિક કાર્યને ભગવત્ સેવા માની કાર્ય કરો, સેવા માગવાની હોતી નથી. જાતે શોધી લેવાની હોય છે. કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખી પરિષદમાં આવશો નહિ. કામ કરવાનો અહંકાર ન હોય પણ ભગવત્ સેવા કાર્ય ન કરી શકવાનો ક્ષોભ જરૂર થવો જોઈએ. સ્વધર્માચરણની દ્દઢતા અને ત્યાગના બળે જ છેલ્લાં પાંચસો વર્ષથી પુષ્ટિમાર્ગ ટકી રહ્યો છે. ધર્મ માટે સમય નથી. એમ જે કહે છે તેમના માટે ભગવાનને પણ સમય નથી હોતો. ધર્મ પ્રત્યેના સ્વકર્તવ્ય પાલનથી ભગવાન જાતે જ ચાલ્યા આવે છે.

નિ. લી. પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી
(શ્રી પ્રથમેશજી)

ફોન (ઓ) ૨૦૯૧૯
(ઘર) ૨૨૯૧૯

કિશોર કે. શાહ
વનિતા કે. શાહ

ભારવિ ટ્રેડર્સ

જી.આઈ. એસ ડબલ્યુ, સી.આઈ, એમ.એસ, પી.વીસી
તથા કોલમ પાઈપ ફીટીંગ્સ અને ગ્લેઝટાઈલ્સ, સેનેટરી ટબના વ્યાપારી

દુકાન નં. ૮ દ્વારકેશ શોપીંગ સેન્ટર,
બસ સ્ટેન્ડ પાસે, હાલોલ (૩૮૯૩૫૦) જી. પંચમહાલ

મુદ્રક : ગુજરાત ઓફસેટ પ્રા. લી. ફોન : (૦૭૮) ૫૮૩૧૮૧૫